Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् बुद्धिसागरसूरि ग्रन्थमाळा ५१.

# आत्मतत्त्व दर्शन.

रचयिता योगनिष्ठशास्त्रविशारद

जैनाचार्य बुद्धिसागरसूरि.

સાણંદની શ્રાવિકા બેન શકરીએ સં. ૧૯૭૪ ના અસાડ
સુદિ બીજે સાણંદમાં દીક્ષા લીધી તેની સહાયથી

प्रकटकर्त्ता

અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ.

હા. લલ્લુભાઇ કરમચંદ દલાલ.

ચંપાગલી, મુંબાઇ.

વીર. ૨૪૪૪. વિ. સં. ૧૯૭૪.

મૂલ્ય ૦-૮-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વડોદરા-શિયાપુરામાં, શ્રી લુહાણામિત્ર સ્ટીમ પ્રિન્ટિંગ પ્રેસમાં, વિઠ્ઠલભાઇ આશારામ ઠક્કરે પ્રગટકર્ત્તા માટે તા. ૧૦-૮-૧૮ ના રોજ છાપી પ્રસિદ્ધ કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિવેદન.

શ્રીમદ્ બુદ્ધિસાગર ગ્રન્થમાળાના ૫૧ એકાવનમાં મણકા તરીકે આત્મતત્ત્વ દર્શન તરીકે આ પુસ્તક બહાર્ પડે છે તેમાંથી મધ્યસ્થભાવે સત્ય ગ્રહવા પ્રયત્ન કરવો જોઇએ. આ લઘુ પુસ્તકમાં સત્ય ઉહાપોહ કરવામાં આવ્યો છે, વાચકોને તેમાંથી ઘણું ગ્રહણ કરવાનું મળી શકે તેમ છે. આત્મજ્ઞાન પ્રદર્શક જે જે પુસ્તકો બહાર્ પડે છે તેથી જનસમાજને ઘણો લાભ થાય છે માટે અધ્યાત્મ જ્ઞાન-વર્ધક બંધુઓએ તથા બેનોએ પુસ્તકો છપાવવામાં સહાય કરવી જોઇએ એજ તેમનું ખરૂં કર્તવ્ય છે. સાણંદની શ્રાવિકા બાઇ શકરીએ સાદ્વીજી લાભશ્રી પાસે દીક્ષા લીધી તે વખતે તેણીએ અ. જ્ઞા. પ્ર. મં. પુસ્તક છપાવવા ખાતે રૂ. ૧૦૦) આપ્યા. સં. ૧૯૭૪ અષાડ સુદિ બીજે તેણે સાણંદમાં મહોત્સવ પૂર્વક દીક્ષા લીધી, મુનિ દેવેન્દ્ર સાગરજીએ શકરીને દીશા આપી તેણીનું સુનન્દાશ્રી નામ આપ્યું અને વિવેક શ્રીની શિષ્યા તરીકે દીક્ષા આપી. તેમની સહાયથી આ પુસ્તક છપાઇ બહાર પડે છે માટે તેમને ધન્યવાદ આપવામાં આવે છે.

| | |
|---|---|
| મુંબાઇ, ચંપાગલી<br>વિ. સં. ૧૯૭૪. વી. સં. ૨૪૪૪<br>અષાડ સુદિ ૧૫. | અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના

આ પુસ્તકમાં જૈનેતર વેદ વેદાન્તાદિ દર્શનીય શાસ્ત્રોથી આત્માના તત્ત્વોની માન્યતા સિદ્ધ કરવામાં આવી છે અને જૈન તત્ત્વો સંબંધી શ્રી શંકરાચાર્ય વગેરેના વિચારોની સમાલોચના કરવામાં આવી છે અને તેથી જૈનતત્ત્વોની માન્યતા યોગ્ય છે એવી દિશા દર્શાવી છે. દુનિયામાં જેટલાં દર્શનો થયાં તેઓનાં તત્ત્વો વગેરેની માન્યતાઓનું પરસ્પર ખંડનમંડન થયા વિના રહ્યું નથી. એટલું તો ખરૂં કે જો નિષ્પક્ષપાત અને સત્યબુદ્ધિથી સર્વ ધર્મનાં તત્ત્વોને તપાસવામાં આવે અને તેથી અસત્ય તત્ત્વોનું ખંડન થાય તો તેથી વિશ્વ સમાજને હાનિને બદલે લાભ છે પણ તેથી ઉલટું થાય તો વિશ્વ સમાજને લાભને બદલે હાનિ છે. સત્યવાદથી પરસ્પર ધર્મોના સત્ય અને અસત્ય ભાગો દેખવાની મધ્યસ્થ લોકોને સગવડ મળે છે અને તેથી સત્ય તારવી કાઢવામાં આત્મબુદ્ધિ પ્રેરણાયુક્ત બને છે. રાગદષ્ટિથી ધર્મવાદ ખંડનમંડનમાં પ્રવૃત્તિ કરતાં સત્યથી કરોડો ગાઉ દૂર રહેવાય છે. પરસ્પર ધર્મના સ્થાપકોએ અને આચાર્યોએ પરસ્પર ધર્મનાં કરેલાં ખંડનમંડનમાં તેઓ મધ્યસ્થ હતા, વા રાગદ્વેષી હતા કે કેમ ? તે, પુસ્તકો જોવાથી મધ્યસ્થ મહાત્માઓને માલુમ પડયા વિના રહેતું નથી. ધર્મના સ્થાપકો અમુક આવશ્યક સંયોગોમાં અમુક ધર્મની સ્થાપના કરે છે પરંતુ તેમાં પાછળથી સત્યની સાથે અસત્ય આચારો વિચારો પણ ઘુસી જાય છે એમ થોડાઘણા અંશે કોઇ ધર્મમાં થયા વિના રહ્યું નથી એવો કુદરતનો પણ નિયમ છે. હવાડા વગેરેમાં બંધાયલું પાણી ગંદુ થયા વિના રહેતું નથી. તેમ દરેક બંધાયલા ધર્મોમાં પણ ગંદકી સંકુચિતતા થયા વિના રહેતી નથી. મનુષ્યોને ભિન્ન ભિન્ન ખોપરીના લીધે એક સરખા એક ધર્મના વિચારો આચારો પસંદ આવતા નથી તેથી ભિન્ન ભિન્ન ધર્મો પ્રગટયા અને પ્રગટે છે અને પ્રગટશે.

દેવ, ગુરૂ, અને ધર્મ એ ત્રણ તત્ત્વોમાં સર્વ ધર્મની માન્યતાઓનો સમાવેશ થાય છે. સર્વ ધર્મોના શાસ્ત્રોમાં દેવગુરૂ ધર્મ સંબંધી પરસ્પર વિરૂદ્ધ ભિન્ન માન્યતાઓ દર્શાવી છે. તેનો એકમતો ભૂતકાલમાં થયો નથી, વર્તમાનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થતો નથી અને ભવિષ્યમાં થનાર નથી. મનુષ્યો પોતે જે ધર્મને અંગીકાર કરે છે તેને સત્ય માને છે અને અન્યને અસત્ય, અર્ધ સત્ય વગેરે તરીકે માને છે. મનુષ્યનો સ્વભાવ એવો છે કે તે ધર્મ માન્યા વિના રહી શકતો નથી. ચાર્વાક નાસ્તિકો વગેરેએ ધર્મગુરૂ ઇશ્વરની ઉત્થાપના કરી તો પણ દુનિયાનો મોટો ભાગ પોતપોતાની મતિ અનુસારે દેવગુરૂ ધર્મને માને છે અને ભવિષ્યમાં માનશે. જે જે ધર્મના સ્થાપકો થયા તેઓની ભાવના–ઇચ્છા એવી હતી કે અમારો ધર્મ, આખી દુનિયાના મનુષ્યો માને પરંતુ ભિન્ન પ્રકૃતિવાળા મનુષ્યોની આગળ તેઓની ભાવના નકામી ગઇ, જાય છે અને જશે. કુદરતનો એવો નિયમ છે કે જે ઉપજે છે તેનો વિનાશ કરે છે. તે નિયમને અનુસારે વિશ્વમાં પૂર્વે અનેક ધર્મો પ્રગટયા અને વિનાશ પામ્યા, અને પામશે. જે તત્ત્વો અનાદિ કાળનાં છે તે અનંતકાલ પર્યંત રહેવાનાં, બાકીનાં તો નષ્ટ થયા વિના રહેવાનાં નથી. દરેક દર્શનમાં અમુક તત્ત્વોનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય છે, પરંતુ તે તત્ત્વો પણ પરસ્પર ધર્મના તત્ત્વજ્ઞોને વિરૂદ્ધ અસત્ય લાગે છે વા તેમની દૃષ્ટિ પ્રમાણે જણાય છે તેથી બે દુ ચારની પેઠે ધર્મતત્ત્વોની એકસરખી માન્યતા સર્વત્ર અનુભવાતી નથી. બે દુ ચારના ગણિતની પેઠે સર્વ ધર્મો જો હોત તો ધર્મતત્ત્વ સંબંધમાં પરસ્પર હજારો વિરૂદ્ધ મતો પ્રકટી શકત નહીં પણ એમ નથી તેથી અદૃશ્ય તત્ત્વોની માન્યતાભેદે, શાસ્ત્રભેદે, શસ્ત્રયુદ્ધોથી મનુષ્યો પરસ્પર એક બીજાના શત્રુ બની જનસંહાર કરવામાં પણ તત્પર થાય છે. કેટલાક મનુષ્યોને પ્રકૃતિને અનુકુળ ધર્મ પસંદ આવે છે. વેદાન્ત ભાગવત ધર્મમાં પ્રકૃતિને અનુકુળ ધર્મની માન્યતા સંબંધી વિશેષ વ્યવસ્થા દેખાય છે, કેટલાક મનુષ્યોને બુદ્ધિની પ્રધાનતાએ ધર્મ પસંદ આવે છે. બૌદ્ધ વગેરે દર્શનો બુદ્ધિવાદની અપેક્ષાએ ધર્મને માને છે. કેટલાક મનુષ્યોને નિવૃત્તિ ધર્મ સારો લાગે છે. કેટલાક મનુષ્યોને ઇશ્વર કર્તૃત્વવાદવાળો ધર્મ પસંદ પડે છે ત્યારે કેટલાક મનુષ્યોને તેનાથી વિરૂદ્ધ ધર્મ પસંદ પડે છે. કેટલાક મનુષ્યોને સાકાર ઇશ્વર માનવો પસંદ પડે છે ત્યારે કેટલાકોને નિરાકાર ઇશ્વર માનવો પસંદ પડે છે. દૃષ્ટિ સૃષ્ટિવાદ, વિવર્તવાદ, પરિણામવાદ, સ્યાદ્વાદવાદ, એકાંતવાદ, નિત્યવાદ, અનિત્યવાદ વગેરે સર્વે મતો ભિન્ન ભિન્ન બુદ્ધિથી પ્રગટેલા છે તેમાં જેને જે પસંદ પડે છે તે તેને માને છે.

એશિયા, યુરોપ, આફ્રિકા અને અમેરિકા વગેરે ખંડોમાં ભૂતકાલમાં અનેક દર્શનો, ધર્મો થયા, લય પામ્યા, થાય છે અને થશે. ધર્મના સ્થાપકને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાક લોકો પયગંબરના ઉપનામથી સંબોધે છે, કેટલાક ઋષિયો અવતારો અને જૈનો તીર્થંકરો તરીકે ઓળખે છે, કેટલાક કહે છે કે પરમેશ્વર દુનિયામાં મહાત્માઓને ધર્મ સ્થાપવા માટે મોકલે છે. કેટલાક કહે છે કે પરમેશ્વર મોકલતો નથી પરંતુ મહાત્માઓ કેવળજ્ઞાન પામી પરમાત્મા બની સત્યધર્મનો ઉપદેશ આપે છે. એશિયા, યુરોપ વગેરે ખંડોમાં ધર્મના અનેક પંથો વિદ્યમાન છે. આખી દુનિયામાં જૈનધર્મ, બુદ્ધધર્મ, ખ્રીસ્તિધર્મ, મુસલમાનધર્મ, યાહુદીધર્મ, જરથોસ્ત વગેરે મોટા ધર્મો વિદ્યમાન છે અને તેના શાખા ભેદ ધર્મો પણ વિદ્યમાન છે. સર્વ ધર્મના સ્થાપક મહાત્માઓ મોટા ભાગે એશિયાખંડમાં ઉત્પન્ન થયા છે. એશિયાખંડમાં પણ હિન્દુસ્થાન દેશ છે તે ખરેખર સર્વ ધર્મોની ખાણુ ભૂત ગણાય છે. જૈન, વેદ અને બૌદ્ધધર્મના સ્થાપકો હિન્દુસ્થાનમાં થએલા છે. સર્વ ધર્મના સ્થાપકોએ જે જે સિદ્ધાંતો પ્રતિપાદન કર્યા છે તેનો પૂર્ણ અભ્યાસ કરવો જોઇએ. વેદાન્તીઓ પોતાના ધર્મને પ્રાચીન માને છે. બૌદ્ધો પોતાના ધર્મને પ્રાચીન માને છે અને જૈનો પોતાના ધર્મને પ્રાચીન માને છે. દરેક ધર્મનો ઇતિહાસ અવલોકવાથી તેની પ્રાચીનતાનો સત્ય ખ્યાલ આવી શકે છે. લોકમાન્ય તિલક જૈનધર્મની પ્રાચીનતા સંબંધી પોતાના ભાષણમાં જણાવે છે કે " વેદધર્મના જેટલો જૈનધર્મ પ્રાચીન છે બલ્કે તેના કરતાં વિશેષ છે." જૈનધર્મનાં શાસ્ત્રો જણાવે છે કે જૈનધર્મમાંથી વેદવેદાંત ધર્મ પ્રગટયો છે. પ્રાચીન ધર્મ હોય વા અર્વાચીન ધર્મ હોય પરંતુ તેથી કંઇ રાજી થવાનું નથી. જે ધર્મમાં સત્ય આચારો વિચારો હોય અને જેથી સમાજનું કલ્યાણ થતુ હોય અને પરમાત્મપદની પ્રાપ્તિ થતી હોય તો પછી પ્રાચીન અર્વાચીનના વાદમાં ઉતરવાથી કંઇ લાભ નથી. જૈન શાસ્ત્રો, અને હિંદુશાસ્ત્રોનું બારીકીથી મધ્યસ્થ ભાવે અવલોકન કરવાથી ભવ્યાત્માને તેનો વિશેષ ખ્યાલ આવી શકે છે. જૈનધર્મનાં તત્ત્વો આચારો અને વિચારો કેટલા ઉદાર અને વિશ્વ સમાજની ઉન્નતિ કરનાર છે ? તે જે જૈન શાસ્ત્રોનો અનુભવ કરે છે તે જાણી શકે છે. દાણા ભેગી કાંકરી હોય છે, સુવર્ણ ભેગી રજ હોય છે, વસ્ત્રમાં પણ મલીનતા થાય છે, તેમ દરેક ધર્મમાં પરંપરાએ જે કંઈ અસત્યની મિશ્રણતા થએલી હોય તેને પારખવી જોઇએ. દરેક ધર્મનો ઉપર્યુક્તદષ્ટિએ અભ્યાસ કરવામાં આવે તો આર્યાવર્તમાં તથા યુરોપ વગેરે દેશોમાં જે ધર્મના નામે અધર્મ અસત્યનો પ્રવેશ થએલ છે તે સમજાય અને તેથી અંધશ્રદ્ધાનો નાશ થાય તથા તેટલા અંશે સત્યધર્મની શોધ પણ કરી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મધ્યસ્થ વાચકે દરેક ધર્મના સ્થાપકના જીવનનો અભ્યાસ કરવો જોઇએ. તેનામાં ચારિત્ર્ય કેવું હતું, રાગદ્વેષ અજ્ઞાન વગેરે દુર્ગુણો કેટલા અંશે હતા અને સત્ય આદિ ગુણો કેટલા અંશે ખીલ્યા હતા. મહિમા ચમત્કાર વગેરે પર ખ્યાલ ન આપતાં તેના આત્માની કેટલા અંશે શુદ્ધિ થઇ હતી તે પર ખાસ લક્ષ્ય દેવું. રાષ્ટ્રની પેઠે ધર્મો પણ પ્રસંગો પામીને સ્થપાયા કરે છે માટે તે ક્ષેત્ર કાલ અવસ્થા આદિનો પણ વિચાર કરવો જોઇએ. રાજ્યની પેઠે ધર્મ સ્થાપકો પ્રવર્તકો પણ દુનિયામાં પોતાના ધર્મને સ્થાપવા અનેક યુક્તિઓ કરે છે અને જન સમાજને પોતાના ધર્મમાં વાળવા ધર્મ-યુદ્ધનો પણ ઉપયોગ કરવા ચુકતા નથી, ઇત્યાદિ વાતોને ધ્યાનમાં લઇને સર્વ ધર્મના સ્થાપકોના પ્રવર્તકોના ઇતિહાસો વાંચવા જોઇએ, અને ધર્મ સ્થાપકોના મૂલ આશયોને ગ્રહવા જોઇએ, પશ્ચાત્ સિદ્ધાંતોની તુલના કરવી જોઇએ. ઇત્યાદિ ધ્યાનમાં રાખીને ધર્મની પરીક્ષા કરવાથી સંકુચિત દૃષ્ટિનો નાશ થાય છે અને સર્વ ધર્મના શાસ્ત્રોમાંથી સત્યભાગ જોવામાં કોઇ જાતનો અવરોધ આવતો નથી. પોતાનાં બોર મીઠાં અને પારકાં ખાટાં એમ તો સર્વ ધર્મવાળાઓ રાગ મોહમાં મુંઝાઇને કથે છે, તેમજ પોત પોતાનાં ધર્મનાં શાસ્ત્રોને પૂર્ણ સત્ય તરીકે જાહેર કરે છે પરંતુ એમ કહેવા માનવાથી અન્યધર્મના શાસ્ત્રોના સત્યપર દાટો મારવામાં આવે છે અને તેથી આત્મા હૃદયની વિશાલતા શુદ્ધિ થતી નથી અને તેથી પરમાત્મપદની પ્રાપ્તિમાં અનેક અજ્ઞાનના પડદાઓ આવે છે, માટે રાગદ્વેષનો ત્યાગ કરીને ધર્મશાસ્ત્રો-દ્વારા ધર્મ તત્ત્વોનો અનુભવ કરવો જોઇએ. દેશ ધર્મ, સમાજ ધર્મ, નીતિ, રાષ્ટ્રધર્મ, મોક્ષધર્મ વગેરેનું સમ્યગ્ સ્વરૂપ પ્રતિપાદન કરનારા પરમાત્મા તીર્થંકર પ્રભુઓના ઉપદેશોનો અનુભવ કરવો જોઇએ. રાગદ્વેષનો સર્વથા ક્ષય કરીને જેણે ત્રણ ગુણની પેલી પાર કેવલ જ્ઞાન પામીને ઉપદેશ આપ્યો છે એવા ચોવીશમા તીર્થંકરમહાવીર પ્રભુના સિદ્ધાંતોનું શ્રવણ વાચન મનન કરીને આત્માદિ તત્ત્વોનો અનુભવ મેળવવો જોઇએ. શ્રી મહાવીર પ્રભુએ કેવલ જ્ઞાન પ્રાપ્ત કરીને સર્વ ધર્મોમાં રહેલા સત્યોને અપેક્ષાએ સમજાવ્યાં છે અને તેથી સર્વ ધર્મોનો સત્યોમાં જે મતકદાગ્રહ હતો તે દૂર કર્યો છે, તેથી ગુરૂગમ લેઇ જે કોઇ જૈનાગમોને વાંચશે તે આત્માદિ તત્ત્વોના સત્યને પામશે અને સર્વ ધર્મોપર થતા રાગદ્વેષને દૂર કરી સમભાવ પ્રાપ્ત કરી પરમાત્મપદ પ્રાપ્ત કરશે એમ મને અનુભવ આવે છે. ધર્માદિ સર્વ બાબતોના અપેક્ષાવાદને સમજાવી મતકદાગ્રહ પક્ષપાત અજ્ઞાનતાને દૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરાવનાર શ્રી મહાવીર પ્રભુના ઉપદેશની જેટલી સ્તુતિ કરીએ તેટલી થોડી છે. દરેક આત્મ બંધુએ શ્રી મહાવીર પ્રભુએ ઉપદેશેલ જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, વગેરે યોગોનું જ્ઞાન કરવું જોઇએ.

શ્રી મહાવીર પ્રભુએ અસંખ્ય યોગોની આરાધના વડે મુક્ત થવાનું દર્શાવ્યું છે. તેમાં જ્ઞાન, દર્શન, અને ચારિત્ર એ ત્રણ યોગ મુખ્ય છે એ ત્રણનો પણ જ્ઞાનયોગમાં અને કર્મયોગમાં ( ક્રિયાયોગ પ્રવૃત્તિયોગ ) સમાવેશ થાય છે. શ્રી મહાવીર પ્રભુનાં ઉપદેશ રહસ્યો છે તે આગમોમાં અને નિગમોમાં જળવાઇ રહ્યાં છે. અધ્યાત્મજ્ઞાનીઓ, ધર્મશાસ્ત્રોનો અનુભવ કરીને તેમાંથી સત્યની ખૂબીઓ બહાર પાડે છે. શ્રીઋષભાદિક ત્રેવીશ તીર્થંકરોના ઉપદેશનો શ્રી મહાવીર પ્રભુના ઉપદેશમાં અભેદ જ્ઞાનભાવે સમાવેશ થાય છે તેથી મહાવીર પ્રભુએ સ્થાપન કરેલા જૈનધર્મમાં સર્વ ધર્મોનો સમાવેશ થવાથી અન્યધર્મની અપેક્ષા રહેતી નથી. વેદાદિ સર્વ ધર્મશાસ્ત્રોના શ્રી મહાવીરપ્રભુ સર્વ જ્ઞાતા હતા તેથી તેમાં વેદાદિ ધર્મશાસ્ત્રોની સત્યતા આવી જાય છે તેથી મહાવીર પ્રભુનાં વચનોને વેદરૂપ માનવામાં આવે છે. શ્રી મહાવીર પ્રભુએ પોતાના સમયમાં ચાલનાર સર્વ ધર્મોનાં સત્યોનો પોતાના ઉપદેશમાં સમાવેશ કર્યો છે તેથી વાચકોને અન્યશાસ્ત્રોના સત્ય માટે અન્ય-શાસ્ત્રો જોવાની જરૂર રહેતી નથી, તેમ છતાં જોવામાં આવતાં છતાં પણ શ્રી મહાવીર પ્રભુના ઉપદેશથી કંઇ વિશેષ જણાતું નથી. તેમ છતાં અન્ય-ધર્મશાસ્ત્રો વાંચવાની જરૂર છે કે જેથી વીતરાગ સર્વજ્ઞનો બોધ પરિપૂર્ણ ખ્યાલમાં આવી શકે. શ્રી મહાવીર પ્રભુનાં સત્યોની અપેક્ષા સમજીને વિશ્વવર્તિ સર્વધર્મશાસ્ત્રો વાંચવામાં આવે છે તેથી સર્વ ઠેકાણે રહેલા અનેક સત્યાંશોનું ગ્રહણ થાય છે અને તેથી હઠ કદાગ્રહથી કોઇ ધર્મનું ખંડન થતું નથી અને અન્ય ધર્મીઓને પણ સતાવવામાં આવતા નથી. આ ગ્રન્થમાં સાપેક્ષપણે અન્ય ધર્મશાસ્ત્રોની સાપેક્ષ દૃષ્ટિએ જૈન તત્ત્વોની માન્યતાઓની સત્યતા માટે ઉહાપોહ કર્યો છે તે વાચકોએ મધ્યસ્થ ભાવે વાંચવો જોઇએ અને તેમાંથી સત્ય ગ્રહણ કરવું જોઇએ. રજોગુણ અને તમોગુણની બુદ્ધિ પરિહરીને સાત્વિક બુદ્ધિ પ્રાપ્ત કરવી જોઇએ. પક્ષપાત, ધર્મ રાગાંધતા વગેરેનો ત્યાગ કરીને આત્માદિ તત્ત્વોનો ધ્યાન સમાધિથી પૂર્ણ અનુભવ કરવો જોઇએ. સર્વ ધર્મશાસ્ત્રોમાં આત્મા, પરમાત્મા, કર્મ વગેરે તત્ત્વોનું થોડા ઘણા અંશે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જૈનશાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલ આત્મા, પરમાત્મા, મોક્ષ, કર્મ વગેરે તત્ત્વોનો અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાપેક્ષ દૃષ્ટિયોએ અનુભવ કરવા આ લઘુ ગ્રન્થ પણ ઐતિહાસિ દૃષ્ટિએ ઉપયોગી થાઓ. એટલું કહી પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે.

ૐ अर्हशान्तिः સં. ૧૯૭૪, વિજાપુર અષાડ સુદિ ૫

## મુનિ શ્રી દેવેન્દ્રસાગરજીએ દેહોત્સર્ગ કર્યો.

દેહોત્સર્ગ સ્મરણ-સં. ૧૯૭૪ અષાડ સુદિ ૧૩.

મુનિશ્રી દેવેન્દ્ર સાગરજીએ સં. ૧૯૬૮ ના માઘમાસમાં રાણપુરમાં દીક્ષા લીધી હતી. વ્યાકરણ ન્યાય કાવ્ય વગેરે શાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કર્યો હતો. ધર્મશાસ્ત્રોમાં પણ દક્ષતા પ્રાપ્ત કરી હતી. પાંચ છ વર્ષમાં અપ્રમત્તપણે અભ્યાસ કર્યો હતો તેથી ભવિષ્યમાં સારા વિદ્વાન્ થવાનો સંભવ હતો. સં. ૧૯૭૪ નું ચોમાસું સાણંદમાં કરવા ગયા હતા, પરંતુ અશુભ કર્મોદયથી અષાડ સુદિ બીજ ત્રીજથી તાવ શરૂ થયો અને તેમાંથી સન્નિપાત થયો તેથી અષાડ સુદિ બારસની રાત્રીએ પાંચ વાગ્યાના આશરે ક્ષણભંગુર દેહનો ત્યાગ કરીને તેઓ પરભવમાં ચાલ્યા ગયા-યોગાભ્યાસમાં તેઓ પ્રવીણ થયા હતા. વૈરાગી હતા. શાસ્ત્ર પ્રેમી હતા. અધ્યાત્મજ્ઞાની હતા ક્રિયાપાત્ર બ્રહ્મચારી હતા-સાણંદના સંઘે અંત્ય સમયની ક્રિયાનો મહોત્સવ સારો કર્યો હતો, તેમના મૃત્યુથી અનેક જૈનોના હૃદયમાં શોક પ્રગટયો હતો. સાણંદ, વીજાપુર, માણસા ગેરીતા, ગવાડા વગેરે ઠેકાણે પાખીઓ પડી હતી. પૂજાઓ ભણાઇ હતી. તે ગેરીતાના વતની હતા. શ્રીરંગસાગરજી, ભક્તિસાગરજી, જીતસાગરજી અને દેવેન્દ્રસાગરજી એમ ચારનો એક વર્ષમાં દેહોત્સર્ગ થવાથી સાગર સંઘાડામાં ઉત્તમ સાધુઓની ખોટ પડી છે તેઓના આત્માને શાંતિ મળો. જૈનસંઘમાં શાંતિ થાઓ. ૐ शान्तिः ૩.

સં. ૧૯૭૪ અષાડ વદિ ૧૧ વિજાપુર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી ગ્રન્થમાળામાં પ્રગટ થયેલા ગ્રન્થો.

| | પૃષ્ઠ | |
|---|---|---|
| ૧. ક ભજન સંગ્રહ ભાગ ૧ લો. ... ... | ૨૦૦ | ૦–૮–૦ |
| ૧. અધ્યાત્મ વ્યાખ્યાનમાળા. ... ... ... | ૨૦૬ | ૦–૪–૦ |
| ૨. ભજનસંગ્રહ ભાગ ૨ જો. ... ... ... | ૩૩૬ | ૦–૮–૦ |
| ૩. ભજનસંગ્રહ ભાગ ૩ જો. ... ... ... | ૨૧૫ | ૦–૮–૦ |
| ૪. સમાધિ શતકમ્ ... ... ... ... | ૩૪૦ | ૦–૮–૦ |
| ૫. અનુભવ પચ્ચિશી.... ... ... ... | ૨૪૮ | ૦–૮–૦ |
| ૬. આત્મપ્રદીપ. ... ... ... ... | ૩૧૫ | ૦–૮–૦ |
| ૭. ભજનસંગ્રહ ભાગ ૪ થો. ... ... ... | ૩૦૪ | ૦–૮–૦ |
| ૮. પરમાત્મદર્શન. ... ... ... ... | ૪૩૨ | ૦–૧૨–૦ |
| ૯. પરમાત્મજ્યોતિ. ... ... ... ... | ૫૦૦ | ૦–૧૨–૦ |
| ૧૦. તત્ત્વબિંદુ. ... ... ... ... | ૨૩૦ | ૦–૪–૦ |
| ૧૧. ગુણાનુરાગ. ( આવૃત્તિ બીજી ) ... ... | ૨૪ | ૦–૧–૦ |
| ૧૨–૧૩. ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા. | ૧૯૦ | ૦–૬–૦ |
| ૧૪. તીર્થયાત્રાનું વિમાન (આ.બીજી) ... ... | ૬૪ | ૦–૧–૦ |
| ૧૫. અધ્યાત્મ ભજનસંગ્રહ ... ... ... | ૧૯૦ | ૦–૬–૦ |
| ૧૬. ગુરૂબોધ. ... ... ... ... | ૧૭૨ | ૦–૪–૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાનદીપિકા. ... ... ... ... | ૧૨૪ | ૦–૬–૦ |
| ૧૮. ગહુંલી સંગ્રહ. ... ... ... ... | ૧૧૨ | ૦–૩–૦ |
| ૧૯–૨૦. શ્રાવકધર્મસ્વરૂપ ભાગ ૧–૨ ( આવૃત્તિ ત્રીજી ) | ૪૦–૪૦ | ૦–૧–૦ |
| ૨૧. ભજન પદ સંગ્રહ ભાગ ૬ ઠ્ઠો. ... ... | ૨૦૮ | ૦–૧૨–૦ |
| ૨૨. વચનામૃત. ... ... ... ... | ૩૦૮ | ૦–૧૪–૦ |
| ૨૩. યોગદીપક. ... ... ... ... | ૨૬૮ | ૦–૧૪–૦ |
| ૨૪. જૈન ઐતિહાસિક રાસમાળા.... ... ... | ૪૦૮ | ૧–૦–૦ |
| ૨૫. આનન્દઘન પદ ભાવાર્થ સંગ્રહ. ... ... | ૮૦૮ | ૨–૦–૦ |
| ૨૬. અધ્યાત્મ શાન્તિ (આવૃત્તિ બીજી) ... ... | ૧૩૨ | ૦–૩–૦ |
| ૨૭. કાવ્યસંગ્રહ ભાગ ૭ મો. ... ... ... | ૧૫૬ | ૦–૮–૦ |
| ૨૮. જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ. ... | ૯૬ | ૦–૨–૦ |
| ૨૯. કુમારપાલ ચરિત્ર (હિંદી) ... ... ... | ૨૮૭ | ૦–૬–૦ |
| ૩૦. થી ૩૪. સુખસાગર ગુરૂગીતા. ... ... | ૩૦૦ | ૦–૪–૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ૩૫. ષડ્દ્રવ્ય વિચાર. ... ... ... ... | ૨૪૦ | ૦—૪—૦ |
| ૩૬. વિજાપુર વૃત્તાંત. ... ... ... ... | ૯૦ | ૦—૪—૦ |
| ૩૭. સાબરમતી કાવ્ય. ... ... ... ... | ૧૯૬ | ૦—૬—૦ |
| ૩૮. પ્રતિજ્ઞાપાલન. ... ... ... ... | ૧૧૦ | ૦—૫—૦ |
| ૩૯—૪૦—૪૧. જૈનગચ્છમત પ્રબંધ.સંઘપ્રગતિ. જૈનગીતા. | | ૧—૦—૦ |
| ૪૨. જૈન ધાતુપ્રતિમા લેખ સંગ્રહ.... ... ... | | ૧—૦—૦ |
| ૪૩. મિત્રમૈત્રી. ... ... ... ... | | ૦—૮—૦ |
| ૪૪. શિષ્યોપનિષદ્. ... ... ... ... | | ૦—૨—૦ |
| ૪૫. જૈનોપનિષદ્. ... ... ... ... | ૪૮ | ૦—૨—૦ |
| ૪૬-૪૭. ધાર્મિક ગદ્યસંગ્રહ તથા પત્રસદુપદેશ. ભાગ ૧ લો. | ૯૭૬ | ૩—૦—૦ |
| ૪૮. ભજનપદ સંગ્રહ ભાગ ૮ મો. ... ... ... | | |
| ૪૯. કર્મયોગ. ... ... ... ... ... ... | | |
| ૫૦. શ્રીમદ્ દેવચંદ્રજી પ્રથમભાગ. ... ... ... | ૧૦૨૮ | ૨—૦—૦ |
| ૫૧. આત્મતત્ત્વ દર્શન. ... ... ... ... | | |

## નીચેના ગ્રન્થો પ્રેસમાં છપાય છે.

૧ શ્રીમદ્ દેવચંદ્રજી ગ્રન્થસંગ્રહ. દ્વિતીયભાગ. ભારત સહકાર શિક્ષણ.

## નિચલા સ્થળે પુસ્તકો મળે છે.

મુંબાઇ, પાયધુણી. બુકસેલર–મેઘજી હીરજી.
,, ચંપાગલી. અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# भिन्नभिन्न दर्शनोथी आत्मानी व्याख्या.

ભિન્નભિન્ન દર્શનોમાં આત્માની જુદા જુદા પ્રકારની વ્યાખ્યા લખેલી છે. આત્માની એક સરખી વ્યાખ્યામાં સર્વ દર્શનોનો એક સરખો મત મળતો નથી. જૈનદર્શન વસ્તુતઃ અનંત આત્માઓ માને છે. પ્રતિ શરીર ભિન્નભિન્ન આત્મા છે. આત્મા બે પ્રકારના છે. સંસારી આત્માઓ અને બીજા સિદ્ધ પરમાત્માઓ. જ્ઞાનાવરણીયાદી કર્મ સહિત જે આત્માઓ છે તે સંસારી આત્માઓ છે અને કર્મ રહિત જે આત્માઓ થયા છે તે સિદ્ધ પરમાત્માઓ ગણાય છે. જૈનદર્શન આત્માઓના ત્રણ ભેદ પાડે છે. બહિરાત્માઓ, અન્તરાત્માઓ અને પરમાત્માઓ. જે આત્માઓ બાહ્ય જડવસ્તુ શરીરાદિને આત્મા માને છે તે ભ્રાંત છે માટે બહિરાત્મ બુદ્ધિયોગે બહિરાત્મા ગણાય છે. જે આત્માઓ પોતાને જ્ઞાનદર્શન ચારિત્ર સ્વરૂપ અને સચ્ચિદાનંદ સ્વરૂપ માને છે, પરંતુ રાગ દ્વેષ રહિત થયા નથી પરંતુ આત્માનું શુદ્ધ સ્વરૂપ અંશે અંશે પ્રાપ્ત કરે છે તે અન્તર આત્માઓ ગણાય છે. આત્મજ્ઞાનીઓ છે તે અન્તરાત્માઓ ગણાય છે. સમ્યગ્ દષ્ટિવંતો, દેશ વિરતિયો, સર્વ વિરતિધર સાધુઓ અને અપ્રમત્ત સાધુઓ છે તે અન્તરાત્મા ગણાય છે. અન્તર આત્માઓ ચારઘાતીકર્મનો ક્ષય કરે છે ત્યારે તેઓ દેહસ્થ કેવલી પરમાત્માઓ બને છે અને ચાર અઘાતીકર્મનો ક્ષય કરે છે, ત્યારે સિદ્ધ પરમાત્માઓ બને છે. આવી જૈનદર્શનની મુખ્ય માન્યતા છે. જૈનાગમો તત્ત્વજ્ઞાનદષ્ટિએ જગત્ આત્માઓ, પરમાત્માઓ, કર્મ જડપદાર્થોને વસ્તુતઃ દ્રવ્યપણે અનાદિકાલથી માને છે. જૈનાગમોમાં આત્માઓ, જડતત્ત્વો અનાદિકાલનાં છે એમ અનેક યુક્તિઓથી, હજારો પ્રમાણોથી સિદ્ધ કર્યું છે. જૈનદર્શનની માન્યતા પ્રમાણે અન્તરાત્માઓને અને દેહસ્થ જીવનમુક્ત પરમાત્માઓને દેહપર્યંત ઉપદેશાદિ કર્તવ્ય કર્મો કરવાની ફરજ અદા કરવી પડે છે. આત્માને બ્રહ્મ કહેવામાં આવે છે. જૈનદર્શન જેમ અનંત આત્માઓનો સ્વીકાર કરે છે, તેમ વૈદિક સાંખ્યદર્શન અને કણાદ–નૈયાયિક દર્શન તથા આર્ય સમાજીઓ પણ વેદ માન્યતા પ્રમાણે અનન્ત આત્માઓનો સ્વીકાર કરે છે. મુસલમાનો તથા ખ્રીસ્તિઓ તથા રામાનુજ પંથીઓ પણ અનંત જીવોનો–આત્માઓનો સ્વીકાર કરે છે. અડતાલીશ ક્રોડ બૌદ્ધો પણ અપે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષાએ-પર્યાયદૃષ્ટિએ અનંત આત્માઓને ક્ષણિક માનીને સ્વીકારે છે. ફક્ત શંકરાચાર્યમતાનુયાયી વેદાન્તીઓ એક આત્માનો સ્વીકાર કરે છે. જૈનો અનાદિકાળથી જગત્ છે એમ માને છે, તેનો કર્ત્તા અન્ય કોઇ ઇશ્વર નથી એમ માને છે. જૈનદર્શનની પેઠે શંકરાચાર્ય પણ વસ્તુતઃ તત્ત્વદૃષ્ટિએ જગત્ના કર્ત્તા તરીકે ઇશ્વરને માનતા નથી. અદ્વૈતસિદ્ધિ-ચિત્સુખી વગેરે ગ્રંથોમાં જગત્નો કર્ત્તા ઇશ્વર નથી એમ પ્રતિપાદન કર્યું છે. શંકરાચાર્ય ગુપ્ત રીતે બૌદ્ધોના જ્ઞાનવાદને માનતા હતા એમ રામાનુજાચાર્ય જણાવે છે તેથી એમ સિદ્ધ થાય છે કે તેમણે ઉપનિષદો પર સાંખ્યાચાર્યોની કરેલી ટીકાઓ તથા ભગવદ્ગીતા પર સાંખ્યાચાર્યોની કરેલી ટીકાઓને દબાવી દેઇને સ્વમતાનુકુલ તે ઉપનિષદો પર અને ભગવદ્ગીતા પર ટીકા કરી તથા બ્રહ્મસૂત્ર પર ટીકા કરી. જે બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા અને દશોપનિષદો એ પ્રસ્થાનત્રયીના આધારે શંકરાચાર્ય એક આત્મા-એક બ્રહ્મનું પ્રતિપાદન કરે છે તે પ્રસ્થાનત્રયીપર ટીકા કરીને રામાનુજ જગત્કર્ત્તા ઇશ્વર સિદ્ધ કરે છે અને અનંત આત્માઓ સિદ્ધ કરે છે તથા ભગવાનના અંશ તરીકે જડ જગત્ને સિદ્ધ કરે છે. એજ પ્રસ્થાનત્રયીપર ટીકા કરીને મધ્વાચાર્ય આત્મા અને જડ એ બે વસ્તુની સિદ્ધિ કરે છે અર્થાત્ તે દ્વૈતમતની સિદ્ધિ કરે છે. એજ પ્રસ્થાનત્રયીને માની નિંબાર્ક તથા વલ્લભાચાર્ય પોતાની ભિન્ન માનતાઓને સિદ્ધ કરે છે તેમજ તેજ ભગવદ્ ગીતા અને ઉપનિષદોના જુદા અર્થ કરીને આર્ય સમાજીઓ પોતાના મતની સિદ્ધિ કરે છે અને અનંત આત્માઓ સ્વીકારે છે તથા શંકરાચાર્યના અદ્વૈતવાદનું, રામાનુજના વિશિષ્ટાદ્વૈતવાદનું, મધ્વાચાર્યના દ્વૈતવાદનું, નિંબાર્કના દ્વૈતાદ્વૈતવાદનું અને વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતનું ખંડન કરે છે, ત્યારે પ્રશ્ન થાય છે કે પ્રસ્થાનત્રયીનો કોણ સત્યાર્થ કરે છે? તેનું સમાધાન કોઇનાથી થઇ શકે તેમ નથી. સાંખ્યાચાર્યો વેદની શ્રુતિયોને પચ્ચીસ તત્ત્વની સિદ્ધિ તરફ અનુકુળ કરે છે, ત્યારે અદ્વૈતવાદીઓ તેજ વેદની શ્રુતિયોનો અર્થ ભિન્ન કરીને પોતપોતાના મતાનુકુળ કરે છે તેથી તત્ત્વો સંબંધી એક સરખી માન્યતા ખરેખર વેદ, ઉપનિષદો અને પુરાણોથી સિદ્ધ થતી નથી. અદ્વૈતવાદી સાંખ્યદર્શન, નૈયાયિકદર્શન, વૈશેષિકદર્શન, પાતંજલદર્શન, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત-શુદ્ધાદ્વૈત, આર્ય સમાજ, દાદુપંથી, રામાનંદી વગેરે એકજ શ્રુતિઓ, ઉપનિષદોનો ભિન્ન ભિન્ન મત જણાવે છે તેથી અસલ વેદની શી માન્યતા હતી, તેનો નિર્ણય થઇ શકતો નથી. શામવેદ સંહિતાના પત્ર ૭૬ માં **ब्रह्माणि** એ વેદ પરથી અનંત આત્માઓની સિદ્ધિ થાય છે. એકજ આત્મા હોત તો બ્રહ્મ એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનાંત પદ મૂકત પરંતુ અનેક આત્માઓ હોવાથી **ब्रह्माणि** પદ મૂક્યું છે. આર્ય સમાજીઓ વેદની મૂળ સંહિતાથી અનંત આત્માઓ સિદ્ધ કરે છે તેથી સિદ્ધ થાય છે કે સર્વજ્ઞ શ્રી વીરપ્રભુએ અનંત આત્માઓનું સ્વરૂપ વર્ણવ્યું છે તેમાં વેદ શ્રુતિયો પણ અનુકુલ છે. જગત્કર્તા ઇશ્વર નથી તે સંબંધમાં સર્વ ઉપનિષદોનું દોહન કરીને ભગવદ્ ગીતા બનાવી છે એમ વેદાન્તીઓના ગ્રંથોમાં જણાવ્યું છે. કહ્યું છે કે **सर्वोपनिषदोगावो, दोग्धागोपालनन्दनः पार्थोवत्सः सुधीर्भोक्ता, दुग्धंगीतामृतंमहत्** ॥ સર્વ ઉપનિષદો અર્થાત્ શંકરાચાર્યે પૂર્વની દશ ઉપનિષદો ગાયો છે. શંકરાચાર્ય વિ. સ. ૭૪૫ માં વિદ્યમાન હતા. એ દશ ઉપનિષદો રૂપ ગાયોને ગોપાલનંદ કૃષ્ણે દોઇ તેમાંથી ગીતામૃત નીકળ્યું. અર્જુન વાછરડો છે અને સુધી અર્થાત્ જ્ઞાની તેનો ભોક્તા છે. શ્રી કૃષ્ણ ભગવદ્ ગીતાના પંચમાધ્યાયના ૧૪-૧૫ શ્લોકમાં નીચે પ્રમાણે જણાવે છે—

**नकर्तृत्वंनकर्माणि, लोकस्य सृजति प्रभुः**
**नकर्मफलसंयोगं, स्वभावस्तु प्रवर्तते** ॥ १४ ॥

**नादत्तेकस्यचित्पापं, नचैवसुकृतं विभुः**
**अज्ञानेनावृत्तंज्ञानं तेन मुह्यन्तिजन्तवः** ॥ १५ ॥

આ બે શ્લોકોનો લોકમાન્ય તિલક નીચે પ્રમાણે જગતનો કર્ત્તા ઇશ્વર નથી એમ અર્થ સિદ્ધ કરે છે. પ્રભુ અર્થાત્ પરમાત્મા પરબ્રહ્મ-જીવોના લોકોના કર્તૃત્વને અને જીવોના કર્મને અને જીવોને પ્રાપ્ત થતા કર્મફલ સંયોગનો કર્ત્તા નથી. સ્વભાવથી જગત્-જીવો અનાદિકાલથી છે. પરબ્રહ્મ પરમાત્મા કોઇના પાપ અને પુણ્યને લેતો નથી. અજ્ઞાનથી જેનું જ્ઞાન આચ્છાદિત થએલું છે એવા લોકો ઇશ્વરને જગતનો કર્ત્તા અને સુખ દુઃખ ફલ દેનાર તથા પુણ્ય પાપ લેનાર રૂપ મોહબુદ્ધિ માનીને મુંઝાય છે. લો. મા. તિલક મહારાજ એમ કહે છે કે સાંખ્ય મત પ્રમાણે એ બે શ્લોકો છે. અમે લોકમાન્ય તિલક મહારાજને પુછીએ છીએ કે ભગવદ્ગીતાના પહેલા છ અધ્યાય તત્ત્વજ્ઞાનના છે. શ્રી કૃષ્ણને જો તે માન્ય ન હોત તો તેઓ બે શ્લોકવડે જગત્ કર્તા ઇશ્વર નથી એમ શા માટે કહેત? માટે શ્રી કૃષ્ણને જગત્કર્ત્તા ઇશ્વર માન્ય નહોતા અર્થાત્ શ્રી કૃષ્ણ જગતનો કર્ત્તા ઇશ્વર છે એમ માનતા નહોતા પરંતુ અનાદિકાલથી જગતના સ્વભાવે જગત્ છે એમ શ્રી કૃષ્ણ માનતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતાં તેથી **स्वभावस्तुप्रवर्तते** એમ કથીને જગત્‌નું અનાદિપણું સિદ્ધ કર્યું છે. શ્રી કૃષ્ણ કહે છે કે-લોકોના કર્મોને ઇશ્વર સ્રજતો નથી. બનાવતો નથી અને લોકોના શુભાશુભ કર્મફલ સંયોગ તે પણ ઇશ્વર બનાવતો નથી. ખ્રીસ્તિઓ વગેરે કેટલાક ધર્મવાળાઓની એવી માન્યતા છે કે ઇશ્વર છે તે જીવોનાં પુણ્યને અને પાપને લેઇ જીવોને મુક્ત કરે છે તેથી લોકોમાં ઇશ્વરાર્પણ-કૃષ્ણાર્પણ-બ્રહ્માર્પણ કહેવાની પ્રવૃતિ ચાલે છે પરંતુ શ્રી કૃષ્ણ કહે છે કે પ્રભુ કોઇનું પાપ લેતો નથી. તેમ કોઇના પુણ્યને લેતો નથી. ઇશુક્રાઇસ્ટ કહે છે કે હું પ્રભુનો દૂત છું. લોકોનાં પાપ લેઇને લોકોને હું પવિત્ર કરૂં છું. પરંતુ અત્ર શ્રી કૃષ્ણ કહે છે કે અન્ય જીવોનાં-આત્માઓનાં પાપ પુણ્ય લેવાને જ્યારે પરમાત્મા ઇશ્વર સમર્થ નથી તો ઇશુક્રાઇસ્ટ તો ક્યાંથી સમર્થ થઇ શકે વારૂ ? જે જીવે જેવાં કર્મ કર્યાં હોય છે તેને તે તે કર્મ ભોગવવાં પડે છે. વેદાન્ત મતમાં કહ્યું છે કે:-**कृतकर्मक्षयोनास्ति-कल्पकोटिशतैरपि, अवश्यमेवभोक्तव्यं-कृतंकर्म शुभाशुभम्** ॥ સેંકડો કોટિ કલ્પોએ પણ કરેલ કર્મનો ભોગવ્યા વિના ક્ષય થતો નથી. અવશ્ય કરેલાં કર્મો ભોગવવાં પડે છે પુણ્ય અગર પાપ, જેવું કર્મ કર્યું હોય છે તેવું ભોગવવું પડે છે. કર્મના બંધનમાંથી બ્રહ્મા-વિષ્ણુ મહેશ્વરાદિ પણ છૂટી શકતા નથી માટે શ્રી કૃષ્ણ ઉપરના શ્લોકમાં કહે છે કે જીવોનાં પુણ્ય અગર પાપ તે ઇશ્વર લેતા નથી. અનાદિકાલથી જીવો કર્મ કરે છે અને તેને ભોગવે છે તેમાં કોઇનો છૂટકો થતો નથી. શ્રી કૃષ્ણજી કહે છે કે અજ્ઞાની લોકો કે જેનું જ્ઞાનાવરણીયાદિ કર્મથી જ્ઞાન આચ્છાદિત થયું છે તે લોકો તત્ત્વજ્ઞાનથી વિમુખ થઇને ઇશ્વર જગત્‌નો કર્તા છે, તે પુણ્ય પાપ ફલપ્રદાતા છે એમ માને છે એમ સ્પષ્ટ જણાવે છે. શ્રી કૃષ્ણની ખરી તત્ત્વ માન્યતા ઉપરના તેમના કહેલા શ્લોક પ્રમાણે હતી અને તે માન્યતાને અનેક તીર્થંકરો કેવલજ્ઞાનથી પ્રરૂપે છે. શ્રી કૃષ્ણ અંતરાત્મા હતા. શ્રી નેમિનાથ બાવીશમા તીર્થંકર કે જેમને કેટલાક બાલ્યાવસ્થાથી તે બ્રહ્મચારી હોવાથી ઘોરઋષિ કહેતા હતા તેમના ભક્ત શ્રી કૃષ્ણ હતા.

ભગવદ્‌ગીતા ત્રીજા અધ્યાયના ૨૭ મા તથા ૨૮ શ્લોકમાં ઇશ્વરનું અકર્તૃત્વ પ્રતિપાદન કર્યું છે. તે નીચે મુજબઃ-

**प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणिसर्वशः ।**
**अहंकारविमूढात्मा कर्त्ताहमिति मन्यते ॥ २७ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रकृतेर्गुणसंमूढाः सज्जन्तेगुणकर्मसु ।
तानकृत्स्नविदोमन्दान् कृत्स्नविन्नविचालयेत् ॥ २९ ॥

अनादित्वान्निर्गुणत्वात् परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपिकौन्तेय न करोति नलिप्यते॥ अ. १३–३१ ॥

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ।
परंभावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥ अ. ७–२४ ॥

ઇત્યાદિ ભગવદ્ગીતાના સાંખ્યમતના શ્લોકોથી જગત્ કર્તા ઇશ્વર નથી એમ સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણને જો સાંખ્યમત માન્ય ન હોત તો તેઓ ભગવદ્ગીતામાં એ પ્રમાણે અકર્તૃત્વેશ્વરવાદનું પ્રતિપાદન કરતજ નહીં. માટે ઉપર્યુક્ત શ્લોકોના પ્રમાણથી જગત્કર્ત્તા ઇશ્વર નથી એમ સિદ્ધ થાય છે. જગત્કર્ત્તા ઇશ્વર નથી એના દાખલા તરીકે લોકમાન્ય તિલક મહારાજે કર્મયોગ રહસ્યના અધ્યાત્મ વિષયમાં પત્ર ૨૧૦ મામાં ઉપર પ્રમાણે ઉપરના શ્લોકો ટાંકી બતાવ્યા છે તેથી વેદાન્ત દર્શનના આધારે ઇશ્વર જગત્ કર્ત્તા તરીકે સિદ્ધ થતા નથી. વેદાન્તદર્શન બ્રહ્મ વિના સર્વ જડ પદાર્થોને અસત્ માને છે તો ત્યાં નિયમ એવો છે કે સત્ એવા બ્રહ્મ થકી અસત્ જડ જગત્ની ઉત્પત્તિ થઈ શકેજ નહીં. અદ્વૈતવાદિયોના મત પ્રમાણે એક બ્રહ્મ વિના અન્ય કશું નથી. **सर्वे खल्विदं ब्रह्म** એ શ્રુતિથી અદ્વૈતવાદિયો જે સર્વ છે તે બ્રહ્મ માને છે તો તે સંબંધી કહેવાનું કે, જ્યારે એક બ્રહ્મ વિના અન્ય કશું નથી તો જડ જગત્ તો ક્યાંથી હોઇ શકે ? જ્યારે જડ જગત્ આકાશ પુષ્પવત્ અસત્ છે તો તેનો બનાવનાર ઇશ્વર બ્રહ્મ ક્યાંથી હોય ? અર્થાત્ તેમના મત પ્રમાણે જગત્ કર્તા ઇશ્વર નથી એમ સત્ય વિદ્વાનો જાણે છે. માને છે તેથી અદ્વૈત વાદમાં ઇશ્વર જગત્ કર્ત્તા છેજ નહીં. **प्रकृतिः कर्त्री पुरुषस्तु पुष्करपलाशवन्निर्लेपः** પ્રકૃતિ કર્ત્રી છે. પુરૂષ અર્થાત્ બ્રહ્મ પરમાત્મા તો કમલપત્ર સમાન નિર્લેપ છે. તે કર્ત્તા નથી એમ વેદશ્રુતિ ડિંડિમ્ વગાડીને જાહેર કરે છે, છતાં કેટલાક અદ્વૈતવાદિયો જગત્ કર્તૃત્વ ઇશ્વરને માને છે એ માયાથી અર્થાત ભ્રાન્તિથી માને છે. વસ્તુતઃ માનતા નથી. બૌદ્ધો તથા વેદના મંત્રોને માનનારા મીમાંસકો કર્મને ઇશ્વર માને છે. **कर्मेश्वरामीमांसकाः** મીમાંસકો કર્મને ઇશ્વર માને છે. કોઇ એમ કહેશે કે, સાંખ્યો તો ઉપનિષદ્કાલ પછીથી થયા તેથી તેમનો મત માન્ય નથી, એમ જો કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે તો તેનું કથન યોગ્ય નથી. કારણ કે, વેદાન્ત સૂત્રના કર્તાની પૂર્વે હતા તથા ઉપનિષદો રચાયાની પૂર્વે સાંખ્યો હતા. ભગવાન્ શ્રી ઋષભદેવના સમયમાં કપિલે સાંખ્ય મતની પ્રરૂપણા કરી છે તેથી જૈનદર્શનથી બીજા નંબરે સાંખ્યદર્શન પ્રાચીન ઠરે છે. તેનું વર્ણન મહાભારતમાં આવે છે. મહાભારતના સમયમાં સાંખ્યોનું પ્રબલ હતું તેથી મહાભારતમાં સાંખ્ય તત્ત્વોની વ્યાસે પ્રરૂપણા કરી છે. ઉપનિષદો પૂર્વે સાંખ્યમત વિદ્યમાન હતો. ઉપનિષદ્કારોએ સાંખ્યની માન્યતાઓને ગ્રહણ કરી છે. ઉપનિષદ્કાલની પૂર્વે જગત્ અનાદિકાલથી સ્વભાવે છે તેનો કર્તા કોઇ નથી એવી માન્યતા હતી. ઉપનિષત્કાલમાં વા તે પૂર્વે જગત્નું કારણ કોઇ સ્વભાવને માનતા હતા. કેટલાક કાલને માનતા હતા અને કેટલાક ઇશ્વરને માનતા હતા તે સંબંધી કૃષ્ણ યજુર્વેદીય શ્વેતાશ્વતરોપનિષત્ના છઠા અધ્યાયમાં નીચે પ્રમાણે લખ્યું છે:—

**स्वभावमेकेकवयोवदान्ति कालंतथान्येपरिमुह्यमानाः ।**
**देवस्यैषमाहिमानुलोके येनेदं भ्राम्यते ब्रह्मचक्रम् ॥ १ ॥**

કેટલાક કવિઓ અર્થાત્ જ્ઞાનિ ઋષિયો સ્વભાવને જગત્નું કારણ કહે છે. અન્ય કેટલાક કાલને જગત્નું કારણ કથે છે. કેટલાક કે જેઓનું અજ્ઞાનથી જ્ઞાન આચ્છાદન થએલું છે, એવા ચારે તરફથી મુંઝાયેલાઓ આ દેવનો મહિમા છે એમ માને છે કે જે દેવ વડે આ બ્રહ્મચક્ર ભમાય છે. આ શ્લોકના અનેક અર્થો થાય છે. તથાપિ અત્ર ત્રણ કારણોને જણાવ્યાં છે. સ્વભાવથી જગત્ અનાદિકાળથી છે એમ અનાદિકાળથી જૈનદર્શન કથે છે. રાગદ્વેષ રહિત શુદ્ધ પરમાત્માને જગત્ બનાવવાનું કંઈ પ્રયોજન નથી. કોઇ એમ કહેશે કે પ બ્રહ્મને જગત્ રચવાની ઇચ્છા થાય છે તેના ઉત્તરમાં કહેવાનું કે અશુદ્ધને ઇચ્છા ઉત્પન્ન થાય છે પણ જે સત્વ રજોગુણ અને તમોગુણથી લેપાયો નથી, તેને ઇચ્છા થઇ શકે નહીં. પ્રકૃતિમાંથી ઇચ્છા થઇ શકે છે પણ શુદ્ધ બ્રહ્મમાંથી ઇચ્છા પ્રગટતી નથી. વેદાન્તી શંકરાચાર્ય શ્રી વિદ્યારણ્ય સ્વામી પંચદશીમાં શિષ્ય ગુરૂના સંવાદમાં નીચે પ્રમાણે જણાવે છે. પંચદશી ગુજરાતી પ્રેસમાંથી બહાર પડયું છે. તેમાં નીચે મુજબ વ્યાખ્યા છે. વિદ્યારણ્ય શંકરાચાર્ય પોતે ગુરૂ બનીને ઉત્તર આપે છે અને શિષ્યની પાસે ઉત્તર કરાવે છે.

**શિષ્ય**—મારાથી તો જગત્નું નિરૂપણ થઇ શકતું નથી, તો પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાય કુસુમાંજલિમાં ઉદયનાદિક આચાર્યોએ જગતકર્ત્તા ઇશ્વરનું નિરૂપણ કર્યું છે ખરૂં.

ગુરૂ—તારા પૂજ્ય ઉદયનાદિક આચાર્યો જગત્‌ના નિરૂપણ વિષે અભિમાન રાખે છે. તેમનું ખંડન હર્ષમિશ્રાદિકોએ ખંડનખંડખાદ્યમાં, ચિત્સુખીમાં, અદ્વૈતસિદ્ધિમાં, બ્રહ્મવિદ્યાભરણમાં તથા બીજા અનેક ગ્રંથોમાં સારી રીતે કર્યું છે ને તે એના ( ઇશ્વરકૃત જગત્ મતને ) મતને સાતડે સાત કરી દીધો છે એવો કે તેઓ ખડાપણ થઇ શકતા નથી. ખરી રીતે ઉદયનાદિક પણ જગત્‌નું નિરૂપણ કરી શકયા નથી. પત્ર ૧૫૮ પંચદશી.

આ ઉપરથી વિવેકી વાચકો સમજી શકશે કે શંકરાચાર્યના માયાવાદમાં ઉંડા ઉતરી જોવામાં આવે છે, તો છેવટે જગત્ નથી અને જગતનો કર્તા ઇશ્વર નથી. એક અદ્વિતીય બ્રહ્મ છે બીજું કશું નથી એમ સિદ્ધ થાય છે. શંકરાચાર્યના મતમાં ઇન્દ્રજાલિકની પેઠે પ્રથમ બાલજીવોને સમજાવવા સારૂ મિથ્યા આરોપે છે. જગત્‌કર્ત્તા ઇશ્વરની કલ્પના કરી છે, પણ છેવટે તેને ઉડાવી દીધી છે. આ ઉપરથી વાચકોએ સમજવું કે જગત્‌કર્ત્તા તરીકે ઇશ્વર સિદ્ધ થતો નથી. કેવલાદ્વૈતવાદિયો અદ્વૈત બ્રહ્મ માને છે પરંતુ તેઓના શાસ્ત્રોના આધારે રામાનુજ, મધ્વ, નિંબાર્ક, વલ્લભ, સ્વામી દયાનંદ વગેરે આચાર્યો દ્વૈતની માન્યતા સ્વીકારે છે. શંકરાચાર્યે જે અદ્વૈતની સિદ્ધિમાં શ્રુતિઓ આપેલી છે, તેને રામાનુજાદિક આચાર્યો દ્વૈતની. સિદ્ધિમાં પ્રતિકુલ કરે છે. તેથી કોનો વિચાર પ્રમાણ માનવો તેમાં ગોટાળો ઉત્પન્ન થાય છે, અને શ્રુતિથી એકજ નિર્ણય તારવી કઢાતો નથી. ઉપર પ્રમાણે વિવેચન કરતાં વેદ શ્રુતિઓના આધારે ઉપનિષદોના આધારે અનંત આત્માઓની સિદ્ધિ કરવામાં આવી. જૈનશાસ્ત્રોમાં અનંત આત્માઓની સિદ્ધિમાં હજારો પ્રમાણો આપવામાં આવ્યા છે. જગત્‌નો કર્ત્તા ઇશ્વર નથી તે સંબંધમાં ઉપર પ્રમાણે પ્રમાણો જણાવ્યાં. ભગવદ્‌ગીતામાં **નકરોતિ** ઇશ્વર–પરમાત્મા જગત્‌ને કરતો નથી, તેમજ **નલિપ્યતે** ઇશ્વર પરમાત્મા લેપાયમાન થતો નથી એમ સ્પષ્ટ જણાવ્યું છે. જે પદાર્થો અનાદિકાલના હોય છે તેનો કોઇ કર્ત્તા નથી, એમ સિદ્ધ સત્ય નિયમ છે. જેની ઉત્પત્તિ છે તેની આદિ છે. જેની ઉત્પત્તિ નથી તે અનાદિ છે. જેમ બ્રહ્મ આત્મા તેની પેઠે પ્રકૃતિને (જગતને) ભગવદ્‌ગીતામાં અનાદિ જણાવવામાં આવ્યું છે. જુઓ ભગવદ્‌ગીતા ૧૩–૧૯ શ્લોક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**प्रकृतिंपुरुषंचैव विद्धयनादीनुभावपि ।**
**विकारांश्चगुणांश्चैव विद्धि प्रकृतिसंभवान ॥ १९ ॥**

**प्रकृति** અને **पुरुष**. આત્મા એ બે તત્ત્વ અનાદિકાલનાં છે. જીવ અને અજીવ-જડ અને આત્માઓ બે તત્ત્વો અનાદિ છે. **पुरुष** કહેવાથી સર્વે આત્માઓનું સાંખ્ય મતાનુસારે ગ્રહણ થાય છે અને **प्रकृति**માં ધર્માસ્તિકાયાદિ પાંચ જડ દ્રવ્યનું ગ્રહણુ થાય છે. અજ્ઞાન, રાગદ્વેષ, મિથ્યાત્વ, આઠ દ્રવ્ય કર્મ, કાર્મણાદિ શરીર, પુદ્‌ગલ દ્રવ્યના સર્વ પર્યાયો વગેરે પરિભાષાઓનો **प्रकृति**માંજ સમાવેશ થાય છે, કે જેથી જૈન દર્શનની અપેક્ષાએ **प्रकृति**ને અને માયાને અમુક અપેક્ષાએ કર્મ કહીએ તો ચાલી શકે તેમ છે. વેદાન્તીઓએ માયાને વા માયારૂપ જગતને પણ અનાદિ કલ્પ્યું છે. આ પ્રમાણે અવલોકતાં અવબોધાશે કે જડ અને આત્મતત્ત્વ બે અનાદિકાલથી સિદ્ધ કરે છે. બે તત્ત્વો અનાદિકાલનાં છે તેથી કોઇ તત્ત્વનું કોઇ તત્ત્વકર્તા નથી. કહ્યું છે કે **नासतो विद्यते भावो, नाभावो विद्यते सतः** ( ભ. ગી. ) અસતની ઉત્પત્તિ થતી નથી અને સત્ બ્રહ્મ, પ્રકૃતિ એ બે અનાદિ કાલનાં છે તેનો અભાવ થતો નથી. માયાને અસત્ માનવામાં આવે તો માયાથી જગતની ઉત્પત્તિ થાય નહીં. જગત્ સત્ છે. જો તે આકાશ પુષ્પવત્ અસત્ છે એમ માનવામાં આવે તો અનેક દોષો તેમનામાં આવે માટે જગતને સત્ માનવું જોઇએ. મૂલ દ્રવ્યરૂપે આત્માઓ અને જડ પદાર્થો અનાદિકાલના છે એમ ભગવદ્‌ગીતાના આધારે સિદ્ધ થાય છે. ઋગ્વેદ આદિથી પણ જગત્ કર્ત્તા ઇશ્વરની સિદ્ધિ થતી નથી. ઋગ્વેદના કેટલાક મંત્રોમાં જગતની ઉત્પત્તિ સંબંધી અનેક શંકાઓ ઋષિયોએ કરેલી છે તેમાંથી થોડાક મંત્રો નીચે પ્રમાણે આપવામાં આવે છે.

## सूक्त

**नासदासीन्नो सदासीत्तदानीं नासीद्रजो नो व्योमा परोयत् ।**
**किमावरीवः कुहकस्यशर्मन्नम्भः किमासीद्गहनं गभीरम् ॥१॥**

મૂલારંભમાં આ જગત્ અસત્ નહોતું તેમ સત્ પણ નહોતું. અંતરિક્ષ નહોતું. આકાશ નહોતું. કોણે આચ્છાદન કર્યું ? કયાં કોના સુખ માટે અગાધ ગહન જલ કયાં હતું ? ( આ મંત્રના ઋષિએ ઇશ્વર જગત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્તા કહ્યો નથી. ઉલટું તે તો શંકામાં છે. જ્યારે જગત્ સત્ નહોતું, અસત્ નહોતું ત્યારે કેવું હતું ? તેનો નિર્ણય આમંત્ર દ્રષ્ટાએ જાણ્યો નથી.)

**न मृत्युरासीदमृतं न तर्हि नराऽग्याअह्नआसीत्प्रकेतः**
**आनीदवातं स्वधयातदेक तस्माद्धान्यन्न परः किंचनास ॥२॥**

મૃત્યુ પણ નહોતું. અમૃત પણ નહોતું. દશ્ય સૃષ્ટિ પણ નહોતી. રાત્રી અને દિવસનું ચિહ્ન નહોતું–વાયુ વિના એકલો શ્વાસોચ્છ્વાસ સ્ફુરતો હતો. એના વિના કોઇ નહોતું. ( સમીક્ષા ) જ્યારે સૃષ્ટિ વગેરે કોઇ નહોતું ત્યારે "નહોતું એમ બોલનાર" ઋષિ કયાં હતા–તેમનું શરીર હતું કે નહોતું ? તેમણે કંઇ નહોતું એમ શાથી જાણ્યું ? જે જે વસ્તુઓ નહોતી એમ નિષેધ કર્યો છે તે તે વસ્તુઓના જ્ઞાનથી કર્યો છે કે અજ્ઞાનથી ? જો તે વસ્તુઓને દેખીને નિષેધ કર્યો છે તો વદતો વ્યાઘાત દૂષણ આવે છે. જો દેખ્યા વિના નિષેધ કર્યો છે તો તે તે વસ્તુઓનો દેખ્યા વિના નિષેધ થાય નહીં એવો દોષ આવે છે. માટે બે રીતે પણ આ સૂક્તની સત્યતા સિદ્ધ થતી નથી.

**तमआसीत् तमगूढमग्रेऽप्रकेतं सलिलं सर्वमा इदम् ।**
**तुच्छेनाभ्वविहिनं यदासीत् तपसस्तमहिनाऽजायतैकम् ॥३॥**

અન્ધકાર હતું. અંધકારથી વ્યાપ્ત ભેદાભેદ રહિત જલ હતું. તુચ્છથી આભુ આચ્છાદિત હતું. તપના મહિમાથી એક બ્રહ્મ પ્રગટયું હતું. સમીક્ષા. આ મંત્રમાં પણ બ્રહ્મપર અર્થાત્ ઇશ્વરપર માયાનું આચ્છાદન હતું તેથી આત્મા અને કર્મ એ બે હતાં પણ ઇશ્વરે જગત્ રચ્યું એવું કંઇ જણાવ્યું નથી. મનુષ્યાદિ આકાર વિના તપ કોણે કર્યું તે આ મંત્રથી સ્પષ્ટ નિર્ણય થતો નથી.

**कामस्तदग्रे समवर्तताधि मनसोरेतः प्रथमं यदासीत् ।**
**सतोबन्धुमसति निरविन्दन् हृदिप्रतीष्या कवयोमनीषा ॥४॥**

પ્રથમથી કામ પ્રગટયો તેજ આરંભમાં નિર્માણ કરવાની શક્તિ રૂપ થયો. મનનું રેત પ્રથમ હતું. મૂલ સત્માં વિનાશી દ્રવ્યનો એ રીતે સંબંધ થયો એમ જ્ઞાનીઓ બુદ્ધિથી કહે છે. (સમીક્ષા) આ સૂક્ત સ્ત્રીના ગર્ભમાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવ કેવી રીતે ઉત્પન્ન થાય છે તેની ઘટનાને લાગુ પડે છે–ગર્ભાશયમાં બ્રહ્મ અર્થાત્ આત્મા ઉત્પન્ન થાય છે તે વખતે તે મનયોગે શરીરથી નીકળતા રેતથી ઉત્પન્ન થાય છે તેના વર્ણનને ઉપરના શ્લોકો લાગુ પડે છે. આથી ઇશ્વર કૃત જગત્ છે એમ સિદ્ધ થતું નથી.

**तिरश्चीनो विवतोरश्मिरेषाम् अधः स्विदासीदुपरिस्विदासीत्।**
**रेतोधाआसन् महिमानआसन् स्वधाअवस्तात् प्रयतिः परस्तात् ॥५॥**

એમાં ધાગો આડો ફેલી ગયો. એ નીચે પણ હતો અને ઉપર પણ હતો. વીર્યના નીચે હતો તેનો મહિમા થયો અર્થાત્ તેમાં આત્મા સ્વકર્મથી આવી ઉપજ્યો અને તે મોટો થયો. એની શક્તિ ગર્ભમાં ફેલાઇ અને તેથી તે ગર્ભ શરીરમાં વ્યાપ્ત થયો. સમીક્ષા આ પાંચમા સૂક્તની પિંડમાં ગર્ભગત જીવમાં પ્રરૂપણા છે.

**कोअद्धावेद क इह प्रवोचत कुत आजात कुतइयंविसृष्टिः**
**अर्वाग्देवाअस्य विसर्जनेना थको वेद यत आबभूव ॥६॥**

એનો પ્રચાર કયાંથી આવ્યો ? અને તેમાં વિસ્તાર પ્રચારથી કોણ રહેશે ? એને કોણ નિશ્ચયથી જાણે છે. ગર્ભમાં કોણ ઉત્પન્ન થશે ( જે સર્વજ્ઞ કેવલી પરમાત્મા વિના કોણ જાણી શકે તેમ છે ) દેવ પણ એના વિસર્ગ પછી થયા છે–પછીથી તે કોણ જાણશે.

**इयंविसृष्टि र्यत आबभूव यदिवादधेयदिवान**
**कोअस्याध्यक्षः परमेव्योमन् सोअंग वेद यदिवानवेद ॥७॥**

સતનો ફેલાવ જ્યાંથી થયો ત્યાંથી તે નિર્મિત કર્યો ગયો છે કે નહીં ? પરમ આકાશમાં રહેવાવાળો આને અધ્યક્ષ તે આને જાણતો હશે કે નહીં ? તે કોણ કહી શકે ?

એ પ્રમાણે ઉપરના ઋગ્વેદના સાત સૂક્તોથી ઇશ્વિર–બ્રહ્મ–જગત્ સંબંધી કંઇ નિશ્ચય થએલો જણાતો નથી. આનો અધ્યક્ષ આ જગતને જાણતો હશે કે કેમ ? તેની પણ આ સૂક્તના કર્તા ઋષિને શંકા છે તો તેથી જગત્ કર્તા ઇશ્વિર–બ્રહ્મ છે એવું વેદમંત્રોથી જણાતું નથી. વેદમંત્રોનો તાણીખેંચીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તે રીતે મનમાનતો અર્થ કરવામાં તે સર્વદર્શનના વિદ્વાનો સમર્થ થઇ શકે છે તેથી કંઇ સત્યાર્થનો નિશ્ચય થાય નહીં. ગર્ભમાં ઉપજેલા જીવના વર્ણનને કેટલેક અંશે આ સૂક્તો મળતાં આવે છે. બાકી બ્રહ્માંડની રચનામાં તો આથી કંઇ સિદ્ધ થતું નથી. આના સૂક્તના શંકાશીલ કર્તાઓને સર્વજ્ઞ કહી શકાય નહીં. તે કાલમાં જેવા ઋષિયોના વનોમાં રહેતા વિચારો પ્રગટયા હતા તેવા તેઓએ ગાઇ બતાવ્યા હતા. વૈદિક ઋષિયોમાં જગતની રચના વિષે અનેક મતો હતા. જેમકે—**एकंसद्विप्रा बहुधा वदन्ति** ( ઋ. ૧–૧૬૪–૪૬ ) બ્રહ્મ અર્થાત્ આત્મા એક છે તેને પંડિતો અનેક પ્રકારે કહે છે. અર્થાત્ આત્માની પરમાત્માની ભિન્ન ભિન્ન પ્રકારે પંડિતો વ્યાખ્યા કરે છે. **एकंसन्तं बहुधा कल्पयन्ति** ( ઋ. ૧–૧૧૪–૫ ) પંડિતો બહુ પ્રકારે કલ્પે છે. કોઇ ઠેકાણે તેનાથી વિરૂદ્ધ નીચે પ્રમાણે કહ્યું છે. **देवानां पूर्व्ये युगे असतः यद्जायत (ऋ. १०–७२–७)** દેવતાઓની પૂર્વે અસત્થી સત્ થયું આમાં અસત્થી સતની ઉત્પત્તિ જણાવી છે તેની સાથે ( ભગવદ્ગીતાના ) **नासतोविद्यतेभावो, नाभावोविद्यतेसतः** અસત્થી સત્ થતું નથી અને સત્થી અસત્ થતું નથી. એ કહેલા શ્લોકની સાથે વિરોધ આવે છે. શંકરાચાર્યે ઉપનિષદોમાંથી **इदंसदग्रमासीत्** પહેલાં સત્ હતું એવું જે કહ્યું છે તેની સાથે પણ વિરોધ આવે છે. એ પ્રમાણે ઋગવેદમાં ભિન્ન ભિન્ન ઋષિયોની ઋચાઓમાં પરસ્પર વિરોધી એવાં ઘણાં વચનો છે તેથી ઇશ્વરકૃત જગત્ છે એવો નિર્ણય કરી શકાતો નથી પશ્ચાત્ પક્ષપાતથી કદાગ્રહ વશથી પંડિતો ગમે તેવી કુયુક્તિયોથી પોતાનો પક્ષ સિદ્ધ કરવા પ્રયત્ન કરે તેથી કંઇ તત્ત્વનો નિશ્ચય થતો નથી. હાલમાં પ્રચલિત બ્રાહ્મણના વેદોના સાયણ, મહીધર વગેરે વિદ્વાનોએ સમ્યગ્ અર્થ કર્યો નથી. લોકમાન્ય તિલકે ઉત્તરધ્રુવ યાને મૃગશીર્ષ નક્ષત્ર નામનું પુસ્તક રચીને સાયણ મહીધરની વેદ ટીકાના અર્થને મૂલમંત્રના આશયથી વિરૂદ્ધ છે એમ સિદ્ધ કરી બતાવ્યું છે. અસલમાં શ્રી ઋષભદેવના સમયમાં શ્રી ભરતરાજાએ ચાર વેદો રચ્યા હતા અને તેમાં સર્વજ્ઞ પરમાત્મા શ્રી ઋષભદેવે જે તત્ત્વોનો ઉપદેશ દીધો હતો તેનું વર્ણન હતું તથા તેમાં આર્ય જૈન સોળ સંસ્કારના મન્ત્રોનું વર્ણન હતું. પાછળથી નવમા અને દશમા સુવિધિનાથના સમયમાં બ્રાહ્મણોએ વેદ શ્રુતિયોમાં ફેરફાર કરી દીધો અને અનેક હિંસામયાદ શ્રુતિયોનો વધારો કર્યો ત્યારથી તે વેદોની માન્યતા સંબંધી જૈનોની શ્રદ્ધા કમ થવા લાગી અને ઉપયોગી આર્યવેદોની શ્રુતિયોને જુદી કાઢી તેના ગ્રન્થો બનાવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાંથી હાલ કેટલાક જૈનવેદ શ્રુતિમંત્રો વિદ્યમાન છે તેથી જૈનધર્મની પ્રાચીનતા સંબંધી વાચકોને સહેજે ખ્યાલ આવશે કે હાલ જે હિંદુવેદો ગણાય છે તેની પૂર્વે તો જૈનધર્મ વિદ્યમાન હતો. બાવીશમા શ્રી અરિષ્ટ નેમિનાથ પછી અને તેવીશમા તીર્થંકર તાર્ક્ષ્ય શ્રી પાર્શ્વનાથના સમયમાં જે જે ઋષિયો થયા તેઓએ પોતાના નામથી અનેક મન માનતા વિષયોનાં ગાનો બનાવી વેદોમાં દાખલ કરી તેઓને શ્રુતિના નામથી પ્રસિદ્ધ કર્યાં. નેમિનાથ પછી અને પાર્શ્વનાથના સમય લગભગમાં વેદોમાં વામમાર્ગીઓની શ્રુતિયોનો યજ્ઞ હિંસાર્થે પ્રક્ષેપ થયો. પહેલાં વેદોના મંત્રોને લખવાનો પ્રચાર નહોતો. વેદો લખવાનો પ્રચાર તો શ્રી મહાવીરસ્વામી પછી કેટલેક વર્ષે થયો. બ્રાહ્મણ ભાગપણ પાછળથી લખાયો. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ કરનાર પાણિની પૂર્વે તથા તે પછી પણ કેટલાક સૈકા સુધી વેદની સંસ્કૃત અપભ્રંશભાષા બોલવાનો ઋષિયોમાં પ્રચાર હતો; ડો. મેક્ષમુલર વગેરે પાશ્ચાત્ય વિદ્વાનો ઋગ્વેદ રચાયા તે કાલ ઇ. સ. પૂર્વે એક હજાર વર્ષ લગભગનો માને છે. અર્થાત્ તેવીસમા તીર્થંકર શ્રી તાર્ક્ષ્ય પાર્શ્વનાથની પૂર્વે બસે વર્ષ લગભગનો માને છે, અને તે ભાષા પણ સંસ્કૃત ભાષાને ઘણી રીતે મળતી હોવાથી તેની પૂર્વનો કાલ માની શકાતો નથી. કોઇપણ ભાષા પ્રગટે છે તેનીપર બસે ત્રણસે વર્ષ પછીથી તેને સુધારીને તેનું સંસ્કૃત વ્યાકરણ રચાય છે. દાખલા તરીકે ગુજરાતી ભાષા, હિન્દી ભાષા, મરાઠી ભાષાઓનો પ્રચાર થયા પછી બસે ત્રણસે વર્ષે તેનું વ્યાકરણ રચીને તેને સંસ્કારિત ભાષા કરવામાં આવે છે. વૈદિક ભાષા પણ સંસ્કૃત ભાષાની પૂર્વે ચાર પાંચ સૈકાથી પ્રચલિત થએલી હોવી જોઇએ અને પાણિનિ પછી પણ તે વૈદિક ભાષા તરીકે તે વર્ગમાં પ્રચલિત રહેતાં તે ઉપર બ્રાહ્મણ ગ્રન્થો કલ્પસૂત્રો વગેરે લખાયલાં હોવાં જોઇએ. વિ. સં. પૂર્વે બસે ત્રણસે વર્ષ લગભગમાં પાણિનિ આચાર્ય થએલા લાગે છે તે પછી બસે વર્ષ લગભગમાં પતંજલિ થએલા લાગે છે એમ કેટલાક ઇતિહાસજ્ઞો સિદ્ધ કરે છે. વેદમાં મુખ્ય દેવ તરીકે સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ વગેરેનું વર્ણન આવે છે. નિરાકાર પરમાત્મા તરીકે બ્રહ્મનું વર્ણન આવે છે. ઋગ્વેદ અને યજુર્વેદમાં પરમાત્માની સ્તુતિ, દુષ્ટોને મારવાની પ્રાર્થના, મેઘની પ્રાર્થના વગેરે અધિકાર આવે છે. ઋગ્વેદ કાલમાં બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, ગણપતિ, વિનાયક, ભૈરવ, નૃસિંહ, કૃષ્ણ, રામ, વાસુદેવ વગેરેનું વર્ણન આવતું નથી. પરંતુ જ્યારે શ્રીમહાવીર પ્રભુના અને ગૌતમબુદ્ધના સમયમાં જૈનોનું અને બૌદ્ધોનું જોર વધવા લાગ્યું ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાછળથી પૈરાણિકોએ આર્યસમાજીઓના મત પ્રમાણે સૂર્યને વિષ્ણુ નામના એક દેવ ઠરાવ્યા. મેઘને મહાદેવના રૂપકમાં વર્ણવી દેવ ઠરાવ્યા અને વાયુને બ્રહ્મા નામના દેવ ઠરાવી તેને દેવોનું રૂપક આપી બાકીનો સર્વ ભાગ ગોઠવી દીધો. જુઓ પુનાથી નીકળતો ચિત્રમયજગત્ માસિકનો ગુજરાતી અંક માર્ચ ૧૯૧૭. તેમાં ઋગ્વેદ સંબંધી કેટલાક વિચારો એ નામના લેખમાં નીચે પ્રમાણે લખ્યું છે.—લે. પાંડુરંગ કાશીનાથ પેંડસે.

" ઋગ્વેદમાં, ઉષા, સૂર્ય, પર્જન્ય એ દેવતાઓના સૂક્તમા સૃષ્ટિવર્ણન કર્યું છે. પૃષન્ એ વેદમાંની કૃષિ દેવતા છે. નિરૂક્તકાર યાસ્કના વખતમાં વેદોના અર્થની પરંપરા તૂટેલી હોવી જોઇએ. એ યાસ્ક પ્રણીત નિરૂક્તપરથી સ્પષ્ટ સમજાય છે. નિરૂક્ત એટલે સ્પષ્ટીકરણ અર્થાત્ વ્યાખ્યાન. નિઘંટુ નામે વૈદિક શબ્દ કાલનું નિરૂક્ત એટલે ટીકા છે. નિરૂક્તમાં નિઘંટુ કોષને સમામ્નાય એવી સંજ્ઞા આપી છે. યાસ્કના સમયમાં વેદોના અર્થ સમજવા દુર્ઘટ થયા હતા. યાસ્કના સમયમાં કુત્સમુનિ વેદોના અર્થજ ન કરાય એવા મક્કમ પક્ષના હતા. કુત્સમુનિની પેઠે તે વખતના ઋષિયોને વેદોના અર્થ કરવાનું રૂચ્યું નહીં. તેની પરંપરા મીમાંસકોના નામથી પાછળથી પ્રસિદ્ધ થઇ. યાસ્ક મુનિ એમ લખે છે કુત્સુ મુનિ તો એમ કહેતા હતા કે, **निरर्थकावेदाः** અર્થ વિનાના વેદો છે ( આવા અજ્ઞાન જમાનામાં વામમાર્ગીઓમાં હિંસાની શ્રુતિયો દાખલ કરી હોય એમ જણાય છે. ) યાસ્કે પરિવ્રાજક પક્ષનું ખંડન કર્યું. યાસ્ક કહે છે કે ઇન્દ્રસૂક્ત વર્ણનમાં ઇતિહાસ વર્ણન બિલકુલ નથી. તેમાં ઇન્દ્ર એ રાજા નથી. વૃત્ર એ અસુર નથી. પણ કાળાં કાળાં મેઘ વાદળાં અથડાઇને વિજલીના કડકડાટમાં વર્ષા કર્મ શરૂ થાય છે તેનું ઇન્દ્ર વૃત્ર સૂકતમાં યુદ્ધ રૂપે આલંકારિક વર્ણન છે. કોઇ પણ વૈદિક ઉપમા રૂપક કિંવા ઉત્પ્રેક્ષા લ્યો કે તેનાં ઉપર ઐતિહાસિક પૈરાણિકોએ એક લાંબી લચક નિરર્થક અને નકામી કથા રચીજ સમજો. અને કાલાંતરે એજ કથા જન સમૂહને સારપૂર્ણ ઇતિહાસજ લાગવા માંડે છે. અર્વાચીન પૈરાણિક કથાઓને ધાર્મિક સ્વરૂપ પ્રાપ્ત થવું એ ક્યારેય ઇષ્ટ નથી. એને લીધે સત્યની તેમજ ખરા ધર્મની ઘણી હાનિ થવાનો સંભવ રહે છે. પરિવ્રાજક પક્ષ વૈદિક ઋચાઓમાંથી ઘણા પ્રસંગે આધ્યાત્મિક અર્થ કહાડે છે તે યાસ્કને સંમત નથી. યાસ્કના મત પ્રમાણે કેટલીક ઋચાઓ આધિભૌતિક સ્વભાવ વર્ણનની છે અને કેટલીક ઋચાઓમાં નિસર્ગ શક્તિને દેવતા માનેલું વર્ણન છે. યાસ્કની પદ્ધતિને પાશ્ચાત્ય વિદ્વાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સ્વીકારે છે. ( યાસ્કના નિરૂક્તમાં જૈન મુનિ શાકટાયનના અપભ્રંશ શબ્દોની સાખ આપવામાં આવી છે તેથી જેમ શાકટાયન મુનિ પછી યાસ્ક થયા લાગે છે. ) પાણિનિની પૂર્વે શાકટાયન થએલ છે એમ વિદ્વાનો સિદ્ધિ કરે છે. યાસ્કના સમયમાં વેદાર્થ જાણનારા કરતાં વેદ પાઠકોની સંખ્યા મોટી હતી. ઋગવેદના એકંદર દશ ભાગ છે. પ્રત્યેક ભાગને મંડલ સંજ્ઞા આપી છે. એક એક સૂકતમાં દશ દશ ઋચાઓ માનીએ અને એક એક મંડલમાં સો સો સૂકત છે એમ માનીએ તો આખા ઋગવેદની અંદર સ્થુલ પ્રમાણમાં હજારની સૂકત સંખ્યા થાય. જે જે સૂકતના રચનારા ઋષિ થયા તેના નામથી મંડલની સંજ્ઞા આપી છે. ( ઋષિ પ્રણીત વેદો છે તેનો આ પુરાવો છે ) પ્રથમ મંડલનો ઘણો ભાગ. શતર્ચીત ઋષિના નામ નીચે સમાઇ જાય છે તેજ પ્રમાણે દશ મંડળના મંત્ર દષ્ટા જુદા જુદા ઘણા ઋષિયો છે પહેલા અને દશમા મંડળમાં વિષય વૈચિત્ર્ય દેખાય છે આ મંડળમાંની ભાષા પણ સહેલી અને કાંઇક અર્વાચીન દેખાય છે. આ મંડળો વૈદિક કાળની છેવટે રચાયાં હોય એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે. બીજા મંડળની ઉત્પત્તિ ગૃત્સમદ ઋષિના વંશમાં છે. ત્રીજું મંડળ વિશ્વામિત્રનું છે. ત્રીજા-ચોથા અને પાંચમાં મંડળનો જન્મ અનુક્રમે વામ દેવ, અત્રિ અને ભારદ્વાજ ઋષિના કુળમાં થયો. સાતમું મંડળ વશિષ્ટ કુલમાં જન્મ્યું. કણ્વ ઋષિના વંશમાં આઠમું મંડળ થયું. નવમા મંડલમાં સોમની સ્તુતિ કરેલી છે, ઋગ્વેદમાંનો ઘણો ભાગ અગ્નિની સ્તુતિપર છે. અને બીજા નંબરે તેમાં ઇન્દ્રસૂકતો છે. દશમાં મંડલમાં દ્યૂતસૂક્તમાં દ્યૂત અને દ્યૂતકારનું મનોહર વર્ણન છે કે જે વાંચતાં મૃચ્છકટિક નાટકનું સ્મરણ થાય છે. ને ઋગ વેદ-કાલમાં ભીલામાના ફળોનો પાસા કે કોડિયોને બદલે ઉપયોગ થતો હોય એમ લાગે છે. છેવટે દ્યૂતની નિન્દા કરીને કૃષિની પ્રશંસા કરી છે. ઉર્વશી અને પુરૂહવસ સૂક્તમાં પુરૂરવાને અને ઉર્વશીનું એક રાજા અને એક અપસરા તરીકે રૂપકમાં વર્ણન કર્યું છે. તે અલંકારિક વર્ણન છે. વેદમાં તૃત્સૂનો રાજા સુદાસ અને વિરૂદ્ધ પક્ષના દશ રાજાઓ વચ્ચેની લડાઇનું વર્ણન કેટલાક સૂકતોમાં આવે છે. સુદાસ અને વસિષ્ટે વિશ્વામિત્ર અને તેના પક્ષી ભારત લોકોપર જય મેળવ્યો એવું વર્ણન છે. ( શ્રી પાર્શ્વનાથની પૂર્વે વા તે પછી શ્રી મહાવીરની પૂર્વે હિન્દુસ્થાનની ઉપર વસિષ્ટના પક્ષી રાજાઓએ સ્વારીઓ કરી હોય એમ જણાય છે તે વખતે હિંદુસ્થાનમાં જૈનોનું રાજ્ય હતું, એમ જૈનશાસ્ત્રોના ઇતિહાસથી જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઇક વિશેષ પ્રકારનું સૃષ્ટિ વર્ણન જે ઋગ્વેદમાં દેખાય છે તે ઉત્તર ધ્રુવ શિવાય અન્યત્ર આવતું નથી. ઉષાદેવતાને ઉદ્દેશી કહેલી **चक्रमिवनव्यसी आववृत्स्व** આ ઋચા છે. ધ્રુવની બાજુએજ માત્ર ઉષાનું ચક્રાકાર ફરવું શકય છે. **अव्युष्टा इन्नुभूयसी उवास** ઘણા મળસ્કા ઉષાઃકાલ હજુ ઉગ્યાજ નથી એવી મોટી રાત્રીનું વર્ણન ઉત્તર ધ્રુવમાં સંભવે છે. વેદ અપૌરૂષેય છે એવી વૈદિક ઋષિની કદી પણ કલ્પના દેખાતી નથી. **ऋषि दर्शनात्** એવું ઋષિનું વ્યાખ્યાન યાસ્કે કર્યું છે. જે જે ઋષિને જે દેખાયું તે ગાયું એમ અનેક ઋષિયોના વિચારોનાં ગાનોના વેદો બનેલા છે. મંત્રાક્ષરો સુદ્ધાં ઇશ્વર નિર્મિત છે એમ કહેનારો પક્ષ અનેક હેત્વાભાસથી ગ્રસ્ત અને લગભગ અપ્રયોજક જ છે. ખુદ સૂકતકાર ઋષિ કવિ વિપ્રસૂરિ અને મંત્ર કર્ત્તા એવાંજ વિશેષણો સ્વનિર્મિત ઋચામાં પોતાને લગાડે છે. એક સૂત્રકાર એમ કહે છે કે મેં જે આ અગ્નિની નવી સ્તુતિ કરી છે તે જે પ્રમાણે એકાદ શિલ્પકાર ઉત્તમ રથ બનાવે છે તે પ્રમાણે સુપરિશ્રમે બનાવેલી છે. એ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે સૂકતકારોને પોતાને લલિત કળાઓનું ભાન હતું. એક સૂક્તકાર તો નીચેની ઋચામાં " **कारुरहं उवल प्रक्षिपर्णाननना** " ( અર્થ હું પોતે મંત્ર રચું છું અને મારી મા દલણું ખાંડણું કરે છે ) યાસ્ક કારૂ શબ્દનો **कर्ता स्तोमांना** એવોજ અર્થ કરે છે. ઘણી ઋચાઓમાં જૂના મંત્ર અને નવીન બનાવેલા મંત્રોનો ઉલ્લેખ હોવાનું દ્રષ્ટિગોચર થાય છે. ઉદાહરણાર્થ **प्रतव्यसीं नव्यसीं धीतिमग्नये वाचं मतिं सहसः सूनवे भरे ॥** " એટલે નવીન અને જોરદાર એવી સ્તુતિ રૂપ વાણી હું અગ્નિને સમર્પણ કરૂં છું. તેથી વેદ મંત્ર કવિ પ્રતિભા નિર્મિત છે. અને મંત્રાક્ષરો એ વૈદિક કવિઓએ પોતાની બુદ્ધિથી રચ્યા છે એમ સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે. જે પ્રમાણે ખ્રીસ્તને ઇશ્વર વ્યક્તિએ બાયબલ કહ્યું અને મહમદને એન્જલ ગ્રેબીએલે કુરાન કહ્યું તે પ્રમાણે અમોને પણ ઇશ્વરે મંત્રો આપ્યા છે એમ વૈદિક ઋષિ કયાંએ કહેતા નથી, અને પોતે ઇશ્વરના દૂત છે કે પોતાને આખા જગતને માટે સંદેશો લેઇ ઇશ્વરે મોકલ્યા છે એવું બહાનું પણ વૈદિક ઋષિયોએ કોઇ પણ સ્થળે કર્યાનું જણાતું નથી. તેથી વેદ એ ઇશ્વર વ્યક્તિ પાસેથી નિર્માણ ન થવાના કારણને લીધે ખ્રીસ્તિ અને મુસલમાની ધર્મના મત પ્રમાણે તે ઇશ્વર પ્રણીત નથી. અને વૈદિક ઋષિ સુદ્ધાં એવા અર્થથી વેદ, ઇશ્વર પ્રણીત છે એમ માનતા નથી. અને આપણે પણ તેમ માનવાનું કારણ નથી. અંગ્રેજી ન્યાય કોર્ટમાં એક વખત એવો પ્રશ્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીકળ્યો કે એકાદો માણસ જો એમ કહેવા લાગે કે ઇશ્વરે મને આખા જગતને માટે કંઇક સંદેશો આપીને મોકલ્યો છે તો તેને કેવો ગણવો? ડાહ્યો કે મૂર્ખ ? એ પ્રશ્નનો નીકાલ હોય વિરૂદ્ધ કેમ્બલની અપીલમાં ઇ. સ. ૧૮૯૯ ની સાલમાં ઇંગ્લાંડમાં એવો આપવામાં આવ્યો કે એવા મનુષ્યને ભ્રમીષ્ટ, વિક્ષિપ્ત, તેમજ મૂર્ખનો શિરોમણિ જાણવો. તેથી સમાધાનની વાર્તા એ છે કે નિદાન આપણા વેદ મંત્ર કર્ત્તા ઋષિયોને હોય વિરૂદ્ધ કેમ્બેલમાંનો નિકાલ લાગુ પડતો નથી.

વિશ્વનું ગૂઢ ઉકેલવું એ બહુ કઠિન છે એમ વિશ્વામિત્ર ઋષિ નીચેની ઋચામાં સ્પષ્ટપણે કહે છે.

**को अद्धा वेद क इह प्रवोचतूयतः सृष्टिरित आ बभूव ॥**

એટલે એ કોણ નક્કી જાણે છે અને કોણ નક્કી કહી શકે છે કે આ સૃષ્ટિ અમુક પાસેથી અમુક રીતે ઉત્પન્ન થઇ છે **कस्मै देवाय हविषा विधेम्** કયા દેવને હવિર્ભાગ આપીએ ? એ મંત્રથી જગત્ કર્તા ઇશ્વરની પણ શંકાજ રહેલી છે. કૃષિકર્મ એ વૈદિકકાળનો મુખ્ય ધંધો હતો. વેદમાં અગ્નિ, વાયુ, વર્ષા, સૂર્ય જળ વગેરેની સ્તુતિ ભરેલી છે અને તેની પ્રીત્યર્થે કરેલા યજ્ઞોથી ઋગ્વેદ ભરેલો છે. વેદકાલીન મનુષ્ય અનેક રીતે બાલ્યાવસ્થામાં હતા. વેદમાં નિસર્ગ પૃથ્વી જળ, અગ્નિ, સૂર્યાદિની ભિન્નભિન્ન સ્તુતિ અને આરાધના છે, અનેક દેવોની સ્તુતિ યજ્ઞ કર્યા બાદ ઋષિયોને એક ઇશ્વરની કલ્પના સુજી હોય અને પછીથી તેઓએ **एकं सद्विप्रा बहुधा वदन्ति यममग्निं मातरिश्वानमाहुः** એક બ્રહ્મ સત્ છે તેને યમ, અગ્નિ, માતરિશ્વ વગેરે જુદા જુદા નામોથી વિપ્રો કહે છે, યમને બધા પિતૃઓનો રાજા માનેલો છે. એવી કલ્પના વૈદિક મંત્રોમાં છે. પુરાણના યમના સ્વરૂપમાં અને વૈદિક યમના સ્વરૂપમાં જમીન અસમાનનું અંતર છે. પુરાણોની અંદર ઋગ્વેદમાંના દેવતા તેમજ કથાઓનું બહુ વિપરીત અને અતિશયોક્તિથી ભરેલું સ્વરૂપ પ્રાયઃ જણાય છે. વેદની અંદર **विष्णु** સૂર્યનું નામ છે. પણ પુરાણમાં તેનું સ્વરૂપ **विष्णु** નામના એક ઉંચા સ્વર્ગમાં રહેનાર દેવથી કલ્પિત કરેલું છે. વળી મહાદેવ નામ અગ્નિનું છે છતાં પુરાણોમાં મહાદેવનું સ્વરૂપ જુદા પ્રકારનું દેખાય છે અને સર્વ હિન્દુસ્થાનમાં જે મહાદેવ લિંગપૂજા પ્રસરાઇ છે તેનો નીચેની ઋચામાં નિષેધ કર્યા જેવું લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## मा शिश्नदेवाअपिगुः ऋतंन

શિશ્નદેવ લિંગપૂજા કરનારા અમારા યજ્ઞ સુધી ન આવો. વૈદિકમંત્રમાં મૂર્તિપૂજાનો ઉલ્લેખ કયાંઇ દેખાતો નથી. પ્રત્યેક વેદને એક અથવા બે બ્રાહ્મણ ગ્રન્થો જોડેલા છે, ઋગવેદને ઐતરેય તેમ કૌશીતકો નામક બે બ્રાહ્મણ ગ્રન્થો જોડાયા છે. યજુર્વેદની શુકલશાખાનો શતપથ નામનો બ્રાહ્મણ ગ્રન્થ છે અને કૃષ્ણુ શાખાનો તૈતિરિય બ્રાહ્મણ ગ્રન્થ છે. સામવેદને તાંડય, સદ્વિંશ અને છાંદોગ્ય એવા ત્રણ બ્રાહ્મણ છે અને અથર્વેદને ગોપથનામ બ્રાહ્મણ છે, ઋગ્વેદ નિસર્ગ દેવતાની સ્તુતિથી ભરેલો છે. ઋગ્વેદ એ મંત્ર મય છે અને તેમાં ગદ્યરચના નથી તેમાં દૃશ્ય પદાર્થોનું વર્ણન–કોઇ ઠેકાણે સર્વત્ર બ્રહ્મની વ્યાપકતાનું આધ્યાત્મિક વર્ણન આવે છે. યજુર્વેદમાં યજ્ઞ ભાગ ઘણો હોઇ બ્રાહ્મણ ગ્રન્થની પેઠે તે ઘણો ખરો ગદ્યમય છે. સામવેદ ગાયન પદ્ધતિથી ઋષિયોએ બનાવ્યો છે. અથર્વવેદનું ઋગ્વેદમાં વર્ણન દેખાતું નથી માટે ભાષાલિંગ પરથી તેને અર્વાચીન માનવામાં આવે છે, તેમાં રૂદ્ર દેવતાના થતા કોપ રોગ વગેરેમાંથી બચવા સારૂ મંત્રતંત્ર યંત્રની માન્યતાઓ ઉપદેશેલી છે–ભૂત પિશાઓનું વર્ણન તેની આરાધનાઓ પ્રથમ અથર્વવેદમાંજ નજરે પડે છે.

બ્રાહ્મણ ગ્રન્થમાં કયાંઇ કયાંઇ વૈદિક ઋચાનું વ્યાખ્યાન, યજ્ઞયાગાદિનું વર્ણન તેમ તે વખતનાં ઐતિહાસિક વર્ણનો પણ હાથ લાગે છે. ગાથા છંદ શિવાય બ્રાહ્મણ ગ્રન્થ ગદ્યમય છે. આંજ બ્રાહ્મણ ગ્રન્થના છેવટના ભાગને આરણ્યક અથવા ઉપનિષદો કહે છે અને એ સર્વ વેદની છેવટે આવે છે જેથી તેને વેદાન્ત એવી બીજી સંજ્ઞા છે. વેદ પછી બ્રાહ્મણગ્રન્થો પછી ઉપનિષદો પછી યાસ્ક, પાણિનિ, બાદરાયણ, પતંજલિ (ગીતા રચનાર વ્યાસ) પછી પુરાણોની ઉત્પત્તિ થઇ. પાણિનિ પછી મનુસ્મૃત્યાદિ ગ્રન્થ તેમજ ભારત પશ્ચાત્ મહાભારત ઇતિહાસ નિર્માણ થયો અને ત્યાર પછી પુરાણોનો કાલ બહુજ અર્વાચીન એટલે એક હજાર વર્ષની અંદરનો કાલ માનવામાં આવે છે. વ્યાસની પેઢી પરંપરાએ અનેક વ્યાસો થયા છે. તેથી સર્વ પુરાણો વ્યાસના નામ નીચે આવે છે.

વેદમાં વર્ણવેલાં અગ્નિ, સૂર્ય આદિનાં સ્વરૂપ પુરાણોમાં દેવતા રૂપે કેવી રીતે દાખલ થયાં તે જણાવવામાં આવે છે. વેદમાં ઘણા ભાગે સૃષ્ટિ ચમ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રકારોનું વર્ણન તેમજ નિઃસર્ગ શક્તિમાં દેવત્વની કલ્પના કરેલી તેની સ્તુતિ દેખાવ આપે છે. ઋગ્વેદમાંનાં ઘણાં સૂક્તોનો ભાગ અગ્નિના વર્ણનમાં છે. અગ્નિને સખા, અતિથિ વગેરે વિશેષણો આપેલાં છે. અગ્નિને હવિર્ભાગ આપવાથી તેમાં તમામ દેવોના મુખની કલ્પના કરી છે. અગ્નિ સર્વ દેવોને યજ્ઞમાં બોલાવી લાવે છે. તેને દેવદૂત કહ્યો છે, એક ઉત્પ્રેક્ષારૂપ વર્ણનમાં અગ્નિને ચાર શીંગડાં ત્રણ પગ, બે માથાં અને સાત હાથ તેમજ ત્રણ ઠેકાણે તેની સ્થાપના થએલી છે એમ માની તેના પર વૃષભનો આરોપ કરી તે મોટેથી ગાંગરે છે એમ વર્ણન છે. આવા અનેક રૂપકો વેદમાં છે. યાસ્કાચાર્યે કહ્યું છે કે એવાં રૂપકોમાં ઇતિહાસનો કંઈ સંબંધ નથી. દાખલા તરીકે ઋગ્વેદમાં ઇન્દ્રવૃત્ર-સૂક્તમાં ઇન્દ્ર અને વૃત્રની લડાઇનું જે વર્ણન છે તે કેવલ વર્ષાઋતુમાં વીજળીના ગડગડાટથી જે વૃષ્ટિકર્મ શરૂ થાય છે તેનું વર્ણન છે. એમ યાસ્કે કહ્યું છે. વૃત્ર એટલે મેઘ અને ઇન્દ્ર શબ્દનો અર્થ બલિષ્ટ થાય છે. ઇન્દ્રે અશનિ પ્રહાર કરીને વૃત્ર ( મેઘ ) નો નાશ કર્યો. આવા રૂપકને પૌરાણિકોએ ઇન્દ્ર અને વૃત્ર અસુર દૈત્યના રૂપકમાં ઐતિહાસિક ઘટનાથી કાલ્પનિક વર્ણન કર્યું. બ્રાહ્મણ ગ્રન્થમાં આવી કલ્પનાની શરૂઆત થવા લાગી હતી. અગ્નિને મહાદેવ એવું વિશેષણ આપ્યું છે, અને કાળી, કરાલી, મનોજવા, સુલોહિતા, સુધૂમ્રવર્ણ, સ્ફુલિંગિની અને વિશ્વરૂપી એ સાત જી-વ્હાનું વર્ણન મુંડકોપનિષદ્‌માં છે. વિજળીને રૂદ્ર વિશેષણ આપેલું છે. ( આર્ય સમાજીઓએ મેઘ, વિજળી, સૂર્ય વગેરેને મહાદેવ, રૂદ્ર, વિષ્ણુ એવાં વિશેષણો અપાયાં તે સંબંધી એક પુસ્તક બહાર પાડીને સ્પષ્ટ નિર્ણય કર્યો છે ) પૌરાણિક શિવપત્ની દુર્ગા કિંવા કાલીનું નામ વેદમાં સાંપડતું નથી. અગ્નિનો તેમ રૂદ્રનો સંબંધ જોડીને અગ્નિ જીવ્હા કાલી કરાલીને શંકરની પત્નીઓ બનાવી દીધાનો માત્ર સંભવ દેખાય છે. શતપથ બ્રાહ્મ-ણમાં અંબિકાનું રૂદ્રની બેન તરીકે વર્ણન છે અને કેનોપનિષદ્‌માં ઉમા અને હૈમવતીએ ઇન્દ્રને બ્રહ્મવિદ્યા સમજાવ્યાનો ઉલ્લેખ છે. પરંતુ જૂના ગ્રન્થમાં તેનો શંકરની અર્ધાંગના તરીકે ઉલ્લેખ કરેલો નથી. નીલ, લોહિત, ગિરીશ, તામ્ર, અરૂણ, બભ્રુ ઇત્યાદિ વિશેષણો મેઘને રૂદ્ર કહી આપવામાં આવ્યાં લાગે છે. આ વિશેષણોમાં ઘણું કરીને ગિરિશિખરને ચોંટેલાં કાળાં–વાદળી તેમજ લાલ મેઘના સ્વરૂપ ઉપરથી આપેલાં હોવાં જોઇએ. કપર્દિન વિશેષણ એ કારણથી પડેલું હોવું જોઇએ. શુકલ યજુર્વેદમાં મેઘને રૂદ્ર કલ્પી તેને ચોરોનો પતિ એવું વિશેષણ આપેલું છે. અંધકારને રૂદ્રનું રૂપક આપતાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વિશેષણ લાગુ પડે છે. મેઘથી વૃષ્ટિ થાય છે, તેથી પશુઓની રક્ષા થાય છે. તેથી તેને પશુપતિ કહેવામાં આવ્યો છે. વાયુને પણ રૂદ્ર ગણેલો છે. પૌરાણિક શંકરનું સ્વરૂપ તો વૈદિક શંકર સ્વરૂપના કરતાં ઘણું કલ્પનાથી વધી પડયું છે. પૌરાણિક શંકરની નકલને કેટલાક બાવાઓ હાલ પણ આચરે છે. શંકરને ગાંજો પીવાની કલ્પના, કામ ક્રોધાદિક વિકારોનો આરોપ કરીને પૌરાણિકોએ વૈદિક શંકરનું સ્વરૂપ બગાડી દીધું છે. વિષ્ણુનું હવે વર્ણન કરીએ. વેદની અંદર સૂર્યની સ્તુતિ વિષ્ણુના નામથી કરવામાં આવી છે. સૂર્યનાં અર્થમાં પૂષન્, ભગ, સવિતા ઇત્યાદિ બાર નામો પ્રચલિત છે. તે બાર મહિનાના બાર સૂર્યને અનુક્રમે આપેલાં છે. વિષ્ણુ શબ્દનો અર્થ વ્યાપનારો થાય છે. ( જુઓ શામવેદ સંહિતામાં પત્ર ૧૦૭ ) **इदं विष्णु विचक्रमेत्रेधानिदधेपदम्** આ સૂર્ય આકાશમાં ચાલે છે. પ્રાતઃ મધ્યાન્હ અને સૂર્યાસ્ત રૂપ ત્રણ પદને ધારણ કરે છે ) ત્રણ પદ પરથી સૂર્યનું ત્રિવિક્રમ એવું નામ પડયું છે. સૂર્ય એ અગ્નિમય છે, વિદ્યુત્ પણ અગ્નિમય છે. એ ઉપરથી અગ્નિ દેવતા ત્રણ ઠેકાણે વહેંચાઇ ગઇ એવું વેદમાં વર્ણન છે. આ ઉપરથી ભૂલોક, મધ્યલોક અને સ્વર્ગ લોક એ ત્રણ સ્થળે એકજ દેવતા અગ્નિ, વિદ્યુત્ અને સૂર્ય એ ત્રણે રૂપે રહેલો છે. જેથી ત્રિવિક્રમ એવું સૂર્યનું અર્થાત્ વિષ્ણુનું નામ પડવું શકય છે. વામન અવતારની કથા સૂર્યના ત્રિવિક્રમ નામ ઉપરથી લીધેલી જણાય છે. એક ઠેકાણે સૂર્ય, ઉષાની પાછળ પડયાનું વર્ણન છે. તેથી બ્રહ્મા પોતાની પુત્રી સરસ્વતીની પાછળ પડયાનું વર્ણન, પૌરાણિકોએ કર્યું લાગે છે. તેજ પ્રમાણે ઇન્દ્રે ગૌતમઋષિની પત્ની અહલ્યાની સાથે કપટાચરણવડે વ્યભિચાર કર્યાની પુરાણમાં વાત આવે છે. આ કથામાં ઇન્દ્ર એટલે સૂર્ય અને અહલ્યા એટલે રાત્રી. પુરાણની અંદર ઘણે ઠેકાણે વૈદિક ઉપમા રૂપકનો વિપર્યાસ થએલો પ્રાચિન અર્વાચિન તેમજ સંસ્કૃત ગ્રંથકારોના લક્ષમાં આવેલો અને તેઓએ એવા વિપર્યાસની વિરૂદ્ધ ટીકાઓ પણ કરેલી છે. લક્ષ્મીનો પતિ વિષ્ણુ એવો ઉલ્લેખ વેદમાં કયાંઇ પણ નથી. ગણપતિના વૈદિક તેમજ પૌરાણિક રૂપમાં મહદંતર છે. શુંડાદંડયુક્ત વક્રતુંડ મહાકાય અને લંબોદર એવા સ્વરૂપનો વેદમંત્રમાં કાંઈ પત્તો પણ નથી વેદમાં ગણપતિ એ નામ બ્રહ્મણસ્પતિ અથવા બૃહસ્પતિનું છે અને બ્રહ્મ એટલે સ્તોત્ર કિંવા સૂક્ત અને તેનો સ્વામી એવો અર્થ બ્રહ્મણસ્પતિ શબ્દનો છે. બ્રહ્મણસ્પતિનો કવિ શબ્દથી પણ ઉલ્લેખ છે. બ્રહ્મણસ્પતિએ પોતાના બુદ્ધિના સામર્થ્યથી સર્વસૃષ્ટિ નિર્માણ કરી એમ કહ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. ( જૈનોમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ કેવલજ્ઞાની થયા. તેમણે કેવળ જ્ઞાનવડે સર્વ ધર્મ સૃષ્ટિ રચી એમ કહ્યું છે. જ્ઞાન સામર્થ્યથી સૃષ્ટિ રચવા જેવી ધર્મ સૃષ્ટિ રચી શકાય છે. આ બ્રહ્માએ સૃષ્ટિ રચી એમ આદિનાથને બ્રહ્મા સંબોધી કહેવામાં આવ્યું છે. ) બ્રહ્મણસ્પતિ સૂક્તમાં વેદમંત્ર સામર્થ્ય અને સૂક્ત મહિમા વર્ણવેલો છે. મરૂદ્‌ગણનો સ્વામી રૂદ્ર હોવાથી અને ગણપતિ એ નામ ઉપરથી મરૂદ્‌ગણનું આધિપત્ય ગણપતિ તરફ આવતું હોવાથી શંકર અને ગણપતિનો પિતા પુત્ર તરીકેનો સંબંધ જોડી દેવાને પૌરાણિકોને અનિવાર્ય મોહ થવાનું દેખાય છે. ગણપતિ આ પૌરાણિક દેવતા મનુસ્મૃતિના કાલમાં અસ્તિત્વમાં આવ્યાનું જણાતું નથી. યાજ્ઞવલ્કયસ્મૃતિના સમયમાં માત્ર તેનો ઉલ્લેખ કરેલો જણાય છે. એટલે શુંડાદંડયુક્ત ગણપતિની ઉત્પત્તિ હજાર બારસો વર્ષ અંદરનીજ છે. નીચેના શ્લોકમાં ગણપતિ એ શૂદ્રોનો ઉપાસ્ય દેવતા હોવાનો ઉલ્લેખ છે. **विप्राणांदैवतंशंभुः क्षात्रियाणांरमापतिः वैश्यानांतुभवेद्‌ब्रह्मा, शूद्राणांगणनायकः** વેદમાં માનવ જાતિના આદિ પુરૂષ તરીકે **યમને** માનેલો છે. યમની બ્હેનનો **યમી** તરીકે ઉલ્લેખ છે. યમ અને યમી જો પતિ પત્નીના નાતાથી ન રહ્યાં હોત તો માનવ જાતિની ઉત્પત્તિ થવી કઠિન થાત. ( જૈન કલ્પસૂત્રમાં યુગલીયાંને તથા નાભિકુલકર તથા તેમના પત્નીને આ વાત બરાબર બંધ બેસતી આવે છે. ) પુરાણમાં તો યમ મૃત્યુનો અવતાર થઇ પડયો છે. વેદમાં વર્ણવેલા યમ રાજ્યમાં પિતૃઓને પ્રાપ્ત થતા સુખને બદલે પુરાણમાં યમયાતના તેમજ દુઃખોનું વર્ણન કરેલું દેખાય છે. યમનો મૃત્યુપાસ, તેમજ મહીષારૂઢ સ્વારી, કાળવર્ણી, ક્રૂર અને ઉગ્રસ્વરૂપનો વેદમાં કાંઇ પત્તો નથી. વેદમાં વરૂણને ઉદ્દેશી અસુર શબ્દ વાપર્યો છે. **असुरः पितानः** આ અમારો પિતા છે એમ કહ્યું છે. પુરાણમાં અશુર શબ્દ દૈત્ય રાક્ષસવાચક છે. સુર શબ્દ દેવતાવાચક છે. કેટલાકોનો મત એવો છે કે પુરાણમાંનો અસુર શબ્દ અસીરિયન કે જે પરકીય લોક છે તેને માટે વાપરેલો છે. ( સમાલોચક માસિકપત્રમાં સં. ૧૯૧૭ નામાં અસુર શબ્દનો અર્થ અસુ=પ્રાણ તેનો નાશ કરનાર કીટક. મત્સરાદિ જેતું એ માટે વૈદિક દષ્ટિએ વાપરેલો છે એમ લેખકે જણાવ્યું છે. ) એ ઉપર પ્રમાણે ઋગ્વેદ સંબંધી કેટલાક વિચારો એ લેખ ચિત્રમય જગત્‌માં ઇ. સ. ૧૯૧૭ ના માસિકમાં પાંડુરંગ કાશીનાથ પેંડસે એમ. એ. એલએલ. એમ. એ લખેલો. તેનો સાર એ પ્રમાણે આપીને હવે તે ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન વેદો સંબંધિ તથા હિંદુ વેદો સંબંધિ જૈનાચાર્ય વિજયાનંદસૂરિજીના હવે નીચે પ્રમાણે વિચારો પ્રગટ કરવામાં આવે છે.

यथा आदिदेव (ऋषभदेव) का पुत्र, अवधिज्ञानवान्, आदिचक्री, भरतराजा श्रीमदादिजिनरहस्योपदेशसें प्राप्त किया है सम्यक्श्रुतज्ञान जिसने, सो भरतराजा सांसारिक व्यवहार संस्कारकी स्थितिके वास्ते, अर्हन्की आज्ञा पाकरके, धारे हैं ज्ञानदर्शनचारित्ररत्नत्रय करणा करावणा अनुमतिसें त्रिगुणरूप तीनसूत्र मुद्राकरके चिन्हित वक्षःस्थलवाले ब्राह्मणोंको माहनोंको पूज्य तरिके मानता हुआ, और जिस अवसरमें अपनी वैक्रिय-लब्धिसें चार मुखवाले होके, चार वेदोंका उच्चारण करता भया. तिनके नाम—संस्कारदर्शन १, संस्थापनपरामर्शन २, तत्त्वाव-बोध ३, विद्याप्रबोध ४, सर्वनयवस्तु कथन करनेवाले इन चारों वेदोंको माहनोंका पाठ करता हुआ. तद् पीछे वह माहन सात तीर्थंकरोके तीर्थतक अर्थात् चन्द्रप्रभ तीर्थंकरके तीर्थतक सम्य-क्त्वधारी रहें, और आर्हत श्रावकोंको व्यवहार दिखाते रहें, तथा धर्मोपदेशादि करते रहें. तद् पीछे नवमे तीर्थंकर श्रीसुवि-धिनाथ पुष्पदंतके तीर्थके व्यवच्छेद हुए, तीस बीचमें तीन माहनोंने परिग्रहके लोभी होके, स्वच्छंदसे तिन आर्य वेदोंकी जगे कुछक सुनी सुनाइ बातों लेके नवीन श्रुतियां रची, (क्रमसें ऋग्, यजुः, साम, अथर्व, नाम कल्पना करके, मिथ्यादृष्टिपणेंको प्राप्त करें) तब व्यवहार पाठसें पराङ्मुख अर्थात् परमार्थ रहित मनःकल्पित हिंसकयज्ञ प्रतिपादक शास्त्रोंसें पराङ्मुख ऐसे शीत-लनाथादिके साधुओंने तिन हिंसक वेदोंको छोडके जिनप्रणीत आगमकोही प्रमाणभूत माने. तिन ब्राह्मणोमेंसें भी जिन माह-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नोनें ( ब्राह्मणोंने ) सम्यक्त्व न त्याग करा, अर्थात् जे महान पुनः तीर्थंकरोके उपदेशसें सम्यक्त्व पाके दृढ रहे, तिनोंके संप्रदायमें आज भी भरत प्रणीत वेदका लेश कर्मांतर व्यवहारगत सुनते हैं, सोही यहां कहते हैं ॥

यत उक्तमागमे ॥

सिरिभरहचक्कवट्टी, आरियवेयागविस्सुऊकत्ता ॥
माहणपढणच्छमिणं, कहिअंसुहझाणववहारं ॥ १ ॥
जिणतित्थेवुच्छिन्ने, मच्छत्तेमाहणेहितेठविया ॥
असंजयाण पूया, अप्पाणं करियातेतेहिं ॥ २ ॥

व्याख्या—श्रीभरत चक्रवर्त्ती आर्य वेदोंका कर्त्ता प्रसिद्ध है. भरतने आर्य वेद किसवास्ते करे ? माहनोंके पढने वास्ते, शुभ ध्यानके वास्ते, और जगत् व्यवहारके वास्ते । जिनतीर्थकरके तीर्थके व्यवच्छेद हुए वह आर्य वेद तिन माहनोंने मिथ्या मार्गमें स्थापन करे, और असंयति होके तिनोंनें अपनी पूजा जगत्में करवाइ । इन वेदोंका विशेष निर्णय जैन तत्त्वादर्श ग्रंथसें जानना ॥

ऋ. । सं. । अ. ३ । अ. २ । व. १२ । १३ । १४ ॥

ऊपर लिखी ऋचायोंका तात्पर्य यह है कि, विश्वामित्र ऋषि सोमवल्ली लेनेके वास्ते पंजाब देशमें आए, जहां शतद्रू और बियासा नदीयां मिलती हैं, अथ.त् जहां बैठके मैं यह ग्रन्थ रचता हुं, तिस जोरे गामसे तेरा ( १३ ) मालके फांसले पर जो हरिका पत्तन कहाता है, तिस जगे विश्वामित्र आए मालुम होता हैं. क्योंकि, इसि पत्तन ( घाट ) में शतद्रू और बियासा नदीयां मिलती है. बहुत अगाध पाणी देखके तीन ऋचायोंसें

For Private And Personal Use Only

नदीयोंकी स्तुति करी कि, मेरे उत्तरनेको मार्ग देओ; तब नदीयोने कहा कि, हमको इन्द्रकी आज्ञा निरंतर बहने की हैं, इस वास्ते हम चलनसें बंध नहीं होवेंगी. इसतरह परस्पर नदीयोंका और विश्वामित्रका वार्तालाप हुआ, और विश्वामित्रनें नदीयोंकी स्तुति करी तब विश्वामित्रके रथकी धुरीसेंभी हेठा पाणी हो गया. तब विश्वामित्र सोमवल्लीके लेने वास्ते पार उत्तरके आगे गया. शतद्रू और विपाट् इनका नाम मूल श्रुतिमें हैं इति।

अब हे पाठक गणो ! तुम विचार करोके कि, वेद ईश्वर वा ब्रह्मा वा ब्रह्मका रचा वा अनादि अपौरुषेय किसतरें सिद्ध हो सक्ता है ? क्योंकि सर्व सूक्तोंके न्यारे न्यारे ऋषि है, और जिन २ ऋचायोंके जे जे ऋषि हैं, तिन तिन ऋषियोंने तप करके ऋचायें प्राप्त करी हैं; और प्रथम गायन करी हैं तिन तिन ऋचायोंके ते ते ऋषि हैं; ऐसा भाष्यमें लिखा हैं. और दशोमंडलोंके द्रष्टा दश ऋषियोंके नाम लिखे हैं; जितनी ऋचा जिस मंडलमें हैं तिन सबका स्वरूप जिसने मंत्ररूपसें पहिलें देखा सो मंडलके द्रष्टा है. विश्वामित्र जे नदीयोंकी स्तुतिकी ऋचायों पठन करी वे ऋचायों परमेश्वरकी रची क्यों कर सिद्ध होसक्ती है ? ऐसें ही नदीयोंने गायन करी ऋचायों–इसी तरें पूर्ण ऋग्वेद भरा है. जे कर कहोंगे. अग्नि, सूर्य, अश्विनौ, यम, ऋभुव, उषा, वायु, वरुण, मैत्रीवरुण, इंद्रादि ये सर्व ब्रह्मरूप है, इस वास्ते जो इनकी स्तुति है, सो ब्रह्मकी स्तुति है. तब तो कुत्ते, बिल्ले, गधे, सूयर, गंदकीके कीडे, इत्यादि सर्व जंतुयोंकी स्तुति वेदमें क्यों नहीं करी ? और जगे जगे यह लिखा है कि, हे इन्द्र ! तुं हमारे शत्रुयोंका नाश कर, असुरोंका नाश कर, और हमको धन दे गौयां दे, पुत्र दे, परिवार दे, राज्य

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पे, स्वर्ग दे इत्यादि वस्तुयों कौन मांगता है ? परमेश्वर किससें मांगता है ? और कृतकृत्य परमेश्वरको पूर्वोक्त वस्तुयोंसे क्या प्रयोजन है ? वीतराग और निरुपाधि मुक्तरुप होनेसें. जेकर कहोंगे, परमेश्वर नही मागता है, किन्तु यजमान मांगता है तो, ऋचा परमेश्वरकृत कैसें सिद्ध होवेंगी ? और ऋषि तिन ऋचायोंके कैसें सिद्ध होवेंगे ? जे कर वेद अपौरुषेय है, तब तो किसीके भी रचे सिद्ध नही होवेंगे, जे कर कहोंगे ब्रह्माजीने प्रथम वेदका उच्चार करा इस वास्ते ब्रह्माजीके रचे वेद हैं, तब तो यह कथन जो वेदोंमें है कि, मानसयज्ञसें ऋगादि वेद उत्पन्न भए, तथा अग्नि, वायु, सूर्यसें तीन वेद ब्रह्माजीन खेंचके काढे, इत्यादि मिथ्या सिद्ध होवेगा. इस वास्ते यह सर्व वेद ब्राह्मणोंकी स्व कपोलकल्पनासे रचे गए है, न तु इश्वर प्रणीत; परस्पर विरुद्ध, और युक्तिप्रमाणसें बाधित होनेसें तथा ऋग्वेद संहिताष्टक ३, अध्याय ३, वर्ग २३, मैं लिखा है—अतीतकालमें विश्वामित्रका शिष्य सुदासनाम राजर ऋषि होता भया, सो किसि कारणसे वशिष्ठजीका द्वेषी होता भया, तब विश्वामित्र स्व शिष्य रक्षा वास्ते इन ऋचायों करके शाप देता भया. येह तो शापरूप ऋचायों है, तिनकों वसिष्ठके संप्रदायी नहि सूनते है । इति भाष्यकारः । वे ऋचायों येह हैं—

तत्राद्यासूक्ते एकविंशी ॥

इन्द्रोतिभिर्बहुलाभिर्नो अद्य याच्छ्रेष्ठाभिर्मघवञ्छूरजिन्व ॥
यो नो द्वेष्ट्यधरः सस्पदीष्ट यमुद्विष्मस्तमु प्राणोजहातु ॥ २१ ॥

॥ अथद्वाविंशी ॥

परशुंचिद्वितपतिशिंबलंचिद्विवृश्चति ।
उखाचिदिन्द्र येषन्तीप्रयस्ताफेनमस्यति ॥ २२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ अथ त्रयोविंशी ॥

नसायंकस्यकिकितेजनासोलोधंनंयन्ति पशुमन्यमानाः ॥
नावाजिनं वाजिना हासयन्ति नगर्दभंपुरोअश्वान्नयन्ति ॥ २३ ॥

॥ अथ चतुर्विंशी ॥

इम इन्द्र भरतस्यं पुत्राअंपपित्वंचि कितुर्नप्रपित्वम् ।
हिन्वन्त्यश्वमरणं न नित्यं ज्यावाजं परिणयन्त्याजौ ॥२४॥

॥ ऋ. सं. अ. ३ ॥

इन चारों ऋचायों में यह भावार्थ है कि, विश्वामित्रने शाप देते हुए, प्रथमार्द्धक ऋचामें तो आत्मरक्षा करी है; आगे शाप दिया. तूं पतत् होवे, तूं मरजावे, इत्यादि फिर इंद्रको संबोधन करी कि, हे इंद्र ? मेरा शत्रु मेरे मंत्रकी शक्तिसें प्रहत होके पडो, और मुखसेंफेन ( झाग ) वमन करो। प्रथम मेरा तप क्षय न हो जावे इस वास्ते शाप देनेसें हटकर मौन कर बैठे विश्वामित्र को वशिष्ठके पुरुष बांध पकडके ले चले, तब विश्वामित्र तिनको कहता है, हे लोको ? नाश करनेवाले विश्वामित्रके मंत्रोंका सामर्थ्य तुम नही जानते हो ? शाप देनेसें मेरा तप क्षय न हो जावे, ऐसें विचारके मुझे मौनवंतको पशुसमान जानके बांधके इष्ट स्थानमें ले जाते हो; ऐसें स्वसामर्थ्य दिखलाके कहता है कि, क्या वशिष्ठ मेरी बराबरी कर सकता है ? तिसके साथ स्पर्द्धा करनेसें विद्वान् लोक मेरी हांसी न करेंगे ? इस वास्ते मैं वशिष्ठके साथ स्पर्द्धा नही करता हुं। हे इंद्र ? भरतके वंशवंशके होके, क्या विश्वामित्र इनके साथ स्पर्द्धा करेंगे ? येह तो बिचारे ब्राह्मण ही है ॥

4

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अब पाठकगणो ? विचारोके कि यह श्रुतियां परमेश्वरनें रची हे ? क्या वसिष्ठके शाप देनेवास्ते परमेश्वरने येह श्रुतियां विश्वामित्रको दीनीथी ? क्यों कि, इस सूक्तका ऋषि विश्वामित्र ही है; विश्वामित्रने तप करके ईश्वरक अनुग्रहसें यह ऋचायों संपादन करी है ? ? क्या कहना है दयालु परमेश्वरका ? ? ? जिसने विश्वामित्रके तपसें संतुष्टमान होके, अपूर्वज्ञान रससें भरी हुई ऐसी २ ऋचायों प्रदान करी. लज्जाभि कहनेवालेको नही आति कि, वेद परमेश्वरके हुए हैं ? इस वास्ते किसी प्रमाणसें भी वेद ईश्वरका रचा सिद्ध नही होता है।

तथा ऋ. सं. अष्टक ४ अध्याय ४ वर्ग २० में लिखा है कि, सप्त वध्रिनामा ऋषि था, तिसके भतीजे तिसको पेटीमें घालके मुद्रा करके बडे यत्नसें अपने घरमें स्थापन करते हुए; जैसे रात्रिमें अपनी स्त्रीसें विषयसेवन न करे, तैसें करते हुए, सवेरे २ तिस पेटीको उघाडके तिसको मारपीटके फिर पेटीमें घालके रखते भए, एसें चिरकालतकसो कृश और दुःखी तिस पेटीमें रहा, चिरकालतक मुनिने तिस पेटीसें निकलनेका उपाय चिंतवन करा, तब हृदयमें निश्चय करके अश्विनौ देवतायोंकी स्तुति करता भया; तब अश्विनौ आए, पेटी उघाडके तिसको निकालके शीघ्र अदृष्ट हो गए, सो ऋषि भार्यासें विषय सेवन करके तिनके भयसें सवेरे पेटीमें प्रवेश करके पूर्व की तरे स्थित रहा; तिस ऋषिने पेटीके निवास समयमें येह दो ऋचायों देखी, जो आगे कहेगे ॥ इति भाष्यकारः ॥ अब श्रुतियां लिखते हैं ॥

॥ प्रथमा ॥

विजिहीष्व वनस्पते योनिः सूष्यन्त्या इव ।
श्रुतंमे अश्विना हवं सप्तवध्रिंच मुञ्चतम् ॥ १ ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ अथद्वितीया ॥

भीतायनाधमानाय ऋर्षयेसप्तवध्रये ।
मायाभिरश्विनायुवं वृक्षंसं च विचांचथः ॥ २ ॥ ६ ॥

भावार्थः—हे वनस्पतिके विकाररूपपेटी ? तूं स्त्रीकी योनि कि तरह चौडी हो जा, जैसें स्त्रीकी योनि संतानके जननेके समयमें चौडी हो जाती है, तैसें तूं भी हो जा. हे अश्विनौ ! तुम सप्तवध्रिकी विनती सुनकर मूल सप्तवध्रिको छुडावो ? निकलत हुए डरतेको, और निकलना वांछतेको, हे अश्विनौ ? ऐसे मूझ सप्तवध्रिको इस पेटिसें निकालनेको आओ ॥

अब वाचक वर्गों ? देखो कि, यह परमेश्वरकी कैसी भक्त वत्सलता है कि, पेटीमें बैठे अपने भक्त सप्तवध्रि ऋषिको कैसी ज्ञानरसकी भरी ऋचायों प्रदान करी कि,

जिनके पढनेसें अश्विनौने आकर तिसको पेटीसे बहार काढा. और तिस ऋषिने भतीजोंके भयसें रात्रिको छाना नोकसके स्वभार्यासें संपूर्ण रात्रिमें विषयभोग करके सवेरेको फिर पेटीमें प्रवेश कर जाना । वाह ? ? ? बलिहारि है, ऐसे ऋषि महात्मायोंकी कि जिनकी अति दुष्कर तपस्यासें तुष्टमान होके पेटीमें बैठेको दो ऋचायों प्रदान करी जिससे सप्तवध्रि निहाल हो गया ? पाठकवर्गों ? परमेश्वर विना ऐसा दयालु कौन होवे ? कोइभी नहीं इस वास्तेही तो पंडित लोक ऋग्वेदको प्रधानवेद कहते हैं कि, जिसमें ऐसा २ अत्यद्भुत ज्ञान भरा है ? ? ? ॥

तथा ऋ. मं. अष्टक ६ अध्याय ६ वर्ग १४ में लिखा है। अतीतकालमें अत्रि ऋषिकी पुत्री अपालानामा ब्रह्मवादिनी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



किसी कारणसें त्वग्रोग संयुक्त थी, इस वास्ते ही पतिने तिसको दुर्भगा जानके त्याग दीनीथी; सा अपाला अपने पिताके आश्रममें त्वग्रोगको दूर करने वास्ते चिरकालतक इंद्रको आश्रित्य होके तप करती हुई. सा कदाचित् इंद्रको सोमवल्ली प्रियकर है, इस वास्ते मैं सोमवल्लीको इन्द्रके तांई दुंगी, ऐसी बुद्धि करके नदी कांठे उपर जाती हुई. तहां स्नान करके, और रस्तेमें मिली सोमवल्लीको लेके, अपने घरको आती हुई. रस्तेमें ही तिस सोमको अपाला खाने लगी, तिसके भक्षणकालमें दांतोके घसनेसें शब्द उत्पन्न हुआ, तिस शब्दको पत्थरोंसें पीसते हुए सोमके समान ध्वनि जानकर तिस अवसरमें ही इंद्र तहां आता हुआ, आयके, तिस अपालाको कहता हुआ कि, क्या इहां पत्थरोंसें सोमवल्ली पीसते हैं ? अपाला कहती है, अत्रिकी कन्या स्नानके वास्ते आकर सोमवल्लीको देखके तिसका भक्षण करती है, तिसके भक्षण करनेका ही यह ध्वनि है; नतु पत्थरोंसें पीसते सोमका. तैसें कहा हुवा इंद्र पीछे जाने लगा; जाते हुए इंद्रको अपाला कहती है, किस वास्ते तूं पीछे जाता हैं ? तूंतो सोमके पीने वास्ते घरघरमें जाता है, तब तो तो इहां भी मेरी दाढों करके चावी हुई सोमवल्लीको तूं पी (पानकर) और धानादिकको भक्षण कर. अपाला ऐसें इन्द्रको अनादर करती हुई फिर कहती है, इहां आए तुझको मैं इंद्र नही जानती हुं; तूं मेरे घरमें आवे तो, मैं तेरा बहुमान करुंगी. ऐसे इंद्रको कहके फिर अपाला विचार करती है कि, इहां आया यह इंद्रही है, अन्य नही. ऐसा निश्चय करके अपने मुखमें डाले सोमको कहती है, हे सोम ! तूं आए हुए इंद्रके तांई पाहिले हलवेर, तद पीछे जल्दी २, सर्व ओरसें स्रव तव

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पीछे इंद्र तिसको वांछके अपालाके मुखमें रहे दाढोंसें पीसे हूए सोमको पीता हुआ. तद पीछे इंद्रके सोम पीया हुआ, त्वग् दोषके रोगसें मुझको मेरे पतिने त्याग दीनी है, अब में इंद्रको सम्यक् प्रकारे प्राप्त हुई हुं; ऐसें अपालाके कहे हुए इंद्र अपालाको कहता हुआ कि, तूं क्या वांछती ( चाहती ) है ? मैं सो हि करुं, इन्द्रके ऐसें कहे थके अपाला वर मांगती है कि, मेरा पिताका शिर रोम रहित ( टट्टरीवाला ) है । १ । मेरे पिताका खेत उखर ( फलादि रहित ) है । २ । और मेरा गुह्यस्थानमां रोम रहित । ३ । येह पूर्वोक्त तीनों रोम फलादियुक्त कर दे. ऐसे अपालाके कहे हुए तिसके पिताके शिरकी टट्टरी दूर करके, और खेतको फलादियुक्त करके, अपालाके त्वग् दोषके दूर करनेके वास्ते अपने रथके छिद्रमें गाडेके और युगके छिद्रमें अपालाको तीनवार तारकी तरें खेंचता हुआ, तिस अपालाकि जो पहिलीवार चमडी उतरी तिससें शल्यक ( सयना ), दूसरी चमडीसें गोधा ( गोह ) हुई, और तिसरी वेर उतरी चमडीसें किरले ( कांकडे ) होते भए. तिस पीछे इंद्र तिस अपालाको सूर्य समान चमकती हुई चमडीवाली करता हुआ. यह ऐतिहासिक कथा है. और यह, कथा, शाट्यायन ब्राह्मणमें स्पष्टपणे कही है. और यही लिखा हुआ अर्थ, कन्या वार सात ऋचायोंमे कथन करी है; वे ऋचें येह हैं.

॥ प्रथमा ॥

कन्या॒ वा॒रवा॑य॒ती सोम॒मपि॑ स्रु॒ताऽवि॑दत् ।
अस्तं॒ भर॑न्त्यब्रवी॒दिन्द्रा॑य सुनवै त्वा श॒क्राय॑ सुनवै त्वा ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ अद्वितीया ॥

असौयएषिं वीरको गृहं गृहं विचाकशत् ।
इमंजम्भंसुतं पिबधानावंन्तं करम्भिणमपूयवंन्त मुक्थिनंम्।२।

॥ अथ तृतीया ॥

आचनत्वां चिकित्सा मोधिं चनत्वा नेमसि ।
शनैरिव शनकैरि वेन्द्रायेन्दो परिस्रव ॥ ३ ॥

॥ अथ चतुर्थी ॥

कुविच्छकं त्कुवित्करं त्कुविन्नोवस्यं सस्करंत् ।
कुवित्पतिं द्विषों यती रिन्द्रेणं संगमां महै ॥ ४ ॥

॥ अथ पंचमी ॥

इमानि त्रीणिविष्टया तानींन्द्र विरोहय ।
शिरंस्त तस्योर्वरामादिदं म उपोदरें ॥ ५ ॥

॥ अथ षष्ठी ॥

असौ च यानं उर्वरादिमां तन्वं १ मर्म ।
अथों तु तस्य यच्छिरः सर्वा तारोमशा कृधि ॥६॥

॥ अथ सप्तमी ॥

खे रथंस्य खे नसः खे युगस्यं शतक्रतो ।
अपालामिन्द्र त्रिष्पूत्व्य कृणोः सूर्यत्वचम् ॥७॥

ऋ. सं. अष्टक ६ । अ. ६ ॥

अब वाचक वर्गो ! विचार करो कि, यह कथन परमेश्वर सर्वज्ञका सिद्ध हो सकता है ? प्रथम तो इस सूक्तका अपाला स्त्री ही ऋषि है और परमेश्वरने तिसके तपसें तुष्टमान होके

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तिसको यह अपूर्व ज्ञान रससें भरा सूक्त दीना ! तिसमें पूर्वोक्त कथन होनेसे, वेद, अनादि अपौरुषेय कैसे सिद्ध हो सकता है ? और अपाला तो, ब्रह्मचारिनीथी, तिसको पिता शिर टट्टरी, ऊपर क्षेत्र, गुह्य स्थानो परिकेश न होन, इनकी चिंता क्यों हुई; क्योंकी, कि, तिसके ज्ञानमें तोये तीनों वस्तुयों माया ( भ्रांति ) रूप होनेसे त्रिकालमें हैही नहीं; एक शुद्ध ब्रह्महीथी फिर, इंद्रको उद्देश्यके तपका हेको करती थी ? इंद्रभी तो माया-की भ्रांतिरूप हीथा; जब अपालाने नदी ऊपरसें सोम लेके चर्वण करा, तिसके दांतोंका शब्द सुनके इंद्रने जाना कि, पत्थ-रोंसे सोमके पीसनेका यह शब्द है, इंद्रको ऐसी भ्रांति हुई क्या इंद्र महाराज स्वर्गके सुखोंको छोडके तिस जगे भटकता फिरता था ? तथा इंद्रको तो ऋग्वेदादिमें परमेश्वरकाही स्वरूप लिखा है तो, क्या ऐसे ज्ञानवान् इंद्रको अपालाके दांतोका शब्द पत्थरोंका शब्द मालुम हुआ ? इसमें सिद्ध होता है कि, तुमारा माना वेदोंका वक्ता इश्वर भी ऐसाही ज्ञानवान् होगी—तथा पत्थरोंसें जगत्में सोमसही पीसते हैं ? अन्य नहीं ? जो सोमही पीसनेका शब्द है, अन्यका नही. तहां यज्ञ शालाभी नहीथी कि, जिससें सोम पिसनेकाही निश्चय होवे.

तथा अपाला ब्राह्मणी कोई ऊंटणीथी, वा राक्षणीथी ? कि जिसके दांतोका शब्द पत्थरोंक शब्द समान इंद्रको मालुम पडा ! क्या इंद्र भिक्षाचरोंकी तरें घर घरमें सोमरस पीता फिर-ता था ? और अपाला बडी क्या लायक थी ? कि जिसने अपने मुखमें चर्वण करी अपने मुखकी लाला और श्लेष्मयुक्त जुगुप्स-नीय मलीन ऐंठी चगली हुई सोमकी निमंत्रणा इंद्रको करी ? इंद्र भी क्या तिस विना मरा जाता था ? जिससें पूर्वोक्त चार्वी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हुई लाला थुकयुक्त सोमवाले अपालाके मुखको अपने मुखसें चूसके सोमका सर्व रस पीया गया ?

वेदांती साहब—तुम नही जानते, अपालाने भक्तिसें इंद्रको सोमकी आमंत्रणा करी, और इंद्रने भक्तवश होके चगला हुआ भी सोमरस पी लीया इसमें क्या दोष है ?

उत्तर—तुमारा कोई भक्त, जो तुमको अत्यंत अच्छी लगती होवे ऐसी मिठाइ मुखमें चावके तुमको कहे कि, मेरे मुखसें मुख लगाके तुम यह मिठाइ चूसके पी लो, तो क्या तुम पी लोंगे ? नही. तो इंद्रने किस तरें चठाल पी लीनी ?

वेदान्त—इसका तात्पर्य तुम नहि जानते, इसका तात्पर्य यह है कि, इंद्र भी ब्रह्मज्ञानी था, और अपाला भी ब्रह्मज्ञानीथी, इस वास्ते तिनके ज्ञानमें ब्रह्म विना अन्य कुछभी नही था; इस वास्तेही तिसके मुखसें मुख लगाके सोमरस इंद्रने चूसा, ब्रह्मसें ब्रह्म मिल गया, इसमें क्या दोष है ?

उत्तर—इस कालमें कितनेक वेदान्ती परस्त्रीयोंसें भोग करते हैं, तिन स्त्रीयोंकी मुखकी लाला चाटते ( चूसते ) हैं, क्या वेभी ऐसा ब्रह्म एकत्व समझ करकेही करते होंगे ?

वेदांती—हा.

उत्तर—तबतो माता, बहिन, बेटी के गमनकरने मेंभी कुछ दोष नही होना चाहिए.

वेदांती—है तो ऐसेंही, परंतु जगत् व्यवहार उल्लंघन करना न चाहीए.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उत्तर—जबतक ब्रह्मज्ञानी जगत् व्यवहार मानेंगे, और माता, बहिन, बेटीको अगम्य जानेंगे, तबतांइ तिनकी माया ( भ्रांति ) दूर नही होनेसे तिनको ब्रह्मज्ञान नहि होवेगा, असल ब्रह्मज्ञानी तो ब्रह्माजी थे, जिनोंने सर्व जगत्को ब्रह्मरूप जानकर अपनी पुत्रीसेंही संभोग करा; यही प्रायः सर्व वेदान्तीयोंका तात्पर्य (सिद्धांत) हैं. ।

और अपालाके शिरमें टट्टरी होनेसे अपाला के बापको क्या दुःख था ? क्या उसको जान चढना था ? और अपाला के गुह्य स्थानमें रोम नही थे तो तिसको क्या दुःख था ? हां, जेकर इंद्रसें यह मांगती कि, मेरे शरीरका रोग तूं दूर कर, सो तो वर मांगा नही. वोतो इंद्रने आपही मुखकी चगल सोमरस पीके संतुष्ट होके तिसको यंत्रमेसें खैंचके छीलछाल के अच्छी ( चंगी ) करदीनी, इस पूर्वोक्त श्रुतियोंके कथनमें सत्य कितना है, और झूठ कितना है, सो वाचक वर्ग आपही विचार लेवेंगे. क्यों कि, मनुष्यकी चमडीसें भी क्या मयनी ( शल्यक ), गोह, और किरले, उत्पन्न हो सकते हैं ? कदापि नहि हो सकते हैं इस वास्ते वेद इश्वरके कथन करे नही सिद्ध होते हैं, किन्तु ब्राह्मणोकी स्वकपोल कल्पना सिद्ध होती है. इति ॥

ઉપર પ્રમાણે વેદોની સમાલોચનાના બે લેખો વાચકોએ વાંચ્યા હવે તે બે લેખનો સાર વાચીને તેઓને જેમ સુજે તેમ વર્તે. તેઓને યોગ્ય લાગે તે સત્ય ગ્રહણ કરે તેમાં અમને કંઇ આગ્રહ નથી. ચાર વેદો, ઉપનિષદો પર અમને અરૂચિ નથી. તેમ જૈનશાસ્ત્રો પર અમને એકાંત રાગ નથી. રાગ દ્વેષ વિના મધ્યસ્થ ભાવથી જે કંઇ અમને સત્ય લાગે છે તે અમો ગ્રહીએ છીએ. અમોએ ઇશ્વરકૃત જગત્ છે કે નહીં તેની શોધ માટે વેદોની સમાલોચનાઓને રજુ કરી છે. વેદો સંબંધી આવી અનેક

5

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાલોચનાઓ વાચકોની આગળ રજુ કરી શકાય તેમ છે. પણ મૂળ વિષયથી ઘણું દુર જવાય અને તે સંબંધી વિચારો લખતાં એક મોટો હજાર પાનાનો ગ્રન્થ થઇ જાય તેથી અમો અત્રે સંક્ષેપમાં લખવા ધારીએ છીએ. ઋગ્વેદના આદ્ય મંડળોમાં ઇશ્વરે જગત્ રચ્યું અને તે અમુક રીતિએ રચ્યું એવો ખાસ નિર્ણય સ્પષ્ટ જણાતો નથી. ઋષિઓને જે યોગ્ય જણાયું તે સ્પષ્ટ દિલથી જણાવ્યું છે. ઋષિઓને પ્રથમ સૂર્ય, અગ્નિ, મેઘ, વિજળી, જળ, વાયુ વગેરેની મહત્તા જણાઇ. પશ્ચાત્ તેઓને તે સર્વ પદાર્થોમાં આત્મા રૂપ એક મહાન્ પ્રભુ છે એમ ભાસ્યું તેથી તેઓએ તેની કલ્પના કરી, ઋગ્વેદના રૂષિઓ પ્રાયઃ રૂશિયાની ઉત્તરે રહેતા હોય તેમ જણાય છે અને તે વખતે હિંદુસ્થાનમાં તો શ્રી નેમિનાથે અને શ્રી પાર્શ્વનાથે આત્મજ્ઞાન સંબંધી અધ્યાત્મશાસ્ત્રોનો ઉપદેશ આપ્યો હતો. મહાશય લોકમાન્ય તિલકે ઋગ્વેદાદિના કર્ત્તા રૂષિઓ તો ઉત્તર ધ્રુવ તરફ રહેતા હતા એમ સિદ્ધ કર્યું છે. ઋગ્વેદમાં વશિષ્ટ પક્ષના રાજાનું દશ રાજાઓની સાથે યુદ્ધ થયું છે. તે રાજાઓ હિંદુસ્થાનના હતા અને તે જૈનો હોવા જોઇએ. ઉત્તર તરફથી હિંદુસ્થાન તરફ ઘણી સ્વારીઓ આવી હતી. ઋષિયોની સંજ્ઞાના નામ પરથી હાલ પણ ઉત્તર દેશને રૂષિયા તરીકે કહેવામાં આવે છે. તે તરફના લોકો, ઋષિયો ગૌર વર્ણના હતા, અને હિંદુસ્થાનમાં પૂર્વે વસેલા લોકો કાળા હતા. હિંદુસ્થાનમાં ઘણા કાળનો વસવાટ કરવાથી લોકોમાં હાલના મુસલમાનોની પેઠે કૃષ્ણતા આવે છે. ઉત્તર રૂશ, ધ્રુવ તરફથી આવેલા લોકોએ વસિષ્ઠાદિની સહાયથી હિંદુસ્થાનના અસલ નિવાસી જૈન રાજાઓ કે તાક્ષ્યવંશી વગેરે હતા. તેઓને હરાવ્યા અને તેમનો દેશ ઋષિયોએ સર કર્યો. પહેલાં ઋષિયો ( તે વખતના લોકો ) કાબુલ તરફ આવે છે. પશ્ચાત્ પંજાબ ઓળંગે છે તેની વાત ઋગ્વેદમાં આવે છે. પશ્ચાત્ તેઓ સિંધુ નદી તરફ ફેલાય છે તેનું વર્ણન પણ ઋગ્વેદમાં આવે છે. પશ્ચાત્ તેઓ સરસ્વતી તરફ આવી વસે છે અને જે ગાયનો રચે છે તેનાં સૂક્તો બનાવે છે. ગંગા નદી તરફ પણ તે ઋષિયો આવે છે.

સિંધુ–સરસ્વતી–પંજાબ–શતદ્રુ ગંગા વગેરેમાં ઋષિઓ આવી વસ્યા અને તેઓ પૂર્વના જૈનોને–જૈન રાજાઓને દસ્યુ. ( દુશ્મન ) અનાર્ય વગેરે વિશેષણો આપવા લાગ્યા. અસલ હિંદુસ્થાનના વાસી જૈનોને તેઓ શૂદ્ર ગણવા લાગ્યા, જૈનો કે જેઓ અસલ આર્યાવર્તના હતા તેઓએ પણ તેઓની સાથે યુદ્ધ કર્યું. પણ હિંદુસ્થાનની ભૂમિ એવી છે કે તે સદા એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખી કોઇની રહેતી નથી. હિંદુસ્થાન પર એ પ્રમાણે ઋષિઓની સ્વારીઓ આવી તો પણ હિંદુસ્થાનમાં જૈનોનાં રાજ્યો તો દક્ષિણ સૌરાષ્ટ્ર-મગધ વગેરે દેશો તરફ જીવતાં રહ્યાં. વેદના ઉપર બ્રાહ્મણ ભાગો રચાયા તે વખતે ઋષિયો પોતાને બ્રાહ્મણ તરીકે ઓળખાવવા લાગ્યા. સૌરાષ્ટ્ર, દક્ષિણ, મગધ અંધ્ર વગેરે દેશોના મનુષ્યોની બ્રાહ્મણ ભાગોમાં નિન્દા કરવામાં આવી છે અને તેમને હલકા વર્ણવ્યા છે તેનું કારણ એ છે કે તેઓ જૈન હતા. મુસલમાનોએ જેમ હિંદુઓને કાફર વગેરે કહી તિરસ્કાર કર્યો તેમ તેનું કારણ એ હતું કે તેઓ જૈનો હતા. જૈનોને ઋષિયોએ રાક્ષસો-વગેરેની પદવીઓ આપવી પોતાના ગ્રન્થોમાં શરૂ કરી. જૈનોએ પણ તેઓને અધમતાઓ આપવી શરૂ કરી. ઋષિયો અને તેના અનુયાયીઓ ઇશ્વરની કૃપાના બહાના તળે પશુઓને યજ્ઞમાં હોમવા લાગ્યા ત્યારે જૈનોએ-જૈન રાજાઓએ તે યજ્ઞોનો ભંગ કરવા માંડયો. તેનું વર્ણન પણ પુરાણો વગેરેમાં પાછળથી કરવામાં આવ્યું છે, ઋષિયોએ એ પ્રમાણે પોતાની સંતતિને વધારી અને ઋગ્વેદ પછી હિંદુસ્થાનમાં ઠર્યા બાદ યજુર્વેદ અને શામવેદની રચના કરી. ઋગ્વેદનાં સર્વ મંડળોને ઋષિઓએ એકી વખતે બનાવ્યાં નથી. ઋગ્વેદના મંડળોના કર્તા ઋષિયો કંઇ સર્વે એકી વખતે થયા નથી. પણ ઋષિઓ વંશપરંપરાએ થયા છે અને તેઓએ ઋગ્વેદના ગાયનોને વંશપરંપરાએ ઇતિહાસ તરીકે રક્ષ્યાં છે, મહાભારતના પછીની વાત જે જનમેજય રાજાની છે તેનો પણ ઋગ્વેદની સંહિતામાં ઉલ્લેખ જોવામાં આવે છે. તે નીચે પ્રમાણે ઋગ્વેદ સંહિતા-પ્રથમ મંડલ-દ્વિતીય અનુવાદ ચોવીશ-પત્ર-૩૩.

**भोसर्प भद्रभद्रं ते दूरं गच्छ महायशाः जनमेजयस्य यज्ञांते आस्तीक वचनं स्मर । आस्तीक वचनं श्रुत्वा यः सर्पोन निवर्तते शतधा भिद्यते मूर्ध्निशिंश वृक्षफलं यथा नर्मदायै नमः ॥**

તેમજ કર્ણને વિદ્યા શીખવનાર પરશુરામના પિતા જમદગ્નિની વાર્તાનો ઉલ્લેખ પણ નિર્ણયસાગરમાં છપાયલી ઋગ્વેદની સંહિતામાં આવે છે તે અમે ખાસ વાંચ્યો છે તેથી એમ અનુમાન થાય છે કે મહાભારતની પેઠે તેમાં પણ મહાભારત લખાવા સુધી જેમ અનેક વિચારો દાખલ કરાયા તેમ વેદ જ્યારે લખાવવામાં આવ્યા ત્યાં સુધી તેમાં વધારા કરવામાં આવ્યા. એક રીતે કહીએ તો મહાભારત પછી કેટલોક ઋગ્વેદ રચાયો. ઋગ્વેદમાં અને શામવેદમાં જૈનોના બાવીશમાં તીર્થંકર શ્રી અરિષ્ટ નેમિનાથ અને શ્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાક્ષ્ર્ય પાર્શ્વનાથનાં નામો આવે છે તેથી એમ સિદ્ધ થાય છે કે શ્રી અરિષ્ટ નેમિ અને તાક્ષ્ર્યવંશી પાર્શ્વનાથ પછી વેદોની રચના થએલી હોવી જોઇએ. જૈનો સકલાર્હત્ સ્તોત્રમાં શ્રી નેમિનાથની નીચે પ્રમાણે સ્તુતિ કરે છે.

यदुवंश समुद्रेन्दुः कर्मकक्षहुताशनः
अरिष्टनेमिर्भगवान् भूयाद्वोरिष्टनाशनः

આ શ્લોકમાં તેમજ જૈનોના અનેક શાસ્ત્રોમા બાવીશમા તીર્થંકરને અરિષ્ટનેમિ કહ્યા છે, તથા ત્રેવીશમા તીર્થંકરના પિતાશ્રી અશ્વસેન રાજા આજથી ૨૮૦૦ વર્ષ પર થઇ ગએલા છે તેનો વંશ તાક્ષ્ર્ય વંશ તરીકે ગણાય છે અને એ તાક્ષ્ર્યવંશી રાજાઓ જૈન રાજાઓ હતા. તે સંબંધી ટોડરાજસ્થાનમાં ટેડસાહેબે પણ તાક્ષ્ર્યવંશી રાજાઓ માટે ઉલ્લેખ કર્યો છે તેમાં જણાવ્યું છે કે તાક્ષ્ર્ય જાત અમેરિકા ગઇ હતી. તાક્ષ્ર્ય વંશમાં કાશીના અશ્વસેન રાજાના પુત્ર શ્રી પાર્શ્વનાથ તીર્થંકર થયા અને તેનો કમઠાદિ ઋષિયો પર પણ પ્રભાવ પડ્યો તેથી ઋષિઓએ ઋગ્વેદમાં તથા શામવેદમાં તેમની સ્તવના કરી હોય તો તેમાં આશ્ચર્ય નથી. હવે તે ઋગ્વેદ સંહિતામાંથી તથા શામવેદ સંહિતાના છેવટના મંગલમાં છે તે નીચે પ્રમાણે દાખલ કરવામાં આવે છે. અજમેરીય વૈદિક યંત્રાલયે મુદ્રિતા શામવેદ સંહિતાપત્ર ૧૨૦

स्वस्ति न इन्द्रो वृद्धश्रवाः स्वस्ति नः पूषा विश्ववेदाः
स्वस्ति न स्ताक्ष्यों (पार्श्वनाथः) अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पतिर्दधातु
स्वस्तिनो बृहस्पतिर्दधातु ॥

જુઓ, ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ અને બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથનું શામવેદ સંહિતામાં એ પ્રમાણે નામ આવે છે. તેથી વાચકોની ખાત્રી થશે કે બાવીશમાં તીર્થંકર શ્રી અરિષ્ટ નેમિ અને તાક્ષ્ર્ય પાર્શ્વનાથ પછી વેદોનાં સૂકતો રચાયાં હોય એમ લાગે છે. ઋગ્વેદના પહેલા મંડળમાં અનુવાક ચૌદમામાં પણ તાક્ષ્ર્ય ( પાર્શ્વનાથ ) અને બાવીશમાં અરિષ્ટ નેમિનું નામ આવે છે તે શ્રુતિ નીચે પ્રમાણે ઋગ્વેદ પત્ર ૩૯

स्वस्ति न स्ताक्ष्यों अरिष्टनेमिः स्वस्तिनो बृहस्पतिर्दधातु ॥

ઇત્યાદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઋગ્વેદના શ્રુતિ મંત્રથી પણ વાચકોની ખાત્રી થશે કે શ્રી બાવીશમાં તીર્થંકર અરિષ્ટ નેમિ અને તાર્ક્ષ્ય (પાર્શ્વનાથ) પછી ઋગ્વેદની રચના થઇ. પહેલા પ્રથમ લખાયા ઋગ્વેદમાં જૈનોના તીર્થંકરોની નીચે પ્રમાણે સ્તુતિ કરવામાં આવી હતી.

ઋગ્વેદમાં:—

**ॐ त्रैलोक्य प्रतिष्ठितानां चतुर्विंशति तीर्थंकराणां ऋषभादि वर्धमानान्तानां सिद्धानां शरणं प्रपद्ये.**

યજુર્વેદમાં:—

**ॐ नमो अर्हतो ऋषभो ॥**

**ॐ ऋषभं पवित्रं पुरहुतमध्वरं यज्ञेषु नग्नं परमं माहसंस्तुतं वारं शत्रुजयंतं पशुरिन्द्रमाहुरिति स्वाहा। उत्रातार मिन्द्रं ऋषभं पवन्ति अमृतार मिन्द्रं हवे सुगतं सुपार्श्व मिन्द्रं वेशक्रमजितं तद वर्धमान पुरुहुतमिन्द्रमाहुरिति स्वाहा ॥**

ઋષિયોએ ઋગ્વેદાદિમાં આર્યાવર્તના પ્રાચીન તીર્થંકરોનાં સ્તુતિ તરીકે નામો દાખલ કર્યા હોય એમ જણાય છે અથવા શ્રી રૂષભદેવના પુત્ર ભરત રાજા કે જેના નામથી ભારત દેશ પ્રસિદ્ધ થયો છે તેમણે જે ચાર વેદો રચ્યા હતા તે વેદોની શ્રુતિયો પૈકી ઘણી ખરી ઋષિયોએ કાઢી નાખીને ફક્ત તીર્થંકરોનાં નામ બાકી રાખ્યાં હોય અને જ્યારે વિ. સં. ૩-૪ સૈકાના આશરે વેદો લખવાનો પ્રચાર થયો હોય તે વખતે જૈનોની અને ઋષિયોની વચ્ચે ધર્મભેદ કલેશ વૃદ્ધિ પામવાથી વેદો લખવાના પ્રસંગે તીર્થંકરાદિને લગતી શ્રુતિયો તથા જૈન ધર્મનાં તત્ત્વોની શ્રુતિયોનો મોટો ભાગ કાઢી નાખ્યો હોય એમ જણાય છે. કારણ કે નવમા સુવિધિનાથના સમયના સમય પછીથી, હિંસામય શ્રુતિયોથી વેદમાં કલ્પિત શ્રુતિયો ઘણી વધી જવાથી જૈનો મોટા ભાગે આગમોને અને સોળ સંસ્કારો, પ્રતિષ્ઠા વગેરેના મંત્રોને જુદા કાઢીને તેઓને માનતા હતા તેથી તથા પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીના વખતમાં જૈનધર્મ અને ઋષિયોકૃત વેદોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણી જુદાઇ થવાથી જૈનો હવે હિંસામય વેદની શ્રુતિયોને વિશેષ માનવાના નથી એમ તેમને ખાસ લાગવાથી તથા ધર્મ દ્વેષથી બ્રાહ્મણોએ વેદ લખાયા હોય તે સમયમાં ચોવીશ તીર્થંકરાદિની શ્રુતિયોને કાઢી નાંખેલી હોવી જોઇએ તો પણ જૈન મુનિઓ તેનું ટાંચન કરી રાખેલું છે કે જેથી ઋગ્વેદના ઋષિયોએ તીર્થંકરોની સ્તુતિઓ કરી હતી એમ જણાઇ આવે, અથવા બીજું અનુમાન એમ થાય છે કે, ઉત્તર ધ્રુવ રૂશિયા તરફથી ઋષિયો જ્યારે આર્યાવર્ત તરફ આવ્યા અને આર્યાવર્તમાં પ્રવેશ કરી કેટલાંક રાજ્ય લીધાં ત્યારે બાકી રહેલા જૈન રાજાઓ, જૈનોનું મન સંપાદન કરવા તે વખતે કૃષ્ણવર્ણી જૈનોમાં પૂજ્ય ગણાતા શ્રી અરિષ્ટનેમિ અને તાર્ક્ષ્ય પાર્શ્વનાથનાં નામોને સ્તુતિ તરીકે વેદમાં દાખલ કર્યાં હોય કે જેથી તેઓ પોતાના વેદોનો વિશેષ પ્રચાર કરી શકે. આવા ઉદ્દેશથી વા શ્રી અરિષ્ટનેમિ અને પાર્શ્વનાથના ગુણોથી શ્રદ્ધાયુક્ત થઇને તે બે તીર્થંકરોનાં વેદોમાં નામ દાખલ કર્યાં હોય એમ સંભવે છે. ઋષિયોના વંશજો રૂશિયા તરફથી પહેલાં આવ્યા તે વખતે ગૌર વર્ણના હતા પરંતુ પાછળથી ભારતનો તાપ અને તેની હવાથી તેઓ પહેલા જેવા જૈનો કાળા હતા તેવા બની ગયા અને હાલના યુરોપી રાજ્યોની દૃષ્ટિએ તે પૂર્વના જૈનોના જેવા કૃષ્ણ ગણાવા લાગ્યા છે. મુસલમાનો ઇરાન કાબુલથી આવ્યા ત્યારે ગૌરવર્ણના હતા પણ પાછળથી હિંદુઓના જેવા શરીરવર્ણથી ઘણા થઇ ગયા છે. ઋષિયોના બનાવેલા વેદોના હિંસક યજ્ઞોથી લોકોને શાંતિ થઇ નહીં. જ્યારે જ્યારે અધર્મની ઘણી ઉત્પત્તિ થાય છે ત્યારે ત્યારે તીર્થંકરોનો અવતાર થાય છે. વેદોની યજ્ઞમય હિંસાથી આર્યાવર્ત પાપી બનવા લાગ્યું ત્યારે શ્રી તાર્ક્ષ્યવંશી પાર્શ્વનાથ થયા અને તેમના પછી અઢીસેં વર્ષના અંતરે ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી થયા. તથા શ્રી ગૌતમબુદ્ધ પ્રગટયા. શ્રી મહાવીર પ્રભુએ કેવલ જ્ઞાન પ્રાપ્ત કરીને વામ માર્ગીઓએ વેદમાં પ્રસારેલી જે યજ્ઞ પશુહિંસા થતી હતી તેનો નાશ કર્યો. શ્રી મહાવીર સ્વામીના પ્રબલ ઉપદેશથી અને ગૌતમબુદ્ધના ઉપદેશથી પરિણામ એ આવ્યું કે ભારતવર્ષમાં પ્રભુના નામે વેદમંત્રોના બ્હાના તળે જે હિંસાનો પ્રચાર થયો હતો તેનો નાશ થયો. શ્રી. તાર્ક્ષ્યપાર્શ્વનાથે અને મહાવીર પ્રભુએ ભારતવાસીઓને આત્મજ્ઞાનનો–બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ આપ્યો તેથી લોકોને વેદોના કર્મકાંડો તરફ રૂચિ રહી નહીં. શ્રીજૈનધર્મ તરફ ભારતવાસીઓની રૂચિ પ્રગટી. શ્રી મહાવીર પ્રભુના સમય પછી કેટલાક સૈકા સુધી ત્રણ વેદ પ્રચલિત હતા, શ્રીમહાવીર પ્રભુના ગણધરોએ સર્વજ્ઞના ઉપદેશાનુસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગમોની રચના કરી. શ્રીપાર્શ્વનાથના ગણધરોએ પણ આગમોની રચના કરી હતી. ઋગ્વેદાદિકના કર્ત્તા ઋષિયોએ પાછળથી ઇશ્વર સંબંધી વેદોમાં વિચારો ચલાવ્યા અને તે ગાયન તરીકે યોજ્યા. પ્રત્યેક ઋષિને ઇશ્વર વગેરેનું ભિન્ન ભિન્ન સ્વરૂપ જણાયું. જગત્માં મહાન્ ઇશ્વર પરમાત્મા છે અને તે મોટો છે એમ તેઓ માનવા લાગ્યા. તેમણે જે ઇશ્વર સંબંધી સૂક્તો રચ્યા તેને કર્ત્તાવાદીઓ કર્ત્તાના રૂપમાં માને છે. સાંખ્ય વાદીઓ સાંખ્ય તરફ લેઇ જાય છે. યાસ્કની પૂર્વે કેટલાક પરિવ્રાજકો હતા તેઓ વેદ મંત્રોનો આધ્યાત્મિક અર્થ કરતા હતા એમ ચિત્રમય જગત્ના અંકમાં જે જણાવ્યું છે તેનો અર્થ એ છે કે પૂર્વે જૈન મુનિયો અને સાંખ્ય ત્યાગીઓ હતા તેઓને પરિવ્રાજકો કહેવામાં આવતા હોય અને તેઓ દરેક મંત્રોમાંથી આધ્યાત્મિક આત્મજ્ઞાન સંબંધી અર્થ કાઢતા હોય તો તેમાં આશ્ચર્ય નથી. ત્રણસે વર્ષ પૂર્વે જૈનના એક સાધુએ **जिनो नो ददते सौख्यं** એ વાક્યના આઠ લાખ અર્થ કર્યા હતા. તે ઉપરથી બનેલો અષ્ટ લક્ષી ગ્રન્થ હાલ વિદ્યમાન છે. આત્મજ્ઞાન સંબંધી અર્થ કરનારા પરિવ્રાજકોના વેદો પર કરેલી ટીકાઓ નહીં રહેવાથી હાલ તે મીમાંસકના વંશીઓ તથા યાસ્કના વંશીઓની ટીકાઓ ઉપલબ્ધ થાય છે. તેમાં પણ મોટા ભાગે યાસ્કની પરંપરાએ થએલા અર્થોનો વિશેષ પ્રચાર છે. વેદોમાં ઇશ્વર બ્રહ્મ સંબંધી અલ્પ સૂક્તો છે. ઘણાં સૂક્તો તો યજ્ઞ કર્મકાંડ સંબંધી છે. વ્યાસે મંત્રોને એકઠા કરી ઋગ્, યજુ, અને શામ એ ત્રણ વેદો તરીકે ગોઠવવા. શ્રીમહાવીર સ્વામીના વખતમાં એક વ્યાસ ઋષિ થએલા છે. તેમણે ત્રણ વેદોને ગોઠવ્યા કે તે પછીના વ્યાસ ઋષિયે ત્રણ વેદોને ગોઠવ્યા, તે સંબંધીનો હજી નિશ્ચય કરી શકાય તેમ નથી. શ્રી મહાવીર પ્રભુ પછી અથર્વ નામના ઋષિએ ચોથા અથર્વ વેદની રચના કરી. તેમાં મારણ મોહન, ઉચ્ચાટન, શત્રુ ક્ષય મંત્રો વગેરે અનેક જાતના મંત્રો છે. તેથી જણાય છે કે બૌદ્ધોમાં તેવા ગ્રન્થોથી દેવીઓની ઉપાસનાઓ થઇ, તે પ્રસંગે અથર્વ ઋષિએ પણ અથર્વ વેદ રચી તેમાં તેવી બીના રૂપાન્તર થકી દાખલ કરી હોય જણાય છે.

## વેદોના આધ્યાત્મિક મંત્રોનું વિવેચન.

ઋગ્વેદાદિના કેટલા આધ્યાત્મિક મંત્રોનો ઇશ્વર કર્તૃત્વ દૃષ્ટિએ અને જૈન આત્મ દૃષ્ટિએ કેવો અર્થ થાય છે તે નીચે પ્રમાણે જણાવવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सहस्र शीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।
सभूमिं विश्वतो वृत्वा त्यतिष्ठद्दशांगुलम् ॥

સહસ્રશીર્ષ પરમાત્મા છે. પરમાત્માને હજાર આંખો અને હજારો પગ છે. તે વિશ્વને ચારે તરફથી પરિવેષ્ઠન કરીને દશ અંગુલ અતિક્રમણ કરીને રહ્યો. આવો અર્થ સનાતની વેદાંતિયો કરે છે. જૈન દૃષ્ટિએ જેનો અર્થ નીચે મુજબ થાય છે. કેવલ જ્ઞાની આત્મારૂપ પરમાત્મા પુરૂષ હજારો બલ્કે કરોડો મનુષ્યો જે મસ્તકથી વિચાર ન કરી શકે તેનો તે વિચાર કરી શકે છે. માટે તે સહસ્રશીર્ષા છે. હજારો કરોડો મનુષ્યો જે ન દેખી શકે તે કેવલજ્ઞાની પુરૂષ દેખી શકે છે. હજારો કરોડો મનુષ્યો હાથોથી અને પાદોથી જે ન કરી શકે તે કેવલ જ્ઞાની પુરૂષ કરી શકે છે. તે વિશ્વની ભૂમિમાં રહીને સર્વના કરતાં દશ આંગુલ અર્થાત્ સર્વના કરતાં દશ ગણી મહત્તાને અતિક્રમી આયુષ્યની મર્યાદા સુધી જગતમાં રહે છે. પશ્ચાત્ તે શરીર રહિત થઈ સિદ્ધ પદને પ્રાપ્ત કરે છે.

पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम्
उतामृतत्व स्येशानो यदन्ने नातिरोहति ॥

અર્થ-આ સર્વ પુરૂષ છે. ભૂત ભવિષ્ય વર્તમાન રૂપ જે કંઇ છે તે પરમેશ્વર છે. અમૃતપણાનો તે સ્વામી છે અન્ન વડે અતિરોહે છે. જૈન દૃષ્ટિએ નીચે પ્રમાણે અર્થ ગ્રહણ કરવો. આ સૂક્ત આત્માની સ્તુતિ પરક છે. જે કંઇ શરીરમાં દેખાય છે અનુભવાય છે તે આત્મારૂપ પુરૂષ પૂર્વકાલમાં અનેક પર્યાયોથી હતો. વર્તમાનમાં અનેક પર્યાયોથી વિદ્યમાન છે અને ભવિષ્યમાં અનેક પર્યાયોથી થશે. તે આત્મા પોતાના આનંદરૂપ અમૃતપણાનો પોતે સ્વામી છે. કારણ કે આત્માનો આનંદ છે તે આત્મા વિના અન્યત્ર નથી માટે શરીર છે તે અન્નવડે વધે છે પરંતુ શરીરમાં રહેલો આત્મા તો અન્નનું અતિક્રમણ કરીને અર્થાત્ ભોજન વિના પોતાના સત્યાનંદથી પુષ્ટ થાય છે. જ્ઞાનદર્શન ચારિત્ર્ય આત્મા પોતાના આનંદ ગુણવડે વૃદ્ધિ પામે છે.

एता वांनस्य महिमातो ज्यायांश्च पूरुषः
पादोऽस्य विश्वभूतानि त्रिपादस्यामृतं दिवि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આટલોજ આનો મહિમા છે અને આ થકી કેવલજ્ઞાની પરમાત્મા પુરૂષ તો મોટા છે. ચંદ્ર-સૂર્યનો આટલોજ પરિમિત પ્રકાશ મહિમા છે. કેવળજ્ઞાની પરમાત્મા પુરૂષનો કેવળ જ્ઞાનજ્યોતિથી અનંત ઘણો મહિમા છે માટે કેવલજ્ઞાની વીતરાગ પરમાત્મા મોટા છે. કેવલજ્ઞાનીના કેવલ જ્ઞાનમાં સર્વ વિશ્વ પદાર્થો-ભૂતો તો જાણે પાદ ભાગનાં હોય તેવી રીતે પ્રકાશે છે. કેવલજ્ઞાનમાં જ્ઞેયરૂપે, વિશ્વરૂપે સમાઇ જવાને એક વસ્તુના ચોથા પાદ જેટલાં છે અને બાકીના ત્રણ ભાગ કલ્પીએ એટલું અનંત કેવલજ્ઞાન તો આનાથી બાકી રહે છે તેથી જાણે દેવલોકમાં અમૃત રહ્યું હોય અને તેને જેમ ક્ષુદ્ર જીવો પ્રાપ્ત કરતા નથી તેમ ત્રણ પાદમાં વિષયીભૂત થવાને કોઇ પદાર્થ રહેતો નથી એમ અનુભવાય છે. આત્મામાં અસંખ્યાતપ્રદેશે કેવલજ્ઞાન રહ્યું છે તે કેવલજ્ઞાનમાં અનંતાનંત જ્ઞેયપદાર્થોને જાણવાની શક્તિ છે પરંતુ જ્ઞેયપદાર્થો અલ્પ છે પણ કેવલજ્ઞાન તો અનંત છે તેથી તે આ વિશ્વ કરતાં સૂર્યાદિ કરતાં કેવલજ્ઞાની પરમાત્મા મોટા છે. ઇત્યાદિ અનેક રીતિએ તેનો જૈનદૃષ્ટિએ અર્થ થાય છે.

**ब्राह्मणोऽस्यमुखमासीद्बाहूराजन्यःकृतः**
**ऊरूतदस्ययद्वैश्यः पद्भ्यांशूद्रोअजायत ॥**

આત્માનું બ્રાહ્મણ મુખ છે, આત્માના બાહુ તે ક્ષત્રિય છે, આત્માનું ઉરૂ-પેટ તે વૈશ્ય છે, આત્માના પગથી સેવાનાં કાર્યો થાય છે માટે પગથી શુદ્ર થયા એમ કહ્યું છે. કહેવાનો સારાંશ એ છે કે દરેક આત્માએ જ્ઞાની બની વક્તા બનવું જોઇએ. પોતાના બાહુબળથી પોતાની તથા અન્યોની રક્ષા કરવી જોઇએ અને પેટથી જેમ સર્વ અંગો પોષાય છે તેમ સર્વ ગ્રાહ્ય વસ્તુના સંગ્રાહક વ્યાપારી બનવું જોઇએ અને પગથી ઉપકારાર્થે સર્વ જીવોના ભલા માટે પ્રવૃત્તિ કરવી જોઇએ. દરેક મનુષ્યે બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને સેવકપણાની શક્તિયોને પ્રાપ્ત કરવી જોઇએ.

**नकिरस्यशचीनां नियन्ता सूनृतानाम्**
**नकिर्वक्ता न दादिति [ ऋ० ८ । ३२ । १५ ] ॥**

દુનિયામાં વર્તતી સર્વ શક્તિયોનો કોઈ નિયંતા અર્થાત્ કર્તા નથી. તેમજ ઉદાર વચનોનો કોઇ નિયંતા નથી. એવું કોઇ પ્રાણી નહીં કહી શકે, કે,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માની શકિતયોને આત્મા વિના કોઈ અન્ય દેનાર હોય ! સર્વાત્માઓની શકિતયોને કર્તા કોઇ ઇશ્વર નિયંતા નથી પરંતુ આત્માની શકિતયોને આત્મા આપે છે.

**तदेवाग्निस्तदादित्य स्तद्वायुस्तदुचन्द्रमाः**
**तदेवशुक्रंतद्ब्रह्म ताआपःसप्रजापति : ॥ यजु० ३२ । १ ।॥**

અગ્નિ છે તે પણ આત્મા છે, આદિત્ય વિમાનમાં આદિત્ય છે તેજ આત્મા છે. વાયુ છે તે પણ આત્મા છે. જૈનશાસ્ત્રોમાં અગ્નિકાય—વાયુકાય જીવોનું વર્ણન છે. ચન્દ્રમા છે તે પણ આત્મા છે. શુક્ર અર્થાત્ વીર્ય પણ જીવોના સમૂહ ભૂત છે માટે તેમાં પણ બ્રહ્મત્વ છે. પાણી છે તેમાં અનંત જીવોના પિંડ રૂપ છે માટે તે આત્મા સમૂહ છે અને પ્રજાને પતિ પણ આત્મા છે. ચૈતન્ય લક્ષણાવંત સર્વે આત્માઓ છે.

**नतस्य प्रतिमा अस्ति यस्य नाम महद्यशः**

બ્રહ્મ, આત્મા વસ્તુતઃ અરૂપી છે તેથી જડ દશ્ય પદાર્થની પેઠે તેનું પ્રતિબિંબ પડતું નથી, જેનો મોટો યશ છે અર્થાત્ જે આત્માને લોકો ધ્યાવે છે તે આત્મા અરૂપી હોવાથી તેનું પ્રતિબિંબ પડતું નથી. રૂપી જડ પદાર્થોનું પ્રતિબંબ પડી શકે છે. શરીર જડ છે તેથી તેની છાયા રૂપ પ્રતિબિંબ પડી શકે છે. પરંતુ વસ્તુતઃ આત્માનું પ્રતિબિંબ પડતું નથી.

**नमः शंभवाय च मनोभवाय च नमः शङ्कराय च मयस्कराय च ।**
**नमः शिवाय च शिवतराय च ॥ यजु० १६ ॥ ४१ ॥**

શંભવ નામના પરમાત્માને નમસ્કાર થાઓ. શં અર્થાત્ કલ્યાણના કરનાર આત્મા રૂપ પરમાત્માને નમસ્કાર થાઓ. શિવરૂપ અને શિવતરરૂપ શુદ્ધ બ્રહ્મરૂપ પરમાત્માને નમસ્કાર થાઓ.

**वेदाहमेतंपुरुषंमहान्तमादित्यवर्णतमसःपरस्तात् ।**
**तमेवविदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥ यजु० ३१ ॥ १८ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હું તે પરમાત્મા શુદ્ધ બ્રહ્મને જાણું છું આ દિવ્યતા કરતાં જેનો અનંત ગુણ પ્રકાશ છે. જે અજ્ઞાનરૂપ તમથી રહિત છે તે કેવલ પરમાત્માને જાણી મનુષ્ય મૃત્યુને તરી જાય છે. પરમાત્માના જ્ઞાન વિના અન્ય મોક્ષ માર્ગ નથી.

**यो नः पिता जनिता यो विधाता धामानि वेदभुवनानि विश्वा ।
यो देवानां नामधा एकएव तं संप्रश्नं भुवनायन्त्यन्या ॥ ऋ। १०। ८२। ३ )**

જે પરમાત્મા છે તે અમારો પિતા છે તેજ અમારી જનેતા અર્થાત્ માતા છે તેજ અમોને અમારી શુદ્ધતા છે તેથી વિધાતા છે. કેવલજ્ઞાની પરમાત્મા સર્વ ભુવનોને જાણે છે. તે દેવોનાં અનેક નામોને ધારણ કરવા વાળો છે. તે પરમાત્મ જાતિની અપેક્ષાએ એક છે, સર્વ ભુવનોમાં સર્વજ્ઞ વીતરાગ દેવોનો મહિમા પ્રકાશિત છે. ત્રણ ભુવનના જીવો જાણે એ સંબંધી પ્રશ્ન કરતા હોય એમ જણાય છે. ઇત્યાદિ વેદોના મંત્રોથી જણાય છે કે વેદમંત્રોમાં આત્મ સંબંધી વિશેષ વિવેચન નથી. વેદોમાં કોઇ કોઇ જગત્ કર્ત્તા ઇશ્વર સંબંધી મંત્રો જેવા મંત્રો છે પણ તે ઔપચારિક જેવા જણાય છે. તત્ત્વમાર્ગમાં ઉંડાં ઉતરેલા ઋષિયો તો બ્રહ્મની વ્યાખ્યા કરે છે અને બાલજીવોને પ્રથમ અજ્ઞાનાવસ્થામાં ઇશ્વર સંબંધી શ્રદ્ધા થવાને માટે જગત્નો કર્ત્તા ઇશ્વર છે ઇત્યાદિ વર્ણવે છે પરંતુ અજ્ઞાની બાલજીવોને શ્રદ્ધા રહે અને એટલું તે સમજી પાપથી નિવૃત્ત થાય તે માટે છે પણ વસ્તુતઃ ઇશ્વર કર્ત્તાવાળું આ જગત્ છે તેવું વર્ણન કર્યું નથી.

વેદોમાં ઉપર પ્રમાણે અવલોકતાં આત્મજ્ઞાનવાળાં સૂકતો અલ્પ છે અને ઇન્દ્ર, સૂર્ય, વાયુ, અગ્નિ વગેરેનાં તથા યજ્ઞ કર્મ સંબંધી કર્મકાંડી સૂકતો ઘણાં છે. તેથી લોકોમાં પ્રસિદ્ધિ થઇ છે. કે વેદમાં મોટા ભાગે સ્તુતિ–ભજન કર્મકાંડ છે. બ્રહ્મજ્ઞાન સંબંધી વેદોમાં અલ્પ કહેવામાં આવ્યું છે, તેથી પાછળથી જૈનોનું તત્ત્વજ્ઞાન વૃદ્ધિ પામતાં શ્રી મહાવીર પ્રભુ પછી વૈદિક ઋષિયોને ઉપનિષદો રચવાની આવશ્યકતા જણાઇ અને તેથી ઋષિયોએ શ્રી મહાવીર પ્રભુ પછી શ્રુતિયો રચવાનું કાર્ય આરંભ્યું. વિ. સ. સાતમા સૈકામાં દશ બાર ઉપનિષદો વિદ્યમાન હતી. તે પછીથી બાકીની ઉપનિષદો સૈકે સૈકે એક બે બે રચાતી ગઇ. ઉપનિષદમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બ્રહ્મજ્ઞાન-આત્મજ્ઞાન સંબંધી મોટા ભાગે વર્ણન છે. ઉપનિષદોમાં ચાર વેદોની વિદ્યાને અપરા વિદ્યા કહી છે.

## परा विद्या, अपरा विद्या.

વેદોમાં યજ્ઞાદિ વિદ્યા છે માટે તે કર્મકાંડ પરત્વે હોઇ **अपरा** વિદ્યા ગણાય છે, અને ઉપનિષદોની બ્રહ્મ વિદ્યા તે **अपरा विद्या** ગણાય છે શ્રી મહાવીર સ્વામીના સમયમાં અને તે પછી અધ્યાત્મ જ્ઞાનનો, આત્મ જ્ઞાનનો પ્રચાર થતાં વેદોના કર્મકાંડની શ્રદ્ધાનો લોપ થયો અને તેથી ઋષિયોએ પણ બ્રહ્મજ્ઞાનથી મુક્તિ છે. **स्वर्ग कामो यजेत** સ્વર્ગની કામનાવાળો યજ્ઞ કરે, અને મુક્ત થવાની ઇચ્છાવાળો બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે, બ્રહ્મજ્ઞાનથી યાને આત્મ જ્ઞાનથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને જીવન્મુક્તિ થતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે એવો પડઘો ઉપનિષદોએ પાડયો તેથી વેદોની મહત્તા ઘટી જૈનોના આત્મ જ્ઞાન બળથી ભારતવાસીઓની તત્ત્વજ્ઞાન પ્રતિ પ્રીતિ જામી, તે ઋષિયોના ધ્યાનમાં આવ્યું તથા બૌદ્ધોના તત્વજ્ઞાન માર્ગના પ્રકાશથી વેદોના પછી ઋષિયોને ઉપનિષદો રચવાની જરૂર જણાઇ અને તેમાં અંતે વેદોની વિદ્યાને અપરા વિદ્યા કહેવી પડી, તે માટે જુઓ, અથર્વવેદીય મુંડકોપનિષદ્‌માં પત્ર ૧૬૬ **तस्मै स होवाच द्वे विद्ये वेदितव्य इति हस्मयद् ब्रह्मविदो वदन्ति परा चैवापरा च** અંગિરા મુનિ તે પ્રતિ કહે છે કે બે વિદ્યાઓ જાણવા યોગ્ય છે, પરા વિદ્યા અને અપરા વિદ્યા, એ વિદ્યામાં પરમાત્માને વિષય કરનારી પરા વિદ્યા છે. બીજી અપરા વિદ્યા છે જે યજ્ઞકર્મ, ધર્માધર્મ પ્રવૃત્તિ કરાવનારી છે, અપરા વિદ્યા મહત્વની નથી, અપરા વિદ્યા કઇ તે જણાવે છે.

**तत्र अपरा ऋग्वेदोयजुर्वेदः सामवेदोऽथर्ववेदः**
**शिक्षाकल्पो व्याकरणं निरुक्तं छन्दोज्योतिषमिति ॥**
**अथ परा यया तदक्षरमधिगम्यते ॥**

અપરા વિદ્યામાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છન્દઃ જ્યોતિષ, વૈદક વગેરેનો સમાવેશ થાય છે, જેના વડે આત્માની પરમાત્માની પ્રાપ્તિ થાય છે એવા આધ્યાત્મિક ગ્રંથોનો પરા વિદ્યામાં સમાવેશ થાય છે. અપરા વિદ્યાને અવિદ્યા કહે છે. મુંડકોપનિષદ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચાઇ તે વખતે વેદ વિદ્યાને અપરા વિદ્યા, અવિદ્યા કહેવાનો વખત આવી પહોંચ્યો હતો, જૈનોના અને બૌદ્ધોના આત્મ જ્ઞાનના માર્ગથી એવી સ્થિતિ થઇ હતી. યજ્ઞાદિ કર્મકાંડ પછી આત્મ જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર હિંદુસ્થાનમાં શૂદ્રોના હૃદય સુધી પહોંચ્યો હતો અને તેથી આર્યાવર્તના મનુષ્યો આત્મ જ્ઞાન તત્ત્વજ્ઞાન તૃપ્ત થયા હતા તેથી વેદોની ઘણી શ્રુતિયોનો લોપ થવા લાગ્યો. ઋષિયોને જ્ઞાન માર્ગ વિના ધર્મ ટકાવવો તે અશક્ય લાગ્યો તેથી તેમણે બ્રહ્મ વિદ્યા તરફ લક્ષ્ય દેવા માંડયું. જૈન સિદ્ધાંતો અને બૌદ્ધ સિદ્ધાંતો તરફ વળેલા આર્યોને પાછા પોતાના પંથમાં લાવવા માટે તેમણે ઉપનિષદોમાં ઇષ્ટા પૂર્તાદિ કર્મો કરવાનો નિષેધ કર્યો તેનું વર્ણન ત્રણ વેદો પછી ઘણા અર્વાચીન કાલમાં રચાયલી અથર્વવેદની મુંડકોપોનિષદ્‌માં નીચે પ્રમાણે વર્ણન કર્યું છે.

**तदेतत्सत्यं मन्त्रेषुकर्माणि कवयो यान्यपश्यंस्तातित्रेधायां बहुधा सन्ततानि ।**

ઋગ્વેદાદિકમાં જે ઇષ્ટિા પૂર્તાદિક કર્મો છે તેનો ત્રેતાયુગમાં વિસ્તાર થયો. ઉપરના વાક્યની સત્યતા સંબંધી શંકા છે. કારણ કે ઋગ્વેદની મૂલ સંહિતામાં શરદઋતુના શત વર્ષ જીવવાનો ઋષિએ સૂક્તથી આશીર્વાદ આપ્યો છે. ત્રેતામાં મનુષ્યોનું આયુષ્ય લાંબુ હતું. દ્વાપરમાં પણ મનુષ્યોનું આયુષ્ય લાંબુ હતું માટે કલિયુગને આશરી શત વર્ષનું આયુષ્ય સંભવે છે. માટે શરદ્‌ઋતુ સંબંધી શત વર્ષનું આયુષ્ય કલિયુગના મનુષ્યોને હોય છે માટે **શત વર્ષ** સંબંધી સૂક્તથી એમ માલુમ પડે છે કે કલિયુગમાં એ ઋગ્વેદનું સુક્ત બનવું જોઇએ. સત્યયુગમાં રચાયલા વેદો તો મનુના વખતમાં જલ પ્રલય થયો હતો તે વખતે નષ્ટ થવા જોઇએ. અને એ નષ્ટ થએલા વેદો જૈન ભરત સંબંધી આર્ય વેદો હોવા જોઇએ અને પાછળથી રૂશિયા તરફના અને ઉત્તર ધ્રુવમાં પશ્ચાત્ બીજા વેદો રચવાની ઋષિયોએ શરૂઆત કરેલી હોવી જોઇએ. પશ્ચાત્ રચાયલા વેદોમાં હિંસામય યજ્ઞકાંડની વાત વધવા લાગી તે મંડુકોપનિષદ્દ્વારા જણાવવામાં આવે છે. યજ્ઞ કર્મ કાંડીઓની પ્રથમ માન્યતા જણાવે છે.

**यदा लेलायते ह्यर्चिः समिद्धे हव्यवाहने**
**तदाऽऽज्यभागावन्तरेणाहुतीः प्रतिपादयेत् ॥ २ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यस्याग्निहोत्रमदर्शमपौर्णमास म चातुर्मास्यमनाग्रयणमतिथिवर्जि-
तंच ।
अहुतमवैश्वदेवमविधिना हुतमासप्तमांस्तस्यलोकान्हिनस्ति ॥३॥
काली करालीच मनोजवाच सुलोहिता याच सुधूम्रवर्णा ।
स्फुलिंगिनी विश्वरुचीचदेवी–लेलायमाना इतिसप्तजिव्हाः ॥४॥
एतेषु यश्चरते भ्राजमानेषु–यथाकालं चाहुतयो ह्याददायन् ।
तन्नयन्त्येताः सूर्यस्यरश्मेर्या यत्रदेवानां पतिरेकोऽधिवासः ॥५॥
एह्येहीति तमाहुतयः सुवर्चसः सूर्यस्यरश्मिभिर्यजमानंवहन्ति ।
प्रियां वाचमभिवदन्त्योऽर्चयन्त्य एषवः पुण्यः सुकृतोब्रह्मलोकः

જ્યારે પ્રજ્વલિ અગ્નિમાં જ્વાલા ચાલે છે, ધૃતભાગની મધ્યમાં આહુતિઓ નાખવી. જેનું અગ્નિહોત્ર દર્શનરહિત પૌર્ણમાસ રહિત ચાતુર્માસ્ય રહિત, આગ્રાયણથી રહિત, અતિથિથી રહિત, હોમ રહિત, વિશ્વદેવ રહિત, અવિધિ વડે હોમેલું છે તે અગ્નિહોત્ર તેના સપ્તમ પર્યંતના લોકોનો નાશ કરે છે. કાલી કરાલી, મનોજવા, સુલોહિતા, સુધુમ્રવર્ણા, સ્ફુલિંગિની અને વિશ્વરૂચી આ સાત અગ્નિની જિવ્હાઓ છે. આ અગ્નિના પ્રકાશોમાં જે યથા સમય આચરે છે તેને આહુતિઓ ગ્રહતી છતી બ્રહ્મ લોકમાં લેઇ જાય છે જ્યાં દેવોનો પતિ ઇન્દ્ર રહે છે. એ આહુતિઓ આવો આવો એમ તેને બોલાવતી છતી આ પુણ્ય રૂપ બ્રહ્મલોક છે એમ બોલી પૂજન કરતી છતી યજમાનને સૂર્યના કિરણોવડે વહન કરે છે. આ પ્રમાણે વૈદિક યજ્ઞકારોની માન્યતા છે તેનો હવે બ્રહ્મજ્ઞાનીઓ નીચે પ્રમાણે તિરસ્કાર કરે છે.

प्लवा ह्येतअदृढायज्ञरूपा–अष्टादशोक्तमवरंयेषुकर्म ।
एतच्छ्रेयोयेऽभिनन्दन्तिमूढा जरामृत्युं ते पुनरेवापियन्ति ॥७॥

જે પ્લવા અર્થાત્ વાનર જેવા ચંચલ છે તથા જ્ઞાનમાં અદૃઢ છે તે તે યજ્ઞનિર્વાહક અઢાર વિનાશી છે. તે યજ્ઞ કર્મમાં જે કલ્યાણ માને છે તે મૂઢ છે તેઓ પુનઃ પુનઃ નરક તિર્યંચની ગતિમાં જન્મ મૃત્યુને પામ્યા કરે છે પણ મોક્ષની પ્રાપ્તિ કરી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अविद्यायामन्तरेवर्तमानाः स्वयंधीराःपण्डितंमन्यमानाः ।
जङ्घन्यमानाः परियन्तिमूढा अन्धेनैव नीयमाना यथाऽन्धाः॥८

વેદ યજ્ઞાદિ અવિદ્યામાં વર્તમાન અર્થાત્ રહેનારા પોતાને ધીર અને પંડિત નહીં છતાં પંડિત માનનારાઓ તથા પાપકર્મ વડે અત્યંત હણાયેલા તે મૂઢ અંધ વડે જેમ અંધો લઇ જવાય છે તેમ ઘોર નરક અંધકારમાં પ્રવેશ કરે છે. વેદવિદ્યાને અવિદ્યા કહીને તેમાં યજ્ઞાદિ કર્મોથી આસક્ત થએલાઓનો તિરસ્કાર કરે છે.

अविद्यायांबहुधावर्तमाना वयंकृतार्थाइत्यभिमन्यन्तिबालाः ।
यत्कर्मिणो न प्रवेदयन्तिरागात्–तेनातुराः क्षीणलोकाश्च्यवन्ते ॥९॥

મીમાંસકોના પૂર્વજો વેદ યજ્ઞકર્મ વાદીઓ ઘણા પ્રકારે અવિદ્યામાં વર્તમાન છતાં પોતાને કૃતાર્થ માનનારા લોકો અર્થાત્ મૂર્ખાઓ રાગથી અસત્યને સત્ય જાણે છે અને સત્ય આત્મજ્ઞાનને જાણી શકતા નથી. તેથી તે આતુરો ક્ષીણ લોકો તે ચ્યવીને અર્થાત્ મરીને દુર્ગતિમાં જાય છે. આશ્વલાયન સૂત્રોમાં વગેરે ગોવધ–બળદ વધ કરવાનું પણ ફરમાન કર્યું છે. પવિત્ર મનાતી ગાયનો વધ પૂર્વના ઋષિયો કરતા હતા તેઓને વેદકર્મીઓ વેદ કર્મકાંડીઓ કહેવામાં આવતા હતા. અજ્ઞાન તિમિર ભાસ્કર ગ્રન્થમાં જૈનધર્મના રક્ષણ કર્તા ધર્મક્ષાત્ર કર્મયોગી શ્રી આત્મારામજી જૈનાચાર્યે વેદપર બ્રાહ્મણ ગ્રન્થોમાં ગોવધ–બળદવધ વગેરે યજ્ઞકર્મમાં કેવી રીતે કરાય છે તેનું વર્ણન આપ્યું છે તેનું અત્ર મુંડકોપનિષદ્‌માં ઇષ્ટા પૂર્તકર્મનું પણ સારી રીતે નીચેના શ્લોકમાં ખંડન કરવામાં આવ્યું છે.

इष्टापूर्तं मन्यमानावरिष्ठं नान्यच्छ्रेयो वेदयन्तेप्रमूढाः ।
नाकस्य पृष्ठे ते सुकृतेऽनुभूत्वेमं लोकं हीनतरंवा विशन्ति॥१०॥

અત્યંત અજ્ઞાનીઓ વેદયજ્ઞમાં એકાન્તે આસક્ત થએલા અને પ્રભુને માંસ ખાવાનું નથી છતાં પ્રભુના માટે પશુઓ વગેરેને મારનાર–નકામા યજ્ઞાદિ હોમ કરવામાં અંધ બનેલા તે માટે પ્રમૂઢો સામાન્ય દેવલોકમાં વ્યંતરાદિનાં સુખ ભોગવીને ત્યાંથી વનસ્પતિ પશુ પંખી નરક વગેરે હીન દુઃખી લોકમાં પ્રવેશ કરે છે, એ પ્રમાણે પ્રથમ મુંડકના દ્વિતીય ખંડમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું છે. બૌદ્ધોના અને જૈનોના જ્ઞાન માર્ગની અત્યંત પ્રબલતાની ઋષિયો પર અસર થઇ અને તેથી તેઓએ વેદ કર્મ કાંડીઓપર ઉપર પ્રમાણે તિરસ્કાર દર્શાવ્યો છે અન્ય પ્રાચીન ઉપનિષદ્‌માં પણ ચારે વેદો બ્રાહ્મણ ગ્રન્થ વગેરેને અવિદ્યા કહી તેનું ખંડન કર્યું છે તેનું નીચે પ્રમાણે દિગ્-દર્શન કરાવવામાં આવે છે—ઇશાવાસ્યોપનિષદ્‌માં

**अन्धंतमः प्रविशन्ति येऽविद्यामुपासते ।**
**ततो भूय इव ते तमोयउ विद्यायां रताः ॥ ९ ॥**

જેઓ વેદોની અવિદ્યાને ઉપાસે છે તે અન્ધતમ અર્થાત્ નરકમાં પ્રવેશ કરે છે. મુંડકોપનિષદ્‌માં ચાર વેદોને અવિદ્યામાં ગણાવ્યા છે. અત્ર ફક્ત અવિદ્યાની ઉપાસના કરે છે તે પણ નરકમાં જાય છે તો જે યજ્ઞમાં પશુ હિંસાદિ કર્મ કરે તે નરકમાં જાય એમાં કંઇ આશ્ચર્ય નથી. જેઓ યજ્ઞ કર્માદિની ઉપાસનાવાળા છે તેઓ અધિક અજ્ઞાનમાં પ્રવેશ કરે છે.

**असूर्या नाम ते लोका अन्धेन तमसाऽऽवृताः ।**
**ताँ स्तेप्रेत्याभिगच्छन्ति येकेचात्महनो जनाः ॥ ३ ॥**

જે અવિદ્યાયુક્ત કર્મને સેવે છે તે લોકો અસુરો ( રાક્ષસો ) ગણાય છે. તેઓ અજ્ઞાન રૂપ અંધકારથી ઘેરાયલા અસુરો થાય છે અને આત્માના જ્ઞાનાનન્દ સ્વરૂપને હણનારા જાણવા. ઇત્યાદિ અન્ય પણ ઘણાં ઉપનિષદો વગેરેનાં પ્રમાણો છે તેથી મધ્યસ્થ વાચકો સમજી શકશે કે જૈનોના જ્ઞાન તપ સદાચારની ઉન્નતિના ઝાહોઝલાલીના વખતમાં વેદની યજ્ઞ કર્મ વિદ્યાની તેઓ નાજ માનનારાઓમાં કેવી દશા થઇ હતી તે ઉપરના શ્લોકોથી જણાઇ આવી હશે. દશ ઉપનિષદો પર પ્રથમ શંકરાચાર્યે ટીકા કરી હતી. વિ. સાતમા સૈકામાં વા આઠમા સૈકામાં શંકરાચાર્ય થયા. દશ વા બાર ઉપનિષદો પર શંકરાચાર્યે ટીકા કરી તેથી ઉપનિષદો શ્રી મહાવીર પ્રભુ પછી તથા વિ. સં. ૩–૪ ના સૈકામાં રચાયલી હોવી જોઇએ અને બ્રહ્મસૂત્રોને પણ વ્યાસે ( બાદરાયણ વ્યાસ પછી થએલા વ્યાસે ) વિ. સં. પાંચમા સૈકામાં રચ્યાં હોય એમ જણાય છે. સૂત્રો રચવાનો કાલ બૌદ્ધોમાં તથા જૈનોમાં ઉમાસ્વાતિના કાલ લગભગનો છે. વા તે પછીનો છે. પતંજલિએ પણ વિ. સ. ત્રીજા ચોથા સૈકામાં યોગ સૂત્રો રચ્યાં હોય એમ જણાય છે પશ્ચાત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો કેવલી જાણે. વિ. સં. ચોથા પાંચમા સૈકા સુધીમાં જૈનોનું અને બૌદ્ધોનું અત્યંત જોર હતું અને વૈદિકોનું જોર ટળી ગયું હતું–વૈદિક બ્રાહ્મણોની ને તેની માન્યતાવાળાઓની હાલના જૈનોની પેઠે વસ્તિ ક્ષીણ થઇ ગઇ હતી, તેથી તત્વાર્થ સૂત્રની પેઠે વ્યાસે બ્રહ્મસૂત્રો રચ્યાં હોય એમ જણાય છે. ભાષાની દૃષ્ટિએ દેખીએ તો પણ બ્રહ્મસૂત્રોનો ચોથા પાંચમા સૈકાથી પૂર્વનો કાલ નિશ્ચિત થતો નથી. શંકરાચાર્યના સમયમાં વૈદિક બ્રાહ્મણો પોતાનું બળ જમાવવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. શંકરાચાર્યના વખતમાં બૌદ્ધો અને જૈનો વચ્ચે ધર્મની ચર્ચાનાં મહાન્ યુદ્ધો થતાં હતાં. શંકરાચાર્યની પૂર્વે થએલા મહાન્ મલ્લવાદિસૂરિ ભરૂચના રાજાના ભાણેજ થતા હતા. તેઓ વિ. છઠ્ઠા સૈકાના પૂર્વ ભાગમાં હતા. તેમણે વલ્લભીપુરમાં શિલાદિત્ય રાજાની સમક્ષ બૌદ્ધોને જીતીને બૌદ્ધોને પરદેશ નિકાલ કરાવ્યો હતો. જૈનો અને બૌદ્ધો વચ્ચે અનેક વાદવિવાદો થવા લાગ્યા. હાલમાં યુરોપમાં દેશભૂમિ માટે મહાયુદ્ધમાં જેટલું પ્રાણાર્પણ થાય છે તેટલું તે વખતે સ્વધર્માર્થે પ્રાણાર્પણ થતું હતું. શંકરાચાર્યની પૂર્વે કુમારિલભટ્ટ વગેરેએ વૈદિક ધર્મનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કર્યો હતો પણ જૈનો અને બૌદ્ધોના ધર્મ સામ્રાજ્ય આગળ બરાબર ચાલી શક્યું નહીં. શંકરાચાર્ય જન્મ્યા તે સૈકાની પૂર્વ આર્યાવર્ત પર હુણ ગુર્જર વગેરેની સ્વારીઓ આવી હતી અને હુણોએ અને ગુર્જરોએ હિંદુસ્થાનનો ઘણો ભાગ જીતી લીધો હતો. તેથી હિંદુસ્થાનની હાલના યુરોપ કરતાં બુરી દશા થઇ હતી. શંકરાચાર્યના વખતમાં યુદ્ધપ્રિય મનુષ્યો થયા હતા અને તેઓ ધર્મના અભક્ષ્ય ભક્ષણાદિક નિયમોને પસંદ કરતા નહોતા. તે પ્રસંગને અનુસરી શંકરાચાર્યે કેટલાક રાજાઓની આગળ પોતાનો સિદ્ધાંત રજુ કર્યો. દારૂ માંસ વાપરવામાં ક્ષત્રિયો વિગેરેને દોષ નથી વિગેરેની ક્ષત્રિયોને છૂટ મળવા લાગી તેથી કેટલાક રાજાઓએ તે માર્ગને પસંદ કર્યો. શંકરાચાર્યે બૌદ્ધોના વિજ્ઞાનવાદને ગુપ્ત રીતે ગ્રહણ કર્યો અને ઉપનિષદો પર ટીકા રચી અને તેમાં જ્ઞાનમાર્ગની પુષ્ટિ કરી તથા યજ્ઞાર્થે વેદવિહિત હિંસા તે હિંસા નથી એવું સ્થાપન કર્યું. દશ સન્યાસીઓનો માર્ગ પાછો દાખલ કર્યો. તેથી શંકરાચાર્યે પાછી વૈદિક શ્રૌતસ્માર્તધર્મની જડનો પુનઃ પ્રાદુર્ભાવ કર્યો. જૈનો અને બૌદ્ધોની ધર્મલડાઇથી શંકરાચાર્યે પોતાનો પગ મજબૂત કર્યો. દશ ઉપનિષદો, ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્ર એ ત્રણ પર ટીકા કરે તે ધર્મનો સ્થાપક આચાર્ય ગણાય એવો નિયમ સ્થાપન કર્યો. વેદોની ગૌણતા કરી નાખી. તેથી શંકરા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર્ય પુનઃ વૈદિક ધર્મ સ્થાપન કરવામાં ફાવી ગયા. તેમણે બૌદ્ધાચાર્યો સાથે તથા જૈનાચાર્યો સાથે ધર્મચર્ચા કરી નહીં પણ મહમદ પયગંબરની પેઠે તે વખતમાં યુદ્ધોના પ્રસંગથી અજ્ઞાન થએલી પ્રજાને તથા રાજાને યુક્તિપ્રયુક્તિથી સ્વધર્મમાં ખેંચવા માંડી. શંકરાચાર્યે જૈન ધર્મના સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો નહોતો. તેથી તેમણે અનેકાન્તવાદનું ખંડન કરવા જતાં જૈનધર્મનું અજાણપણું પ્રકટ કર્યું. શંકરાચાર્ય વૈદિક ધર્મના પૂર્ણ એકાંત દૃઢ રાગી હતા અને પરધર્મના એકાંત દ્વેષી હતા. તેથી તેમણે વેદાન્તસૂત્રોના ભાષ્યમાં જૈનધર્મના તત્ત્વોનું ખંડન કરવા પ્રયત્ન કર્યો, તે હવે હાલના જમાનામાં પરીક્ષાની કોટિમાં ટકી શકતો નથી. વેદાન્તસૂત્રમાં જૈનધર્મ-તત્ત્વોનું ખંડન કરવા શંકરાચાર્યે જે પ્રયત્ન કર્યો છે તે જણાવીને તેનું ખંડન નીચે કરવામાં આવે છે.

## नैकस्मिन्नसंभवात् ॥

અ. ૬. સૂત્ર ૩૩

આ સૂત્રપર શાંકરભાષ્યનો સાર નીચે મુજબ છે. એકમાં બહુ વિરૂદ્ધ મતોના અસંભવથી જૈનમત યથાર્થ નથી. શ્રી નથુરામ શર્માનું વિવેચન.

દિગંબરો જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ એ સાત પદાર્થોને માને છે. જીવ અને અજીવ એ અનુક્રમે ભોક્તા તથા ભોગ્ય છે. ઇન્દ્રિયોની વિષયાભિમુખપણે પ્રવૃત્તિ તે આસ્રવ, એ પ્રવૃત્તિનો નિષેધ કરનાર જે યમ નિયમાદિ તે સંવર, પાપનો નાશ કરનાર જે તપ્તશિલારોહણાદિ તપ તે નિર્જરા, કર્મબંધ અને કર્મપાસનો નાશ થયેલ તે અલોકાકાશમાં પેઠેલાનું સર્વદા ઉર્ધ્વગમન અથવા સિદ્ધશિલાપર સ્થિતિ તે મોક્ષ કહેવાય છે. સંક્ષેપમાં જીવ તથા અજીવ એ બે પદાર્થ માની બીજાઓનો તેમાં સમાવેશ પણ કરે છે. વળી તેઓ પ્રકારાન્તરે જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય ( પરમાણુ સંઘકાયા ) ધર્માસ્તિકાય, ( શાસ્ત્રીયપ્રવૃત્તિના હેતુભૂત સંસ્કાર ) અધર્માસ્તિકાય ( આવરણનો અભાવ ) એમ પાંચ અસ્તિકાય ( પદાર્થ ) ને પણ સ્વીકારે છે. નિત્યમુક્ત ( અર્હનઆદિ ) સાંપ્રતમુક્ત ને બદ્ધ એમ ત્રણ પ્રકારના જીવો છે. ચાર ભૂતો અને સ્થાવર જંગમ એ છ પુદ્ગલાસ્તિકાયના ભેદ છે. આકાશાસ્તિકાયના બે ભેદ છે. લોકાકાશ અને અલોકાકાશ, લોકાકાશમાં સાંસારિક જીવો રહે છે. અને અલોકાકાશમાં મુક્ત જીવો રહે છે. ચાર પ્રકારનાં ઘાતિકર્મ અને ચાર પ્રકારનાં અઘાતિકર્મ મળીને આઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારનાં કર્મો તે બધ્ધ કહેવાય છે. જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય, મોહનીય અને અંતરાય એ ઘાતિ કર્મોનાં નામો છે. તત્વજ્ઞાનથી મુક્તિ નથી એવું જ્ઞાન તે જ્ઞાનાવરણીય આર્હત તંત્ર, ( જૈનશાસ્ત્રના શ્રવણથી ) મુક્તિ નથી એવું જ્ઞાન તે દર્શનાવરણીય કર્મ, દર્શનકારોએ પરસ્પર વિરૂદ્ધ દેખાડેલા મોક્ષમાર્ગના વિશેષનો અનિશ્ચય તે મોહનીય કર્મ, અને મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્ન કરનાર તે આંતર્ય કર્મ કહેવાય છે. એ ચાર શ્રેયનાં હણનાર હોવાથી ઘાતિકર્મો કહેવાય છે. વેદનિય નામિક, ગૌત્રિક અને આયુષ એ ચાર અઘાતિ કર્મો છે. મને તત્વ જણાયેલું છે. એવું અભિમાન તે વેદનિય કર્મ. અમુક નામવાળો હું છું એવું નામિક કર્મ તે નામકર્મ. હું આર્હતના શિષ્યવંશમાં પ્રવેશ પામેલો છું એવું અભિમાન તે ગૌત્રીક કર્મ, અને શરીરની સ્થિતિ માટેનું કર્મ તે આયુષ્યક કર્મ છે. એ આઠ કર્મો જન્માદિદ્વારા મનુષ્યને બાંધે છે. માટે બંધ કહેવાય છે.

એ સર્વ તેમના તંત્રના સંકેત માત્રથી પરિકલ્પીત છે. સર્વ પદાર્થોમાં તેઓ નીચેના સપ્ત ભંગો યોજે છે. **स्यादस्ति** (કોઇ પ્રકારે છે) **स्यान्नास्ति** ( કોઈ પ્રકારે નથી. ) **स्यादस्तिचनास्तिच** ( કોઇ પ્રકારે છે અને નથી. ) **स्यादवक्तव्यम्** ( કોઇ પ્રકારે અવકતવ્ય છે ) **स्यादस्तिअवक्तव्यश्च** ( કોઇ પ્રકારે છે અને અવકતવ્ય છે. ) **स्यान्नास्तिचावक्तव्यश्च** ( કોઇ પ્રકારે નથી અને અવકતવ્ય છે ) **स्यादस्तिचनास्तिचअवक्तव्यश्च** ( કોઇ પ્રકારે નથી છે અને અવકતવ્ય છે ) એક ધર્મમાં સત્ અસત્ આદિ વિરૂદ્ધ ધર્મોનો સમાવેશ થતો નથી. જે છે તે સર્વદા સર્વત્ર છેજ. જેમ બ્રહ્માત્મા અનેકાન્તવાદમાં અસ્તિકાયની પાંચ સંખ્યા પણ કહી શકાય નહીં. કેમકે સ્યાદ્વાદમાં નિશ્ચિતવાદનો સ્વીકાર નથી. વળી એ સર્વ પદાર્થોના અવાચ્યપણાનો પક્ષ પણ અસંભવયુકત છે. કેમકે અવાચ્ય હોય તે બોલી શકાય નહીં. વકતવ્ય અને અવકતવ્ય એ બન્ને પરસ્પરમાં વિરૂદ્ધ છે. સ્વર્ગ અને મોક્ષનો પણ બીજા ભંગ પ્રમાણે અભાવ તથા અનિત્યતા સ્થાપિત થાય છે. તેથી તેમની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિનો અસંભવ થાય છે. એવી રીતે જીવાદિ પદાર્થોમાં એક ધર્મમાં સતપણું તથા અસતપણું એવા બે વિરૂદ્ધ ધર્મોનો અસંભવ થાય છે. પુદ્ગલ સંજ્ઞાવાળા પરમાણુઓથી સમૂહ ઉપજે છે એવી દિગંબરોની કલ્પનાનું ખંડન પૂર્વે અણુવાદ નિરાકરણ વડે થઇ ગયું છે.

## શંકરાચાર્યે કરેલ ખંડનનું મંડન.

શંકરાચાર્યે જો એક આત્મામાં અનેક ધર્મોનો સમાવેશ થાય છે એવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો ઉપનિષદોના મનનથી જાણ્યું હોત તો જૈનતત્ત્વોનું ખંડન કરવા પ્રયત્ન કરત નહીં. ઉપનિષદોમાં અને બ્રહ્મસૂત્રમાં અનેકાન્તવાદ અર્થાત્ અપેક્ષાએ એક બ્રહ્મ આદિમાં અનેક માન્યતાઓનો સ્વીકાર કરવો તે રૂપ અનેક ધર્મોનું એકમાં ઘટાવવાનું થાય છે. તેનું ખંડન કરતજ નહીં. યજુર્વેદમાં કહ્યું છે કે **तदेजति तन्नैजति** તે બ્રહ્મ કંપે છે અને તે બ્રહ્મ કંપાયમાન થતું નથી. ઇશાવાસ્યોપનિષદ્‌માં—

**तदेजति तन्नैजति तद्दूरे तदन्तिके**

તલવકારોપનિષદ્‌માં—

**उपनिषत्सुधर्मास्तेमयिसन्तु**

આમાં અનેકાન્તવાદ અથવા જૈનોનો સાપેક્ષવાદ છે તે જો શંકરાચાર્ય નહીં માને તો એક બ્રહ્મમાં કંપન ધર્મ અને અકંપનત્વ. એ બે શી રીતે ઘટી શકે. તેમજ દૂરત્વ અને અનેકત્વ પણ ઘટી શકે નહીં. એક બ્રહ્મ કંપાયમાન ધર્મ અને અકંપાયમાન એ બે ધર્મવડે સહિત છે. એકથી ભિન્ન તે અનેક ધર્મ. બ્રહ્મમાં **एजन अनेजन** માયા વગેરે અનેક છે. તો તે પ્રમાણે જૈનમાન્ય આત્માદિમાં પણ અપેક્ષાએ અનેક ધર્મો છે. જુઓ વેદાન્ત પ્રક્રિયાના મુખ્ય ગ્રન્થ પંચદશી કે જે શંકરાચાર્ય વિદ્યારણ્ય. સ્વામીએ બનાવેલા છે. તેના વિવરણમાં પત્ર ૧૦૫ માં—એક વસ્તુમાં અનેક ધર્મની કલ્પનાનો સમાવેશ અનેકાન્તવાદથી કરવામાં આવ્યો છે તે—" વળી જીવ સૃષ્ટ દ્વૈત ઇશ્વર સૃષ્ટ દ્વૈતથી જુદું છે એ વિષયમાં અનેક પ્રમાણ છે. તે સાંભળ—સ્ત્રીનું શરીર ઇશ્વરે રચ્યું છે તે સ્ત્રી રૂપ એક પદાર્થ છે તો પણ સંબંધીના પરસ્પરના ધર્મને લેઇ અનેક ભેદને પામે છે. જેમ પતિની અપેક્ષાથી સ્ત્રી પત્ની કહેવાય છે. સસરાની અપેક્ષાથી એજ સ્ત્રી વધૂ કહેવાય છે. ભાભીની અપેક્ષાથી એજ સ્ત્રી નણંદ કહેવાય છે. જેઠાણીની અપેક્ષાથી દેરાણી કહેવાય છે અને દેરાણીની અપેક્ષાથી જેઠાણી કહેવાય છે. પોતાના પુત્રની અપેક્ષાથી મા કહેવાય છે. ભાઇની અપેક્ષાથી બહેન કહેવાય છે અને પિતાની અપેક્ષાથી પુત્રી કહેવાય છે. તેવી રીતે કાકી મામી સાળી ઇત્યાદિ અનેક નામ ધર્મોથી સંબોધાય છે. એ પ્રમાણે સંબંધ બુદ્ધિ વૃત્તિના ધર્મ ભેદથી એકજ સ્ત્રીમાં અનેક સંબંધ ધર્મો ઘટે છે. પણ તે પોતાના સ્વરૂપથી ભેદ પામતી નથી અર્થાત્ તેનું સ્વરૂપ કંઇ બદલાતું નથી. "
તે પ્રમાણે શ્રી મહાવીર પ્રભુ કથિત આત્માદિ પદાર્થોમાં સત્–અસત્–નિત્ય–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનિત્ય–મૂર્ત–અમૂર્ત આદિ અનેક ધર્મો ઘટી શકે છે. જેમ ઉપર પ્રમાણે એક સ્ત્રીમાં અપેક્ષાએ અનેક ધર્મો–સ્ત્રીત્વ, કન્યાત્વ, વધૂત્વ, નણંદત્વ, આદિ અનેક ધર્મો ઘટી શકે છે તેથી કંઇ સ્ત્રીનું મૂલરૂપ બદલાતું નથી તેમ આત્માદિ પદાર્થોમાં અપેક્ષાએ અનેક ધર્મો વર્તે છે તેથી કંઇ આત્માના મૂલ સ્વરૂપમાં કંઇ ફેરફાર થતો નથી. શંકરાચાર્ય પોતાને અપેક્ષાવાદની જરૂર હોય છે ત્યારે એક પદાર્થમાં ઉપર પ્રમાણે અનેક ધર્મો ઘટે છે એમ માને છે અને જ્યારે જૈનોના તત્વોનું ખંડન કરવા માટે એકમાં અનેક ધર્મ ઘટે નહીં એમ કહે તે છળ, કપટ, પ્રપંચ, માયાવાદીપણા વિના તે અન્ય શું કહેવાય? તે મધ્યસ્થો વિચારશે. વેદાન્તીઓ એક બ્રહ્મને સત્ય માને છે તો તેમાં વ્યક્તત્વ અને અવ્યક્તત્વ એ બે અનેક ધર્મો શા માટે ઘટાવે છે. વ્યક્ત બ્રહ્મ અને અવ્યક્ત બ્રહ્મ એમ બ્રહ્મના બે ભેદ માને છે. અવ્યક્ત બ્રહ્મમાંથી વ્યક્ત બ્રહ્મ થાય છે. જો અવ્યક્ત બ્રહ્મને નિત્ય માનીએ તો તેમાંથી વ્યક્ત બ્રહ્મ થઇ શકે નહીં. કારણ કે નિત્ય બ્રહ્મ ત્રણ કાલમાં એક સ્વરૂપે રહી શકે છે પણ વ્યક્તરૂપ વિકાર ધર્મને પ્રાપ્ત થતું નથી. અવ્યક્ત બ્રહ્મને અનિત્ય માનવામાં આવે તો બૌદ્ધોનો ક્ષણિકવાદ તેમને લાગુ પડે. તેમજ વ્યક્ત બ્રહ્મને તેઓ નિત્ય માને તો મહા પ્રલય કરી શકે નહીં. તેમજ વ્યક્ત બ્રહ્મને અનિત્ય માને તો વ્યક્ત બ્રહ્મની અનિત્યતા થતાં બૌદ્ધોનું શરણ લેવું પડશે માટે બ્રહ્મમાં વ્યક્તત્વ અને અવ્યક્ત એ ધર્મને માનવા પડશે. તેમાં પણ અપેક્ષાએ નિત્યત્વ અને અનિત્યત્વ માનવું પડશે. વ્યક્ત બ્રહ્મ અને અવ્યક્તને નિત્યત્વ ધર્મયુક્ત માનશો તો વ્યક્ત અને અવ્યક્ત બન્નેનો મહા પ્રલયમાં પણ નાશ થશે નહીં. વ્યક્ત બ્રહ્મથી માયા જગત્ વગેરે પદાર્થો ઉત્પન્ન થઇ શકશે નહીં. તમે એમ કહેશો કે વ્યક્ત બ્રહ્મમાં માયા જગત્ વગેરે તો ભ્રાંતિથી ભાસે છે તો તેના ઉત્તરમાં કહેવાનું કે જો બ્રહ્મ એક નિત્ય છે તો બીજા પદાર્થ વિના ભ્રાંતિ આવી કયાંથી? એક બ્રહ્મના સ્વરૂપમાંથી ભ્રાંતિ પ્રગટી એમ માનશો તો બ્રહ્મથી વિલક્ષણ ભ્રાંતિ તેમાંથી માનવી તે અજ્ઞાનનું પરિણામ છે. માટે વ્યક્ત બ્રહ્મને અને અવ્યક્ત બ્રહ્મને અપેક્ષાએ નિત્ય અને અપેક્ષાએ અનિત્ય માન્યા વિના છૂટકો નથી. જેમ જીવકૃત સૃષ્ટિ અને ઇશ્વરકૃત સૃષ્ટિ એમ તમારે બે પ્રકારની સૃષ્ટિ માનવી પડી, તેમ તમારે વ્યક્ત બ્રહ્મમાં અને અવ્યક્ત બ્રહ્મમાં નિત્યત્વ અને અનિત્યત્વ એ બે આદિ અનેક ધર્મો માનવા પડશે જો તમો અપેક્ષાએ ઉપર પ્રમાણે અનેક ધર્મો સ્વીકારો છો તો પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનો આત્મામાં અનેક ધર્મો સ્વીકારે છે તેનું ખંડન કરવું તે અજ્ઞાન ચેષ્ટા જ છે. તમો અવ્યક્ત બ્રહ્મમાંથી માયાની ઉત્પત્તિ માનો છો. પશ્ચાત્ તેમાંથી અનેક પદાર્થોની ઉત્પત્તિ માનો છો. તો અનેક પદાર્થોના અનેક ધર્મોના આધારભૂત બ્રહ્મ સિદ્ધ થયું તે પ્રમાણે જૈનો પણ અપેક્ષાએ સત્-અસત્ આદિ અનેક ધર્મોને આત્મામાં સ્વીકારે છે. પણ તેથી આત્માના મૂલ સ્વરૂપમાં કંઇ હાનિ થતી નથી-अनादिमत् परंब्रह्म न सत्तन्नासदुच्यते ॥ અનાદિવાળું પરબ્રહ્મ સત્ પણ નથી અને અસત્ પણ નથી. આ શ્રુતિમાં બ્રહ્મને સત્ પણ કહ્યું નથી અને અસત્ પણ કહ્યું નથી તેમ છતાં વેદાન્તીઓ અપેક્ષાએ બ્રહ્મને સત્ કહે છે. જો બ્રહ્મમાં સત્ત્વ ન માને તો બ્રહ્મની નિત્યતા સિદ્ધ થઇ શકે નહીં. જો બ્રહ્મમાં અસત્ત્વ ન માનવામાં આવે તો માયાની સિદ્ધિ થઇ શકે નહીં. સત્ ધર્મ અને અસત્ ધર્મ એ બન્ને પરસ્પર વિરૂદ્ધ છે. તોપણ બ્રહ્મમાં અપેક્ષાએ ઘટી શકે છે. તે પ્રમાણે જૈનો આત્મામાં સત્ અને અસત્ બન્ને વિરૂદ્ધ છે છતાં ભિન્નભિન્ન અપેક્ષાએ માને છે તેથી કંઇ આત્માના સ્વરૂપની હાનિ થતી નથી. બ્રહ્મને એકલું સત્ માનવામાં આવે તો આ દેખાતા અનિત્ય પદાર્થોનો અને તેના ધર્મોનો વેદાન્તીઓ ક્યાં સમાવેશ કરશે એ પણ કહી શકાશે નહીં. જૈનો આત્માને આત્મરૂપે સત્ કહે છે અને તે જડ રૂપ નથી માટે જડની અપેક્ષાએ તે અસત્ છે. ઘટમાં જેમ પટનો અભાવ છે પટમાં જેમ ઘટનો અભાવ છે તેમ જડમાં આત્મા નથી માટે જડનો અભાવ છે તે આત્મામાં છે એમ જડનો અભાવ આત્મામાં કહીને તે અપેક્ષાએ આત્મામાં અસત્પણું સ્વીકારતાં આત્મા જે મૂલ રૂપે સત્ છે તે અસત્ થઇ જતો નથી. એમ સાતે તત્વોમાં સમજી લેવું-ઉપર જેમ વિદ્યારણ્ય સ્વામી શંકરાચાર્યે એક સ્ત્રીમાં અનેક સંબંધ ધર્મોને અનેક અપેક્ષાએ ઘટાવ્યા, તેમ જૈનાચાર્યો પણ અનેક ભિન્ન ભિન્ન અપેક્ષાએ આત્મામાં સત્ અસત્ આદિ ધર્મો ઘટાવે છે. नो सत् नो असत् ઇત્યાદિ ઋગ્વેદની શ્રુતિથી શંકરાચાર્ય અનિર્વચનીય નેતિ નેતિ પક્ષ સ્વીકારે છે, તેમ જૈનાચાર્યો આત્મામાં સત્ અસત્ આદિ ધર્મો ઘટાવવાને સાત ભંગોની યોજના કરે છે અને તે નહીં સમજવાથી શંકરાચાર્યે નાહક સપ્તભંગીનું ખંડન કરવા મિથ્યા પ્રયાસ કર્યો છે. બ્રહ્મસૂત્રમાં વ્યાસે એક વસ્તુમાં અનેક બાબતો યાને અનેક ધર્મો ઘટાવવાને સાપેક્ષત્વાદનું શરણ અંગીકાર કર્યું છે. તો તેઓ તેવા અપેક્ષાવાદથી જૈનોએ આત્મામાં સત્, અસત્, નિત્ય, અનિત્ય, રૂપી, અરૂપી વગેરે અનેક ધર્મોને ભિન્ન ભિન્ન દષ્ટિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોએ ઘટાવ્યા છે. તેનું ખંડન ત્રૈલોકયમાં કોઇનાથી થઇ શકે તેમ નથી. જુઓ અપેક્ષાવાદમાં એકમાં અનેક વિરૂદ્ધ ધર્મો ભાસે તેનો પરિહાર ન થઇ શકે અને તેથી અનેક આશયોને જાણી શકાય નહીં. તે માટે વ્યાસ પોતે બ્રહ્મસૂત્રમાં નીચે પ્રમાણે કથે છે.

**आनर्थक्यमितचेन्नतदपेक्षत्वात् ॥**

એક પદાર્થમાં પરસ્પર વિરૂદ્ધ બાબતોને સ્ત્રીમાં ઘટાવેલા ધર્મોની પેઠે ઘટાવતાં અનર્થપણું થાય એમ નથી કારણ કે તે અપેક્ષાએ છે એમ આ સૂત્ર પણ પૂર્વ દર્શિત બાબતોને ઘટાવવાને અપેક્ષાવાદ સ્વીકારે છે. આત્મામાં પરસ્પર **सत् असत्** વિરૂદ્ધ ધર્મો કે જે અપેક્ષા સમજ્યા વિના લાગે છે. તેને ભિન્ન ભિન્ન અપેક્ષાએ ઘટાવતાં અનિશ્ચિત વાદ રૂપ અનર્થ-પણું આવતું નથી. **स एकधा भवति त्रिधा भवति**–તે આત્મા એક પ્રકારે છે. બે પ્રકારે છે. ત્રણ પ્રકારે છે. શ્રુતિયોમાં બ્રહ્મને અનેક પ્રકારે કથ્યું છે. બ્રહ્મત્વ જાતિની અપેક્ષાએ બ્રહ્મ એક છે. સિદ્ધ અને સંસારી–ત્રસ અને સ્થાવર એમ બે પ્રકારે બ્રહ્મ છે બહિરાત્મા, અન્તરાત્મા, અને પરમાત્મા એમ ત્રણ પ્રકારે બ્રહ્મ છે. શ્રુતિયોમાં અપેક્ષાએ **अन्नं ब्रह्म, प्राणो ब्रह्म, इन्द्रियं ब्रह्म, मनो ब्रह्म, शरीरं ब्रह्म.** ઇત્યાદિ અનેક અપેક્ષાએ ઉપાધિ ભેદે બ્રહ્મસ્વરૂપ દર્શાવ્યું છે. તેમ એક બ્રહ્મમાં પરસ્પર વિરૂદ્ધ ધર્મોને વક્તાના અનેક આશયોની અપેક્ષાઓથી માન્યા વિના છૂટકો થવાનો નથી. શ્રુતિયોની સત્યતા કરવા માટે અનેક આશયોને પણ એક બ્રહ્મમાં ઘટાવો છો ત્યારે શ્રી મહાવીર પ્રભુ કથિત આત્માદિ પદાર્થમાં પરસ્પર અનેક આશયોથી અનેક વિરૂદ્ધ ધર્મો પણ ઘટી શકે છે. **अणोरणीयान् महतो महीयान्** એ સૂત્રમાં બ્રહ્મ અર્થાત્ આત્માને અણુ ધર્મવાળો તથા મહદ્ ધર્મવાળો કહ્યો છે. એક આત્મામાં અણુત્વ અને મહત્વ એ બે ધર્મો પરસ્પર વિરૂદ્ધ છે. એક આત્મામાં જેમ એકથી ભિન્ન અનેક તેમ અણુત્વ મહત્વ ઘટી શકે છે અને તે સિદ્ધાંત વેદાન્તીયોને માન્ય કરવો પડે છે. આત્માને અણુ કહેવાની અપેક્ષા જુદી છે અને મહત્ કહેવાની અપેક્ષા જુદી છે. તેમ જુદી જુદી અપેક્ષાઓ વડે એકાદિ સપ્ત પદાર્થોમાં વા જડ ચેતનમાં સત્, અસત્, નિત્ય, અનિત્ય, આદિ ધર્મોને જૈનો ઘટાવે છે. તેમાં કંઇ પણ દોષ આવતો નથી. માટે **नैकस्मिन्** એ સૂત્રની ખંડન માટે વ્યર્થતા સિદ્ધ થાય છે. એકમાં અનેક ધર્મ માન્યા વિના કદિ શ્રુતિઓની પણ પરસ્પર વિરૂદ્ધતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટળવાની નથી. માયાને અને બ્રહ્મને પરસ્પર વિરૂદ્ધતા છે. તોપણ શંકરાચાર્ય બ્રહ્મમાં માયાની ઉત્પત્તિ અને બ્રહ્મમાં માયાનો લય માને છે. તે અનેક ધર્મનો એક બ્રહ્મ પદાર્થમાં અનેક અપેક્ષાએ સંભવ માન્યા વિના ઘટી શકે નહીં. મૂર્તને અને અમૂર્તને તેજ તમની પેઠે પરસ્પર વિરોધ છે છતાં એક બ્રહ્મનાં મૂર્ત અને અમૂર્ત બે રૂપ વેદાન્તીઓ માને છે. **द्वेवावब्रह्मणोरूपे मूर्तंचैवामूर्तंच** બ્રહ્મનાં બે રૂપ છે. મૂર્ત અને અમૂર્ત. શરીર કર્માદિ યુકત બ્રહ્મ અર્થાત્ આત્મા તે મૂર્ત છે અને પાંચ શરીર, દ્રવ્યકર્મ, ભાવકર્મથી રહિત આત્મા અમૂર્ત છે. કર્મની અપેક્ષાએ રૂપી છે અને કર્માતીત અપેક્ષાએ અમૂર્ત છે અર્થાત્ અરૂપી છે. બ્રહ્મમાં મૂર્ત્તત્વ, અમૂર્તત્વ, અસ્પર્શત્વ, અલધુત્વ, આદિ અનેક ધર્મોનો સમાવેશ થાય છે. તે ઉપરની વેદ શ્રુતિસિદ્ધ હોવાથી માન્ય કર્યા વિના છૂટકો થવાનો નથી. વેદશ્રુતિને જો નહીં માનો તો તમે વેદશ્રુતિ ઉત્થાપક મત પ્રમાણે ગણાશો. જ્યારે ઉપરની વેદશ્રુતિ પ્રમાણે એક આત્મામાં અનેક ધર્મ ઘટે છે એમ માનો છો તો **नैकस्मिन्** એ સૂત્ર રચીને જૈન અનેકાન્તવાદનું ખંડન કરવા પ્રયત્ન કરવો તે આકાશકુસુમવત્ અસત્ય ઠરે છે. માટે મતકદાગ્રહ પક્ષપાતનો ત્યાગ કરીને જૈનોએ એક પદાર્થમાં અનેક ધર્મ ઘટાવ્યા છે તે માન્ય કરો એટલે વેદાન્તીઓની સત્યતા વિશેષ ઝળકી ઉઠશે. પરસ્પર મંતવ્યના વિરોધ ટાળવાને લોકમાન્ય તિલકે પણ ગીતારહસ્યને જણાવવા અપેક્ષાવાદને માન્યો છે. **नैकस्मिन्** આ સૂત્રનો પદવિગ્રહ **न एकस्मिन्** જે પ્રતિ શરીર ભિન્ન ભિન્ન આત્માઓ માનતા નથી. અનંત આત્માઓ છે તે નહીં માનતાં જે સંગ્રહનયની સત્તાની એકાંત માન્યતાને સ્વીકારીને એક આત્માને માને છે. એવા એકાત્મવાદમાં સર્વશાસ્ત્ર કથિત આત્માના વ્યકત ધર્મો ઘટી શકતા નથી. એમ કરવામાં આવે તો કોઇ જાતનો વિરોધ આવતો નથી અને રામાનુજ, માધવાચાર્ય વગેરેને પણ એવો અર્થ બંધબેસતો થઇ પડે તેમ છે. સર્વનો એક આત્મા માનતાં અનેક દોષો આવે છે. અનેક યુકિતઓથી જૈનાચાર્યોએ એકાત્મવાદનું સંમતિતર્ક, એકાન્તવાદ, સ્યાદ્વાદ મંજરી, સ્યાદ્વાદ રત્નાકર, અજ્ઞાનતિમિરભાસ્કર વગેરે ગ્રન્થોમાં ખંડન કર્યું છે. રામાનુજ, મધ્વ, નિંબાર્ક વગેરે વેદાન્તી આચાર્યોએ, નૈયાયિકોએ, સાંખ્યોએ તથા આર્યસમાજીઓએ એકાત્મવાદનું અનેક પ્રમાણોથી યુકિતઓથી ખંડન કર્યું છે. શંકરાચાર્ય અને બ્રહ્મસૂત્ર કર્તા વ્યાસે જો ઉપર પ્રમાણે વેદશ્રુતિયોનો અંતરમાં ઉંડા ઉતરીને અનુભવ કર્યો હોત તો તેઓ એક પદાર્થમાં અનેક અપેક્ષાએ અનેક ધર્મો ઘટી શકે તેવા અનેકાન્તવાદનું ખંડન કરવા પ્રયત્ન કરતજ નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી શંકરાચાર્યજીના મત પ્રમાણે મહાપ્રલયમાં અવ્યક્ત બ્રહ્મમાં દશ્ય અને પરસ્પર વિરૂદ્ધ એવા અનંતપદાર્થોનાં સૂક્ષ્મબીજ સમાઈ જાય છે. એવું તેમણે માન્યું છે તો તેમને કહેવાનું કે એક બ્રહ્મમાં પરસ્પર વિરૂદ્ધ છતાં અનંત પદાર્થોનાં સૂક્ષ્મ બીજકો કેવી રીતે રહ્યાં ? તમો કહેશો કે બ્રહ્મમાં અનંત વિરોધી પદાર્થો સમાય છે તેમાં વિરોધ આવતો નથી તો અમારે કહેવાનું કે તમો એક બ્રહ્મમાં અનંતવિરોધી પદાર્થોનાં બીજકો માનો છો તો તેથી એકમાં અનેક ધર્મો માનવાનો વિરોધ તમને લાગુ પડયો. બ્રહ્મ રૂપી છે કે અરૂપી ? જો તમે બ્રહ્મને અરૂપી માનશો તો અરૂપીમાંથી રૂપી બ્રહ્મ પ્રગટી શકે નહીં. જો તમે એમ કહેશો કે અરૂપી બ્રહ્મને રૂપી બ્રહ્મ થવાનો સ્વભાવ છે તો પુછ-વાનું કે અરૂપી બ્રહ્મમાંથી રૂપી બ્રહ્મ થવાનું કારણ શું ? તમો કંઇ કારણ નહીં બતાવો તો નિરૂત્તર થયાં ગણાશો. અરૂપી બ્રહ્મમાંથી રૂપી બ્રહ્મ પ્રકટી શકતું નથી. બ્રહ્મમાંથી સત્ માયા પ્રગટી કે અસત્ માયા પ્રગટી ? બ્રહ્મને સત્ માનવામાં આવે તો સત્ બ્રહ્મમાંથી અભાવરૂપ અસત્ માયા પ્રગટી શકે નહીં. કારણ કે સત્ બ્રહ્મથી અસત્‌ની ઉત્પત્તિ થઇ શકે નહીં, અને અસત્ માયામાંથી દશ્ય એવા જડ પદાર્થો કે જે પુદ્‌ગલ દ્રવ્યરૂપે સત્ છે તેની ઉત્પત્તિ થઇ શકે નહીં. અવ્યક્ત બ્રહ્મમાંથી વ્યક્ત બ્રહ્મ થયું એમ પ્રતિ-પાદન કરતાં પુછવાનું કે મૂળ જો અવ્યક્ત બ્રહ્મ હતું તો તે શા માટે વ્યક્ત થયું ? તમો કહેશો કે અવ્યક્ત બ્રહ્મને વ્યક્ત થવાની ઇચ્છા થઇ, ઉત્તરમાં કહેવાનું કે અવ્યક્ત બ્રહ્મ પૂર્ણ સચ્ચિદાનંદરૂપ હતું કે માયા સહિત હતું ? તમો કહેશો કે અવ્યક્ત બ્રહ્મ પૂર્ણ સચ્ચિદાનંદરૂપ છે ત્યારે કહેવાનું કે અવ્યક્ત પૂર્ણસચ્ચિદાનંદ બ્રહ્મને માયારૂપ ઇચ્છા કયાંથી વળગી ? જો અવ્યક્ત બ્રહ્મમાં ઇચ્છા માનશો તો છેવટે વ્યક્ત બ્રહ્મવાળા યોગીઓ અવ્યક્ત બ્રહ્મ થઇને પુનઃવ્યક્ત બ્રહ્મ થવાના, તેથી તેમના જન્મમરણની અરહદ્દમાળા ટળશે નહીં. નિર્ગુણ બ્રહ્મમાંથી સગુણ બ્રહ્મ થાય અને સગુણ બ્રહ્મમાંથી નિર્ગુણ બ્રહ્મ થાય તો તે નિત્ય બ્રહ્મ ગણી શકાય નહીં, તથા સગુણ બ્રહ્મમાંથી નિર્ગુણ બ્રહ્મ પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ કરી શકાય છે. અવ્યક્ત નિર્ગુણ બ્રહ્મને વ્યક્ત થવાની શા કારણથી ઇચ્છા થઇ ! શું તેને અવ્યક્ત દશામાં ગમતું નહોતું ? જ્યારે ન ગમે ત્યારે ઇચ્છા દુઃખ વગેરે થાય અને તેથી અનંત આનંદરૂપ બ્રહ્મ ગણાય નહીં. આવી અનેક દોષોની આપત્તિઓ તમારા અવ્યક્ત બ્રહ્મમાંથી વ્યક્ત બ્રહ્મ થવાના સિદ્ધાંત પર આવે છે. બ્રહ્મ-માંથી ઉત્પન્ન થનાર માયા સત્ છે કે અસત્ છે ? જો માયાને અસત્



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનશો તો સત્ બ્રહ્મમાંથી અસતની ઉત્પત્તિ સંભવી શકે નહીં એ મહાન્ વિરોધ આવે છે. પરબ્રહ્મમાંથી બ્રહ્મ અને જડ એ બે અંશ થયા એમ માનશો તો બ્રહ્મની જીવોની તથા જડ પદાર્થોની, પ્રકૃતિની અનાદિતા સિદ્ધ થશે નહીં અને ભગવદ્‌ગીતામાં બે બ્રહ્મની, પ્રકૃતિની, અનાદિતા કહી છે તેથી શ્રી કૃષ્ણના વચનની સાથે પણ વિરોધ પ્રાપ્ત થાય છે. શ્રી શંકરાચાર્યે બ્રહ્મ તથા બ્રહ્મમાંથી પ્રકટ થનારી માયાને અનિર્વચનીય માની છે. અનિર્વચનીય અર્થાત્ અવાચ્ય, અવક્તવ્ય, જૈનાચાર્યો આત્માને સ્વદ્રવ્યથી **स्यात्‌अस्ति** કહે છે અને આત્મામાં અન્યોનું સત્વ વારવા ને માટે **આત્મામાં स्यात् नास्ति** ભાંગો સ્વીકારે છે. આત્માનું પરિપૂર્ણ સ્વરૂપ કોઇનાથી કહી શકાય નહીં. **यतोवाचोनिवर्ततेअप्राप्यमनसासह, नेतिनेति** ઇત્યાદિ વેદ શ્રુતિયો પણ અવાચ્ય, અવક્તવ્ય એવું આત્મ સ્વરૂપ સ્વીકારે છે. જૈનાચાર્યો આત્મા સ્વભાવે અસ્તિ છે અને જડદ્રવ્યનો આત્મામાં અત્યંતાભાવનાસ્તિ ભંગને આત્મામાં સ્વીકારે છે. આત્મામાં અસ્તિરૂપ સદ્‌ધર્મ અનંત છે અને નાસ્તિરૂપ અસદ્‌ધર્મ પણ અનંત છે તેનું સ્વરૂપ વસ્તુતઃ અનિર્વચનીય અર્થાત્ અવક્તવ્ય છે. સર્વજ્ઞ તીર્થંકરો પણ આત્માનું પરિપૂર્ણ સ્વરૂપ કહી શકતા નથી. જેટલું શબ્દો દ્વારા કથાય છે તેટલું કહી શકે છે. બાકી તો **नेतिनेति** અવક્તવ્ય, અવાચ્ય કહે છે. એ પ્રમાણે સપ્ત ભંગીમાંના ત્રણ ભંગો કહેવામાં શ્રુતિયોની પણ અનુકુળતા સંભવે છે તેમાં વેદ શ્રુતિયોથી પણ વિરોધ આવતો નથી. આત્મામાં જે સમયે સત્વ છે તે સમયે અસત્વ છે. બન્ને ધર્મ ભિન્ન ભિન્ન અપેક્ષાએ એક કાલમાં રહે છે. વેદાન્તીઓ પણ અવ્યક્ત બ્રહ્મનું સત્વ માને છે અને માયાનું અસત્વ માને છે તેમને જેમ બે માનવા પડે છે તેમ વિરોધ આવવા છતાં પણ જેમ તેઓ **सत्त्व, असत्त्व** માને છે તો અત્યંતાભાવની અપેક્ષાએ આત્મામાં જડનું અસત્વ અને આત્માની દષ્ટિએ સત્વ એમ બેની સિદ્ધિ થાય છે. શિષ્યે પ્રશ્ન કર્યો કે આત્માનું સત્, અસત્ ( અસ્તિ-નાસ્તિ ) વ્યક્ત, અવ્યક્ત આદિ જે જે અસ્તિ સ્વરૂપ છે. અસ્તિ ધર્મ છે તે સંપૂર્ણ કહી શકાય તેમ નથી શું ? તેના ઉત્તરમાં જણાવવામાં આવે છે કે **स्यात् अस्ति अवक्तव्य** આત્માના જેટલા અસ્તિ ધર્મો અર્થાત્ સદ્‌ધર્મો છે તેટલા સર્વે અવક્તવ્ય છે અર્થાત્ અનિર્વચનીય, અવાચ્ય છે. સમાન એ શબ્દથી કવચિત્ કેટલોક સદ્‌ધર્મ, અસ્તિધર્મ જે વાણીદ્વારા કહી શકાય છે તે વાચ્ય છે બાકીનું અનંત અસ્તિ સ્વરૂપ અવાચ્ય ઠરે છે. એ પ્રમાણે છઠ્ઠા ભાંગામાં નાસ્તિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્મ પણ અસદ્ધર્મ પણ અવક્તવ્ય છે પણ **स्यात्** એ શબ્દથી કંઇક અસત્ ધર્મ વાચ્ય છે એમ પ્રતિપાદન કર્યું છે. પહેલા અને બીજા ભાંગામાં તો **अस्ति** અને નાસ્તિથી અર્થાત્ સત્, અસત્‌ની અપેક્ષાએ સિદ્ધિ કરી હતી તેના કરતાં ચોથો અને પાંચમો ભાગ અસ્તિ અને નાસ્તિના અવક્તવ્ય માટે મુખ્ય હતો એ માટે પરસ્પર વિરોધ આવતો નથી. **स्यात् नास्ति अवक्तव्य** એ ભાંગાની સિદ્ધિ થાય છે. એક કાલમાં **स्यात् अस्ति अवक्तव्यंचस्यान्नास्तिअवक्तव्यम** એ બે ઘટી શકે છે. એક કાળમાં આત્મામાં સત્ અને અસત્ય બન્ને અનિર્વચનીય છે એમ કહેવામાં આત્માના સ્વરૂપની નિશ્ચયતામાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. દ્રવ્ય રૂપે આત્મા નિત્ય છે જે ત્રણ કાળમાં ક્ષણિક થવાનો નથી એમ જૈનાચાર્યો પ્રતિપાદન કરે છે અને લોકમાન્ય તીલક પણ જૈનોના તીર્થંકર શ્રી મહાવીર આત્માને નિત્ય માને છે એમ તેમણે તેમના કર્મયોગ રહસ્યના ઉપોદ્ઘાતમાં સિદ્ધ કરી બતાવ્યું છે. તેથી સપ્તભંગીઓને અનેક અપેક્ષાએ આત્મામાં ઘટાવતાં દુનિયાના સર્વ દર્શનોની આત્માની માન્યતાને સાપેક્ષપણે અવિરોધી કરી શકાય છે તેથી સપ્તભંગીની આવશ્યકતા સિદ્ધ થાય છે.

ઉપર પ્રમાણે અનેક આશયોથી એક વસ્તુમાં અનેક ધર્મોને ઘટાવવામાં-સ્થાપવામાં અનેક સપ્તભંગીઓ ચતુર્ભંગીઓ વગેરે યોજવી પડે છે. સ્યાદ્વાદ મંજરી તથા સ્યાદ્વાદરત્નાકરાવતારિકામાં નીચે પ્રમાણે સપ્તભંગીનું સ્થાપન કરવામાં આવ્યું છે.

**अथ सप्तभङ्गीम् निरूपयति**

**एकत्रजीवादौवस्तुनि, एकैक सत्वादिधर्मविषयप्रश्नवशात् अविरोधेन प्रत्यक्षादिबाधापरिहारेण, पृथग्भूतयोः समुदितयोश्चविधिनिषेधयोः पर्यालोचनयाकृत्वास्याच्छब्दलाञ्छितो वक्ष्यमाणैः सप्तभिः प्रकारैर्वचनविन्यासः सप्तभङ्गीति गीयते । तद्यथा–१ स्यादस्त्येव सर्वमितिविधिकल्पनयाप्रथमोभङ्गः ।**

**स्यात्कथंचित्स्वद्रव्यक्षेत्रकालभावरूपेणाऽस्त्येवसर्वं कुम्भादि, न पुनः परद्रव्यक्षेत्रकालभावरूपेण, तथाहि कुम्भोद्रव्यतः पार्थिवत्वेनाऽस्ति, नाऽऽप्यादिरूपत्वेनक्षेत्रतः पाटलिपुत्रत्वेन नकान्यकुब्जादित्वेन । कालतः शैशिरत्वेन; नवसान्तिका-**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दित्वेन । भावतः श्यामत्वेन; नरक्तादित्वेन । अन्यथेतररूपापत्त्यास्वरूपहानिप्रसङ्गइति । अवधारणंचाऽत्रभङ्गेऽनभिमतार्थव्यावृत्त्यर्थमुपात्तम्, इतरथाअनभिहिततुल्यतैवास्य वाक्यस्यप्रसज्ज्येत; प्रतिनियतस्वार्थाऽनभिधानात् । यदुक्तम्,

" वाक्येऽवधारणंतावदनिष्टाऽर्थनिवृत्तयेकर्त्तव्यमन्यथाऽनुक्तसमत्वात्तस्यकुत्रचित् " ॥ १ ॥ तथाऽप्यस्त्येवकुम्भ इत्येतावन्मात्रोपादानेकुम्भस्य स्तंभाद्यस्तित्वेनाऽपिसर्वप्रकारेणाऽस्तित्वप्राप्तेः प्रतिनियतस्वरूपानुपपत्तिःस्यात् । तत् प्रतिपत्तये ' स्यात् ' इतिशब्दः प्रयुज्यते—स्यात्कथंचित् स्वद्रव्यादिभिरेवाऽयमस्ति; न परद्रव्यादिभिरपीत्यर्थः । यत्रापिचासौनप्रयुज्यते तत्रापिव्यवच्छेदफलैवकारवत्बुद्धिमाद्भिः प्रतीयतएव । यदुक्तम्—

सोऽप्रयुक्तोऽयिवातज्ज्ञैः सर्वत्रार्थात् प्रतीयतेयथैवकारोऽयोगादिव्यवच्छेद प्रयोजनः ।

( २ ) स्यान्नास्त्येव सर्वमिति निषेधकल्पनयाद्वितीयः

स्यात्कथंचित्नास्त्येवकुम्भादिः, स्वद्रव्यादिभिरपिवस्तुनोऽसत्वाऽनिष्टौहिप्रतिनियतस्वरूपाभावाद्वस्तुप्रतिनियतिर्नस्यात् । नचास्तित्वैकान्तवादिभि रत्र नास्तित्वमसिद्धमितिवक्तव्यम् । कथंचित्तस्यवस्तुनियुक्तिसिद्धत्वात्, साधनवत् । नहिक्वचिद् अनित्यत्वादौसाध्ये सत्त्वादिसाधनस्यास्तित्वंविपक्षेनास्तित्वमन्तरेणोपपन्नम्, तस्यसाधनत्वाभावप्रसंगात् । तस्माद्वस्तुनोऽस्तित्वंनास्तित्वेनाऽविनाभूतम्, नास्तित्वंचतेनेति । विवक्षावशात्चानयोः प्रधानोपसर्जनभावः । एवमुत्तरेष्वपिज्ञेयम् ॥ अर्पिताऽनर्पितासिद्धेः इतिवाचकवचनात् । इतिद्वितीयः ।

( ३ ) स्यादस्त्येवस्यान्नास्त्येवेति क्रमतो विधिनिषेधकल्पनयात्तृतीयः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सर्वमितिपूर्वसूत्रादिहोत्तरत्रचानुवर्त्तनीयम् । ततोऽयमर्थः । क्रमार्पितस्वपरद्रव्यादिचतुष्टयापेक्षयाक्रमार्पिताभ्यामस्तित्वनास्तित्वाभ्यांविशेषितं सर्वंकुम्भादि वस्तुस्यादस्त्येवस्यान्नास्त्येवेत्युल्लेखेनवक्तव्यमिति ।

( ४ ) स्यादवक्तव्यमेवेतियुगपद्विधिनिषेधकल्पनयाचतुर्थः।

द्वाभ्यामस्तित्वनास्तित्वधर्माभ्यां युगपत्प्रधानतयाऽर्पिताभ्यां एकस्यवस्तुनोऽभिधित्सायांतादृशस्यशब्दस्यासंभवाद् अवक्तव्यं-जीवादिवस्तु, तथाहि–सदसत्त्वगुणद्वयंयुगपद् एकत्र सदित्यनेनवक्तुमशक्यम्, तस्याऽसत्त्वप्रतिपादनाऽसमर्थत्वात्, तथाऽसदित्यनेनापितस्यसत्वप्रत्यायनसामर्थ्याऽभावात् । नचपुष्पदन्तादिवत्साङ्केतिकमेकंपदंतद्वक्तुंसमर्थम्, तस्याऽपिक्रमेणार्थद्वयप्रत्यायनेसामर्थ्योपपत्तेः, शतृशानयोः संकेतितसत्शब्दवत्; अतएवद्वन्द्वकर्मधारयवृत्त्योर्वाक्यस्यचनतद्वाचकत्वम्, इतिसकलवाचकरहित्वाद् अवक्तव्यंवस्तुयुगपत्सत्वाऽसत्त्वाभ्यांप्रधानभावार्पिताभ्यामाक्रान्तंव्यवतिष्ठते । नचसर्वथाऽवक्तव्यं; अवक्तव्यशब्देनापिऽप्यनभिधेयत्वप्रसङ्गात् । इतिचतुर्थः ।

( ५ ) स्यादस्त्येवस्यादवक्तव्यमेवेतिविधिकल्पनयायुगपद्विधिनिषेधकल्पनयाचपञ्चमः। स्वद्रव्यादिचतुष्टयापेक्षयाऽस्तित्वेसत्यस्तित्वनास्तित्वाभ्यांसहवक्तुमशक्यंसर्ववस्तु । ततः स्यादस्त्येवस्यादवक्तव्यमेवेत्येवंपञ्चमभङ्गेनोपदर्श्यत इति ।

( ६ ) स्यान्नास्त्येवस्यादवक्तव्यमेवविधिनिषेधकल्पनयायुगपद्विधिनिषेधकल्पनयापञ्चमः । परद्रव्यादिचतुष्टयापेक्षयाऽस्तित्वेसत्यस्तित्व नास्तित्वाभ्यांयौगपद्येनप्रतिपादयितुमशक्यंसमस्तंवस्तु । ततः स्यान्नास्त्येवस्यादवक्तव्यमेवेत्येवंषष्ठभङ्गेनप्रकाश्यते ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ७ ) स्यादस्त्येवस्यान्नास्त्येवस्यादवक्तव्यमेवेतिक्रमतो विधिनिषेधकल्पनयायुगपद्विधिनिषेधकल्पनयाचसप्तम इति ।

इतिशब्दः सप्तभङ्गीसमाप्त्यर्थः । स्वपरद्रव्यादिचतुष्टयापेक्षयाऽस्तित्वयोः सतोरस्तित्वनास्तित्वाभ्यांसमसमयमभिधातुमशक्यमखिलंवस्तुततएवमननेभङ्गेनोपदर्श्यते ।
उक्तंचश्रीरत्नप्रभाचार्यैः—

या प्रश्नाद्विधिपर्युदासभिदयाबाधच्युतासप्तधा
धर्मंधर्ममपेक्ष्यवाक्यरचनाऽनेकात्मके वस्तुनि ॥
निर्दोषानिरदेशिदेव ! भवतासासप्तभङ्गी यया
जल्पन्जल्परणांगणेविजयतेवादीविपक्षंक्षणात् ॥१॥

ઉપર પ્રમાણે સપ્તભંગીનું સ્વરૂપ વાચકોએ અવબોધીને તથા શંકરાચાર્યે કરેલું સપ્તભંગીના ખંડનનું પુનઃ મંડન અવબોધીને આત્મજ્ઞાની જૈનાચાર્યોની વિદ્વત્તાનો ખ્યાલ કરવો જોઇએ. જૈનધર્મ દિવાકર, વિશ્વદિવાકર શ્રી સિદ્ધસેનસૂરિએ સમ્મતિતર્ક કે જે ન્યાયનો મહાન્ ગ્રંથ છે તેમાં સપ્તભંગીનું એવું અલૌકિક વર્ણન કર્યું છે કે જેને વાંચીને મહાધુરંધર વિદ્વાનો પણ તાજુબ થઇ જાય છે. પક્ષપાતી અને એકાન્તે સ્વધર્મકદાગ્રહી, સત્ય સિદ્ધાંતોની યુક્તિયોને દેખી શકતો નથી. અનેકાંત જયપતાકામાં સપ્તભંગીનું સારી રીતે વર્ણન કર્યું છે. શંકરાચાર્ય એક બ્રહ્મમાં વિરૂદ્ધ અનંત ધર્મોને માયા વડે માને છે તેવું ખંડન પોતાના સૂત્રથી થાય છે તેથી જૈનોની સપ્તભંગીનું ખંડન કરવા જતાં બ્રહ્મનું મૂળમાંથી ખંડન થઇ જાય છે. પરસ્પર વિરૂદ્ધ લાગતા ભાંગાઓની અપેક્ષા સમજવામાં આવે તો કબીર, તથા શ્રી આનંદઘનની અવલવાણીની પેઠે વિરોધ ટાળી શકાય. વાંચોને નીચેની વેદશ્રુતિ કે જે પ્રથમ વિરોધી લાગે છે પણ સપ્તભંગીની પેઠે પૂર્વાપર અપેક્ષાઓથી સિદ્ધ થાય છે. શ્રુતિ, अदृष्टो दृष्टा अश्रुतः श्रोता अमतो मंता अविज्ञातो विज्ञाता એ શ્રુતિમાં અપેક્ષાની પેઠે આત્મજ્ઞાનીઓ સપ્તભંગીને અપેક્ષાપૂર્વક સમજવાના અધિકારી બને છે.

હવે શંકરાચાર્ય જૈનધર્મના સિદ્ધાંતોથી અજ્ઞાત હતા તે તેમના શબ્દોથી સિદ્ધ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## श्री शंकराचार्ये करेली भूलो.

તથા તેના ગુજરાતી ભાષાંતર કરનાર

## नथुराम शर्मानी भूलो ( ब्रह्मसूत्र विवेचनमां ).

" ૧ કર્મપાશનો નાશ થયા છતાં અલોકાકાશમાં પેઠેલાનું સર્વજ્ઞ ઉર્ધ્વગમન. ૨ પુદ્‌ગલાસ્તિકકાય ( પરમાણુ સંઘ કાયા ) ૩ ધર્માસ્તિકાય ( શાસ્ત્રીય પ્રવૃત્તિના હેતુ ભૂત સંસ્કાર ) ૪ અધર્માસ્તિકાય ( ઉર્ધ્વગમન શીલ જીવની દેહમાં સ્થિતિનો હેતુ ) ૫ આકાશાસ્તિકાય. ( આવરણનો અભાવ ) ૬ નિત્યમુક્ત અર્હન્ આદિ. ૭ ચાર ભૂતો અને સ્થાવર અને જંગમ એ ૭ પ્રકારના પુદ્ગલસ્તિકાયના ભેદ છે. ૮ અલોકાકાશમાં મુક્ત જીવો રહે છે. ૯ આઠ પ્રકારનાં કર્મો તે બંધ કહેવાય છે. ૧૦ તત્ત્વજ્ઞાનથી મુક્તિ નથી એવું જ્ઞાન તે જ્ઞાનાવરણીય. ૧૧ આર્હત તંત્રના શ્રવણથી મુક્તિ નથી એવું જ્ઞાન તે દર્શનાવરણી. ૧૨ મને તત્ત્વ જણાયલું છે એવું અભિમાન તે વેદનીય કર્મ. ૧૩ અમુક નામ વાળો હું છું એવું અભિમાન તે નામિક. ૧૪ હું આર્હતના શિષ્યવંશમાં પ્રવેશ પામેલો છું એવું અભિમાન તે ગોત્ર કર્મ. ૧૫ સર્વ પદાર્થોના અવાચ્યપણાનોનો અસંભવ છે કેમ ? જે અવાચ્ય ( અવક્તવ્ય ) હોય છે તે બોલી શકાય નહીં. "

વેદાન્તના શ્રી શંકરભાષ્યાનુસારે કાઠીઆવાડી બિલ્ખા નિવાસી શ્રી નથુરામ શર્માએ શાંકરભાષ્યનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કર્યું છે તેમાં નથુરામે શર્માએ પણ એ પ્રમાણે શંકરાચાર્યની ભૂલો ને કબુલ રાખી છે તેથી શંકરાચાર્યે અને નથુરામ શર્માએ જૈનધર્મ તત્ત્વના અજાણપણાથી ગંભીર ભૂલો કરી છે. જૈનના બાળકને જેટલું જૈનતત્ત્વોનું જ્ઞાન હોય છે તેટલું પણ ઉપર પ્રમાણે ભૂલો દેખતાં શંકરાચાર્યને અને પં. નથુરામ શર્માને જૈનતત્ત્વ જ્ઞાન સંભવતું નથી. શંકર દિગ્વિજયમાં જેમ આનંદગિરિએ જૈન દિગમ્બર સાધુના મસ્તકે તિલક કર્યાનો જૂઠો આરોપ મૂકયો છે. તે પ્રમાણે શંકરાચાર્યે પણ તે વખતના અજ્ઞાની મૂર્ખ લોકોની આગળ પોતાની જૈનધર્મ તત્ત્વ જાણપણાની આડંબરતા જણાવી છે. શંકરાચાર્યે જૈનશાસ્ત્રોને વાંચવાની તસ્દી લીધી નથી, જર્મન વિદ્વાન્ હર્મન જેકોબીના જેટલો પણ જો શંકરાચાર્યે જૈનધર્મતત્ત્વોને ભણવા અભ્યાસ કર્યો હોત તથા નથુરામ શર્માએ અભ્યાસ કર્યો હોત તો તેમના હાથે ભૂલોનો પ્રસંગ પ્રાપ્ત થાત નહીં. લોકના અગ્રભાગે સિદ્ધ પરમાત્માઓની સ્થિતિ છે પરંતુ અલોકાકાશમાં તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ જીવોનું કદાપિ ઉર્ધ્વગમન થઇ શકતું નથી. એ પ્રમાણે પહેલી ભૂલનો ઉત્તર સમજવો. પરમાણુ સંધકાયા તે પુદ્‌ગલાસ્તિકાયનું લક્ષણ કહ્યું નથી પણ પરમાણુઓજ પુદ્‌ગલાસ્તિકાય તરીકે જાણવા અને પરમાણુ સંધ તો પુદ્‌ગલ સ્કંધો જાણવા એ પ્રમાણે બીજી ભૂલનો ઉત્તર જણાવ્યો, ૩ ધર્માસ્તિકાય અરૂપી છે અને તે જીવપુદ્‌ગલને ગમનમાં સાહાય્યકારક છે પણ શાસ્ત્રીય પ્રવૃત્તિના હેતુ ભૂત સંસ્કાર નથી એ પ્રમાણે જૈનશાસ્ત્રોના આધારે ત્રીજી ભૂલનો સુધારો જણાવ્યો. ૪ જીવ અને પુદ્‌ગલને સ્થિરતામાં જે હેતુ ભૂત નિમિત્ત કારણ બને છે તે અધર્માસ્તિકાય છે પણ ઉર્ધ્વગમનશીલ જીવની દેહમાં સ્થિતિનો હેતુ તે અધર્માસ્તિકાયનું લક્ષણ નથી. આત્માની દેહમાં સ્થિતિ થાય છે તેનું કારણ તો આયુષ્યકર્મ છે. એ પ્રમાણે શંકરાચાર્ય તથા નથુરામ શર્માની ચોથી ભૂલનો સુધારો જાણવો. ૫ આવરણના અભાવને આકાશાસ્તિકાય કહ્યું નથી પરંતુ જે અન્યદ્રવ્યોને અવગાહ આપે છે એવું સપ્રદેશી અરૂપી દ્રવ્યને આકાશાસ્તિકાય કહે છે. એ પ્રમાણે પાંચમી ભૂલનો સુધારો જાણવો. ૬ અર્હન્ આદિ નિત્ય મુક્ત કહ્યા છે તેમનું અજ્ઞાન દર્શાવ્યું છે. સિદ્ધ ભગવંતો નિત્ય મુક્ત ગણાય છે પરંતુ અરિહંતોને અરિહંત પદવી હોય છે ત્યાં સુધી ચાર અઘાતી કર્મ હોય છે તેથી તે નિત્યમુક્ત ગણાતા નથી પરંતુ તે અર્હંતો આઠ કર્મથી મુક્ત થાય છે ત્યારે સિદ્ધ ગણાય છે. એ પ્રમાણે છઠ્ઠી ભૂલનો સુધારો સમજવો. ૭ ચાર ભૂતો અને સ્થાવર જંગમ એ ૭ પ્રકારના પુદ્‌ગલાસ્તિકાયના ભેદ કોઇ જૈનશાસ્ત્રોમાં જણાવ્યા નથી એ પ્રમાણે સાતમી ભૂલનો સુધારો જાણવો. ૮ આલોકાકાશમાં મુક્ત જીવો રહેતા નથી. **लोकाग्रे प्रतिष्ठिताः सिद्धाः** લોકના અગ્રભાગે સિદ્ધો રહે છે પણ આલોકાકાશમાં મુક્ત જીવો રહેતા નથી એ પ્રમાણે આઠમી ભૂલનો સુધારો જાણવો. ૯ આઠ પ્રકારનાં કર્મો તે કર્મો ગણાય છે પણ તે કર્મના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એ ચાર ભેદ પડે છે એમ નવમી ભૂલનો સુધારો જાણવો. ૧૦ તત્ત્વજ્ઞાનથી મુક્તિ નથી એવું જ્ઞાન તે જ્ઞાનાવરણીય કર્મ, આવી જ્ઞાનાવરણીયની વ્યાખ્યા કોઇ કરે તે મૂર્ખ જાણવો. વસ્તુ તત્ત્વનું સમ્યગ્જ્ઞાન કરવામાં જે કર્મ આવરણ કરે છે તે જ્ઞાનાવરણીય કર્મ જાણવું, સમ્યગ્જ્ઞાનનું આચ્છાદન કરે છે તે જ્ઞાનાવરણીય કર્મ ગણાય છે. ભાવાર્થ સૂત્ર આદિ શાસ્ત્રોના આધારે એ પ્રમાણે વ્યાખ્યા થાય છે એ પ્રમાણે દશમી ભૂલનો સુધારો કરવામાં આવ્યો. આર્હંતતંત્રના શ્રવણથી મુક્તિ નથી. એવું જ્ઞાન તે દર્શનાવરણીય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મની વ્યાખ્યા ખોટી છે. આત્માના સામાન્ય જ્ઞાનોપયોગરૂપ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શનનું જે કર્મ આચ્છાદન કરે છે તેને દર્શનાવરણીય કર્મ કહેવામાં આવે છે. એ પ્રમાણે અગિયારમી ભૂલનો સુધારો કર્યો. ૧૨ મને તત્ત્વ જણાયું છે એવું જે અભિમાન તે વેદનીય કર્મ એવી જૈનશાસ્ત્રોમાં વેદનીય કર્મની વ્યાખ્યા નથી. પુણ્યોદયથી સુખ વેદાય છે અને પાપોદયથી દુઃખ વેદાય છે. શુભ કર્મના ફલ રૂપ શાતા વેદનીય અને અશુભ કર્મના ફલ રૂપ અશાતા વેદનીય. એમ વેદનીય કર્મની વ્યાખ્યા જાણવી એ પ્રમાણે બારમી ભૂલનો સુધારો જાણવો. ૧૩ અમુક નામનું અભિમાન તે નામ કર્મનું લક્ષણ, શ્રી શંકરાચાર્યે જૈનશાસ્ત્રોના અજ્ઞાનથી ફૂટી માર્યું છે. જેનાથી શરીરાદિ પ્રકૃતિયો વડે જીવ બંધાય છે, તે શરીરાદિ-જાતિ આદિ પ્રકૃતિયોને નામ કર્મ જાણવું. એ પ્રમાણે તેરમી ભૂલનો સુધારો જાણવો. ૧૪-હું આર્હતના શિષ્યવંશમાં પ્રવેશ પામેલો છું એવું અભિમાન તે ગોત્ર કર્મ, એવી ગોત્ર કર્મની શંકરાચાર્યે કરેલી વ્યાખ્યા અસત્ય છે. ઉચ્ચ ગોત્ર વા નીચ ગોત્રના નામથી જે જીવનું આવાહન થાય તે ગોત્ર કર્મ જાણવું. એ પ્રમાણે ચૌદમી ભૂલનો સુધારો જાણવો. ૧૫ સર્વ પદાર્થોના અવાચ્યપણાનો અસંભવ છે. કેમકે જે અવાચ્ય હોય તે બોલી શકાય નહીં આમ સપ્તભંગી પ્રસંગે શંકરાચાર્યે જે આક્ષેપ કર્યો છે તે અસત્ય છે-જૈનો **स्यात् अवक्तव्य** તેમાં **स्यात्** એ શબ્દથી કથંચિત્ અવાચ્ય છે. પરંતુ વાચ્યનો સર્વથા પ્રકારે નિષેધ કરવામાં આવ્યો નથી. **स्यात् वाच्यं स्याद् अवाच्यं**-આત્માનું સ્વરૂપ કથંચિત્ કહેવા યોગ્ય છે અને કથંચિત્ કહેવા યોગ્ય નથી. આત્માની વ્યાખ્યા કરતાં કરતાં કરોડો વર્ષ થઇ જાય તો પણ આત્માનું પરિપૂર્ણ સ્વરૂપ કરી શકાય નહીં. માટે જેટલું આત્માનું સ્વરૂપ કહેવાય છે ( વાચ્ય છે ) તેના કરતાં અનંત ગુણ સ્વરૂપ અવાચ્ય રહે છે, એમ જૈનાચાર્યોનો કહેવાનો આશય છે. પરંતુ શંકરાચાર્યની પેઠે સર્વથા અનિર્વચનીય બ્રહ્મ છે એવું કહીને પુનઃ બ્રહ્મસૂત્રો વગેરેનું ભાષ્ય રચવું, ઉપદેશ દેવો, એમ જૈનાચાર્યો **स्यात् अवक्तव्य** ભંગથી જણાવતા નથી. અવક્તવ્ય એમ એકાંતે ન સમજાય અને પદાર્થોનું સ્વરૂપ કહી શકાય એમ ગૌણપણાથી જણાવવા માટે **स्यात्** શબ્દનો ઉપયોગ કર્યો છે, તેથી આત્માદિ તત્ત્વોનું પ્રતિપાદન કરવામાં કોઇ જાતનો વિરોધ આવતો નથી.

## ૩૪ एवं चाऽऽत्माकात्स्न्र्यम् એ वेदान्त सूत्रनुं खंडन.

**શંકરાચાર્ય પક્ષ**—શરીરમાં વ્યાપી આત્મા મધ્યમ પરિમાણવાળો છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ દિગંબરો (જૈનો) માને છે. જો શરીરના પ્રમાણ જેટલો જીવ છે તો તે જીવ પરિચ્છિન્ન હોવાથી ઘટાદિની પેઠે અનિત્ય થશે. નાના બાળકનો જીવ તેના શરીર પ્રમાણે છે. મોટો થતાં શરીર સ્થૂલ થતાં તે બાળકના શરીરનો કેટલોક ભાગ નિર્જીવ રહેશે. જેમ દીવાના અવયવોનો ઘટમાં સંકોચ અને ઘરમાં વિકાસ થાય છે તેમ જીવના અવયવોનો નાના શરીરમાં સંકોચ અને મોટા શરીરમાં વિકાસ થાય છે એમ કહો તો અમે પુછીએ છીએ કે જીવના અવયવો ભિન્ન દેશમાં રહેલા છે કે એક દેશમાં રહેલા છે ? જો ભિન્ન દેશમાં રહેલા છે એમ કહો તો જેમ ઘડાની બહારના દીપના અવયવો નાશ પામે છે. તેમ નાના શરીરમાં જીવનો પ્રવેશ થાય છે ત્યારે તેના વધારાના બીજા અવયવો નાશ પામે છે. એમ કહેવું પડશે ને તેથી વિકારી જીવ નાશવાન્ ઠરશે. અવયવોનો નાશ નથી થતો પણ તે સંકોચ પામે છે એમ કહો તો ઘટમાં સંકોચ પામેલા દીપના અવયવોથી જેમ ઘટમાં ઉષ્મા તથા પ્રકાશ વધે છે. તેમ મોટા શરીર કરતાં નાના શરીરમાં જીવનું પ્રાબલ્ય વિશેષ જોઇએ પણ તેમ તો જોવામાં આવતું નથી માટે તે કથન પણ અસંભવ દોષવાળું છે, જીવના અનંત અવયવો એક દેશમાં રહેલા છે એમ કહો તો સર્વે અવયવોના સ્થૂલપણાની અસિદ્ધિથી જીવને અણુ પરિમાણની પ્રાપ્તિ થઇ તમારો મધ્યમ પરિમાણપક્ષ નિવૃત્ત થઇ જશે. વળી શરીર જેવડા પરિચ્છિન્ન જીવના અવયવોનું અનંતપણું કલ્પવું એ પણ અયુક્ત છે.

**ઉપર પ્રમાણે શંકરાચાર્યે કરેલા ખંડનનું આ સંબંધમાં નીચે પ્રમાણે મંડન**—કર્મ સહિત શરીરધારી આત્મા શરીરવ્યાપી છે—આત્મા શરીર વ્યાપ્ત છે. આત્માના અસંખ્યાત પ્રદેશ છે. પરમાણુઓ કરતાં આત્માનું જુદા પ્રકારનું સ્વરૂપ છે. પરમાણુઓ રૂપી છે અને આત્મા અરૂપી છે. પરમાણુના કરતાં પણ આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ છે. જૈનાગમોમાં આત્માના પ્રદેશોનું સ્વરૂપ સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જૈનશાસ્ત્રો આત્માના અવયવોનો સ્વીકાર કરતાં નથી. પરંતુ આત્માના પ્રદેશોનો સ્વીકાર કરે છે. અવયવો પરસ્પર જુદા પડે છે પરંતુ આત્માના પ્રદેશો અરૂપી હોઇ એક બીજાથી ત્રણ કાલમાં જુદા પડતા નથી. આત્મા પ્રદેશ સહિત છે એમ વેદ શ્રુતિથી સિદ્ધ થાય છે જુઓ નીચે પ્રમાણે વેદ શ્રુતિનો પાઠ **प्रादेशमात्रमिवह वैदेवाः सुविदितार्थभिसम्पन्नाः** ( પૂર્વ કાલમાં દેવો આત્માને-પરમાત્માને પ્રદેશ માત્ર રૂપે જાણતા હતા. તથા આત્માના પ્રદેશો સાથે અભેદભાવને પામતા હતા. ) આ વેદશ્રુતિની પૂર્વે તીર્થંકરોએ પ્રદેશ સ્વરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માનું પ્રતિપાદન કર્યું હતું એમ આ શ્રુતિથી જણાવવામાં આવ્યું છે. દેવો એટલે રાગદ્વેષ રહિત તીર્થંકરો સુવિદિત હતા અને તે આત્માના શુદ્ધ સ્વરૂપને પામ્યા હતા. આત્મપ્રદેશ જ્ઞાનમય છે. આત્મપ્રદેશથી જ્ઞાન અભિન્ન છે માટે આત્મપ્રદેશોનું સ્વરૂપ જાણવા યોગ્ય છે. પાંચ પ્રકારના શરીરનો ત્યાગ કરીને કર્માવસ્થામાં શરીરથી ભિન્ન આત્મા અન્યત્ર રહેતો નથી. જ્યાં આત્મા છે ત્યાં પંચેન્દ્રિયનું જ્ઞાન છે. સંસારીપણામાં મનને અને આત્માને લોલીભાવ ઓતપ્રોત સંબંધ છે. મનની સાથે કામ વિષય વાસના રાગદ્વેષ વગેરેનો સંબંધ છે. આત્માની સાથે રહેલા રાગદ્વેષનો ક્ષય થવાથી આત્મા શુદ્ધ થાય છે. શુદ્ધાત્મા તેજ પરમાત્મા છે. **શ્રુતિ—यदा सर्वे प्रमुच्यन्ते कामायेऽस्य हृदिश्रिताः। अथ मर्त्योऽअमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ॥** જ્યારે મનુષ્યના હૃદયમાં રહેલા સર્વ કામોથી આત્મા મૂકાય છે ત્યારે મનુષ્ય અત્ર એટલે આ મનુષ્ય લોકમાં અમૃત થાય છે અર્થાત્ મરણ અવસ્થા રહિત થાય છે અને આ મનુષ્ય શરીરમાં રહેલો આત્મા તે અત્ર એટલે અહીં મનુષ્ય ભવમાં પરમાત્મા બને છે. અર્થાત્ તે રાગદ્વેષનો ક્ષય કરી આત્માનું પરમાત્મસ્વરૂપ બ્રહ્મપદને પ્રાપ્ત કરે છે. એ ઉપરની શ્રુતિમાં હૃદયમાં રહેલા કામોથી મુક્ત થવાનું કહ્યું છે. શરીરમાં આત્મા વ્યાપી રહે છે પણ તેના પ્રકાશનું જે દ્વાર છે તેને હૃદય કહે છે તેથી વેદ શ્રુતિમાં મર્ત્ય અર્થાત્ મનુષ્યના શરીરમાં આત્મા છે એમ સિદ્ધ કર્યું છે. પણ શરીરની બહાર આત્મા નથી એમ એજ વેદશ્રુતિથી સિદ્ધ થાય છે. શરીરની બહાર આત્મા છે એમ કોઇ વેદશ્રુતિમાં પ્રતિપાદન કર્યું નથી. બ્રહ્મસૂત્ર અધ્યાય પહેલો બીજા પાદના ૩૨ બત્રીશમા સૂત્રમાં આત્મા શરીરમાં રહેલો છે એમ વ્યાસે સિદ્ધ કર્યું છે. જુઓ વ્યાસકૃત સૂત્ર.

## आमनन्ति चैनमस्मिन् ॥ ३२ ॥

**च** અને **एनं** આને ( આત્માને ) **अस्मिन्** આમાં પાંચ પ્રકારના શરીરમાં જાબાલ આદિ ઋષિયો માને છે. મસ્તકથી ચિબુક પર્યંતમાં આત્માના પ્રદેશો વિશેષ રહેલા છે. આ વેદાન્ત સૂત્રથી પણ આત્મા શરીરમાં વ્યાપીને રહેલો છે તેથી તેને શરીરની ઉપાધિના આશ્રયની અપેક્ષાએ જૈનાગમો શરીર પ્રમાણ આત્માને માને છે તેથી કંઇ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ આત્માનું પરિમાણ જૈનાગમો સ્વીકારતાં નથી તેથી આત્માના પરિમાણની કલ્પના કરીને ખંડન કરવા જે શંકરાચાર્યે પ્રયત્ન કરેલો છે તે વ્યર્થ છે. જૈનાગમો શરીરવ્યાપી આત્મા છે એટલું સિદ્ધ કરે છે અને તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધિમાં ઉપર પ્રમાણે વેદ શ્રુતિ તથા બ્રહ્મ સૂત્રની સાક્ષી આપવામાં આવેલી છે. પરમાણુથી, શબ્દથી, રૂપથી, રસથી, ગંધથી, સ્પર્શથી, આત્મા ભિન્ન છે. વસ્તુતઃ આત્મા લઘુ નથી, હ્રસ્વ નથી, જાડો નથી, પાતળો નથી, રૂપી જડપુદ્ગલ સ્કંધનાં પરિમાણો છે પણ આત્મા તો તેનાથી ભિન્ન હોવાથી તેનું પરિમાણ નથી. પરંતુ શરીરમાં અસંખ્યાત પ્રદેશવડે વ્યાપીને આત્મા રહે છે તેથી શરીરના પરિમાણ જેટલા પરિમાણવાળો ઔપચારિક દેહ કલ્પનાથી આત્મા ગણાય છે તેથી તેને શંકરાચાર્યે જણાવેલા દોષોની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. તેમ છતાં શ્રી શંકરાચાર્યજીએ દર્શાવેલા દોષોનો નીચે પ્રમાણે પરિહાર કરવામાં આવે છે.

## शंकराचार्ये आपेला दोषोनो परिहार.

શરીરમાં વ્યાપીને આત્મા રહેલો છે એવો અનુભવ આવે છે પણ શરીરની બહાર્ આત્મા પોતાનો છે એવો અનુભવ આવતો નથી. આત્માનો જ્ઞાનદર્શન ગુણ છે ગુણ અને ગુણીનો તાદાત્મ્ય અભેદ સંબંધ છે. જ્ઞાનથી આત્માનો સાક્ષાત્કાર અપરોક્ષ અનુભવ થાય છે તેથી જ્ઞાનરૂપ આત્મા છે એમ અનુભવાય છે. શરીરમાં આત્મા વ્યાપીને રહેવાથી કંઇ શરીરની પેઠે અનિત્ય થઇ જતો નથી. જેમ તમારા મત પ્રમાણે શરીરમાં જડમાં વ્યાપીને રહેનાર બ્રહ્મની અનિત્યતા થતી નથી તેમ શરીરમાં વ્યાપી રહેલા આત્માની કાર્યતા ક્ષીણતા થતી નથી. આત્મા વસ્તુતઃ અરૂપી હોવાથી શરીરમાં વ્યાપવા માત્રથી તેની અનિત્યતા થઇ જતી નથી. મનુષ્યના શરીરમાં તેટલા પ્રમાણમાં વ્યાપીને અસંખ્યાત પ્રદેશોવડે રહે છે તે જ આત્મા હાથીનું શરીર પ્રાપ્ત કરે છે ત્યારે હાથીના જેટલા શરીરમાં વ્યાપીને રહે છે. જેટલું શરીર થાય તેટલા પ્રમાણવાળા શરીરમાં વ્યાપીને રહેવાનો કર્મના યોગે આત્માનો વિભાવ થાય છે તેથી શરીર પ્રમાણ જેટલું પ્રમાણ આત્માનું ગણાતું નથી કારણ આત્મા અરૂપી છે માટે-રૂપી એવી નીલમણિની પ્રભા ઘડા જેટલા જળમાં વ્યાપીને રહે છે અને કડાઇ જેટલા જળમાં પણ વ્યાપીને રહે છે તો અરૂપી એવા આત્માના પ્રદેશો કર્મયોગે શરીર જેવડું હોય તેટલામાં વ્યાપીને રહે એમાં કંઇ આશ્ચર્ય નથી. કર્મના યોગે આત્માના પ્રદેશોનો નાના શરીરમાં સંકોચ થાય છે અને મોટા શરીરમાં વિકાસ થાય છે તેથી કંઇ સંકોચ વિકાસ થવાથી રૂપી પદાર્થની પેઠે અરૂપી એવા આત્મ પ્રદેશોમાં અનિત્યપણાનો દોષ પ્રાપ્ત થતો નથી. કર્મના યોગે આત્માના પ્રદેશોનો સંકોચ વિકાસ છતાં તેમાં આત્મારૂપ મૂલ દ્રવ્ય નષ્ટ ન થવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા મૂલ દ્રવ્યની અપેક્ષાએ વિકાસ થતો નથી અને તેથી પર્યાએ વિકાર થવાથી મૂલ આત્મદ્રવ્યની હાનિ થવાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. ઘટમાં સંકોચ પામેલા દીપના પ્રકાશ પુદ્ગલોથી ઘટમાં ઉષ્મા થાય છે તેનું કારણ એ છે કે દીપક અને દીપકનો પ્રકાશ પુદ્ગલ સ્કંધ રૂપી છે તેથી તેમાં ઉષ્મા રહે છે પણ આત્મા તો પુદ્ગલથી ભિન્ન જડાતીત હોવાથી તેમાં ઉષ્મા ન હોવાથી તેમાં દીપકની પેઠે ઉષ્ણુતા પ્રાપ્ત થતી નથી—**अस्थूलमनुणमह्रस्वमदीर्घम्** એ વેદ શ્રુતિ કથે છે કે આત્મા, બ્રહ્મ, સ્થૂલ નથી, હ્રસ્વ નથી, દીર્ઘ નથી, આ શ્રુતિથી આત્મામાં ઉષ્ણુતા શીતતા રહેતી નથી. તેથી આત્માના પ્રદેશોનું ન્હાના શરીરમાં વ્યાપીને રહેવાથી અર્થાત્ આત્માનું ન્હાના શરીરમાં વ્યાપીને રહેવાથી ન્હાના શરીરમાં ઉષ્ણુતા વધતી નથી અને મોટા શરીરમાં આત્મા વ્યાપવાથી કંઇ શીતતા વધતી નથી. કારણ કે ઉષ્ણુતા અને શીતતા એ બે જડ પુદ્ગલના પર્યાય છે તે કંઇ આત્માનો ગુણ નથી. ઉપર પ્રમાણે વેદ શ્રુતિ પ્રમાણે આત્મા હોવાથી નાના શરીરમાં આત્મા પ્રવેશવાથી શરીરની ઉષ્ણુતા વગેરે દોષોની પ્રાપ્તિ થતી નથી—શરીરમાં વ્યાપી રહેલા આત્માના અસંખ્ય પ્રદેશોને અસંખ્ય કહેવામાં કલ્પના નથી પણ સત્યતા છે. સાયન્સ વિદ્યાના પ્રોફેસરોએ હાલમાં એક સ્થૂલ પરમાણુના પણ કરોડો પરમાણુઓ થાય છે એમ શોધ કરી છે. જો કે પરમાણુઓ રૂપી છે છતાં તે એક સૂક્ષ્મ સ્થાનમાં માઇ રહે છે તો પરમાણુઓથી ભિન્ન અરૂપી નિરવયવ એવા આત્માના પ્રદેશો એક લઘુ શરીરમાં વ્યાપીને રહે તેમાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. સાયન્સ વિદ્યાના પ્રોફેસરો હજી પરમાણુ સુધીની શોધથી આગળ વધી શકયા નથી અને પરમાણુથી પણ સૂક્ષ્મ અરૂપી આત્મ પ્રદેશોની શોધ તો હજી કરવાની બાકી રહી છે. કેવલી ભગવંતોએ એ શોધ કરેલી છે અને પૂર્વે આપેલી વેદ શ્રુતિ સંમત પણ છે તેથી આત્માના પ્રદેશો માનવામાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. સર્વજ્ઞ કે તીર્થંકરે કેવળ જ્ઞાનચક્ષુથી પ્રદેશો દેખેલા છે. દાક્તર બોઝે પત્થર વગેરેમાં જીવો છે તેની જેમ હાલ શોધ કરી છે તેની શોધ તો પૂર્વે તીર્થંકરોએ કરી હતી તેમ આત્મ પ્રદેશો પણ સર્વજ્ઞ કથિત છે માટે નાના મોટા શરીરમાં વ્યાપતાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. આત્માના અસંખ્ય પ્રદેશોમાં નાનું વા મોટું શરીર પ્રાપ્ત થતાં હાનિ વૃદ્ધિ થતી નથી. મોટા શરીરની પ્રાપ્તિમાં આત્માના પ્રદેશોની વૃદ્ધિ થતી નથી અને નાનું શરીર પ્રાપ્ત થતાં આત્મ[illegible]શો ઘટતા નથી. ન્હાના શરી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રની બહાર કેટલાક પ્રદેશો રહેતા નથી, તેમજ મોટું શરીર પ્રાપ્ત થતાં શરીરમાંનો કેટલોક ભાગ પ્રદેશ વિનાનો રહેતો નથી. ન્હાનું મોટું શરીર પ્રાપ્ત થતાં આત્માનો એક પ્રદેશ પણ ઘટતો નથી તેમ એક પ્રદેશ પણ વૃદ્ધિ પામતો નથી તેથી નીચેનું વેદાન્ત સૂત્ર અસત્ય ઠરે છે.

## पूर्व पक्ष—नच पर्यायादप्यविरोधो विकारादिभ्यः ॥३९॥ अ. २ ॥ पा. २ ॥

વિકારાદિ દોષથી પર્યાયથી પણ અવિરોધસાધવો શક્ય નથી, વિકારાદિદોષના પ્રસંગથી ક્રમવડે અવયવોના આગમથી તથા અપાયથી પણ જીવનનું મધ્યમ પરિણામપણું અવિરોધ વડે સિદ્ધ કરવું અશક્ય છે. અવયવોના આવવા તથા જવા વડે નિરંતર વૃદ્ધિ પામતા તથા ક્ષીણ થતા જીવનનું વિક્રિયાવાળાપણું અપરિહાર્ય છે. જીવના આવનારા અવયવો ક્યાંથી પ્રાદુર્ભાવ પામે છે અને જીવના જનારા અવયવો કયાં લય પામે છે. એ પણ તમારે દર્શાવવું જોઇએ.

## उत्तरपक्ष–३९ वेदान्तसूत्र खंडन तथा शंकरपक्षखंडन रूप उत्तर.

અમે પૂર્વે કહી આવ્યા છીએ કે આત્માના અસંખ્ય પ્રદેશરૂપ મૂલ દ્રવ્યમાં કોઇ જાતનો વિકાર થતો નથી કે જેથી આત્માનું પ્રદેશરૂપ મૂલ દ્રવ્ય નષ્ટ થઇ જાય. દુનિયામાં એવી કોઇ વસ્તુ વા એવું કોઇ બળ નથી કે જે આત્માના પ્રદેશોનો ક્ષય કરે વા એક નવો પ્રદેશ વધારે. શંકરાચાર્યે તથા વેદાન્ત વ્યાસે દીપકના પ્રકાશ જેવા આત્માના પ્રદેશો ધારીને તેનું ખંડન કરવા પ્રયત્ન કર્યો છે પણ આત્માના અસંખ્ય પ્રદેશો કંઇ દીવાના પ્રકાશના પ્રદેશો જેવા રૂપી નથી તથા દીવાના પ્રકાશના પ્રદેશોની પેઠે હાનિ વૃદ્ધિને પામતા નથી તેથી આત્માના અસંખ્ય પ્રદેશોમાં હાનિ વૃદ્ધિરૂપ વિકાર પ્રાપ્ત થતો નથી કે જેથી આત્માના પ્રદેશોનું કાર્યપણું થઇને તે વિનશ્વર થઇ જાય. અનાદિકાળથી સપ્રદેશ આત્મા છે તેથી તે નિત્ય છે. જેમ બ્રહ્મ અનાદિકાળથી છે અને અનંતકાળ પર્યંત રહેવાનું તેમાંથી કંઇ જતું નથી અને નવું આવતું નથી. તેમ બ્રહ્મ સ્વરૂપ સપ્રદેશ આત્માના પ્રદેશો અનાદિકાળના છે તેથી કોઇ સ્થાનથી તે આવ્યા નથી. અનાદિકાળના છે અને તે અસંખ્ય પ્રદેશોમાંથી કોઇ પ્રદેશ ઘટીને કોઇમાં દીપકના પ્રકાશની પેઠે વિલય પામ[illegible] નથી. એમ દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## शंकराचार्य पूर्वपक्ष.

જીવના અવયવોમાં શું પ્રત્યેક અવયવ ચૈતન્ય રૂપ છે ? અથવા તેનો સમૂહ ચૈતન્યરૂપ છે ? પ્રત્યેક અવયવ ચૈતન્યરૂપ છે એમ કહો તો એક શરીરમાં ઘણાં ચૈતન્યો થવાથી બધાના એક અભિપ્રાયના અનિયમપણાથી પરસ્પરના વિરોધને લીધે શરીરનો નાશ થશે. સમૂહને ચૈતન્યરૂપ કહો તો હાથીના શરીરના જીવને કીડીના શરીરની પ્રાપ્તિ થયે કીડીના શરીરમાં બધા અવયવોનો પ્રવેશ થઇ શકશે નહિ, તે માત્ર બે ત્રણ અવયવોનો પ્રવેશ થવાથી પૂરી ચેતનતા પ્રાપ્ત નહિ થાય. પૂર્વોક્ત દોષોના લીધે આત્માના અવયવોનું આવવું તથા જવું એ સ્વીકારી શકાય તેમ નથી.

## शंकराचार्यपक्षनुं खंडन.

જીવના અવયવો નથી. આત્માના પુદ્દગલસ્કંધોની પેઠે અવયવો નથી. આત્માના અસંખ્ય પ્રદેશ છે. પ્રત્યેક પ્રદેશમાં અનંતજ્ઞાન, અનંતદર્શન રહેલ છે. એક પ્રદેશની પેઠે સર્વ પ્રદેશોમાં અનંતજ્ઞાનદર્શન રહેલ છે. સર્વ અસંખ્ય પ્રદેશોમાંથી ભેગો જ્ઞાનદર્શનનો એક ઉપયોગ થાય છે પણ ભિન્ન ભિન્ન પ્રદેશનું ભિન્ન ભિન્ન જ્ઞાન પરસ્પર વિરૂદ્ધ થતું નથી. સર્વ પ્રદેશોમાંથી એકી વખતે એક સરખું એક જાતનું જ્ઞાન પ્રગટે છે તેથી એક શરીરમાં અસંખ્ય પ્રદેશરૂપ આત્મા રહેવાથી એક શરીરમાં ઘણાં ચૈતન્ય ભિન્નભિન્ન પ્રગટતાં નથી. આત્માના અસંખ્ય પ્રદેશો છે તે એક શરીરમાં રહે છે પણ તેથી કંઇ પ્રતિ પ્રદેશે ભિન્ન ભિન્ન જ્ઞાન પ્રગટતું નથી પણ સર્વ પ્રદેશોમાંથી ભેગું થઇને એક સરખું જ્ઞાન પ્રગટે છે. સર્વ પ્રદેશો મળ્યા વિના જ્ઞાન પ્રગટતું નથી એવો નિયમ હોવાથી તમારા કહેલા દોષોની પ્રાપ્તિ થતી નથી. આત્માના અસંખ્ય પ્રદેશો જ્ઞાનાદિ ગુણમય છે માટે અસંખ્ય પ્રદેશોનો સમૂહ ચૈતન્યરૂપ છે તેથી હાથીના શરીરમાંથી કીડીના શરીરમાં આત્માનો પ્રવેશ થવાથી કંઇ દોષ આવતો નથી. હાથીના શરીરમાં રહેલા આત્મપ્રદેશોને કીડીના શરીરમાં આવતાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. આત્માના પ્રદેશોમાં કર્મના યોગે સંકોચ વિકાસપણું થાય છે તેથી હાથીના શરીરમાં રહેલા સર્વે આત્મ પ્રદેશો છે તે કીડીના શરીરમાં સારી રીતે માઇ શકે છે. દીવાના પ્રકાશ કરતાં અરૂપી એવા આત્માના [illegible] છે તે હાથીના શરીરને વ્યાપીને રહે છે અને કર્મથી કીડીનું શરીર પ્રાપ્ત થતાં તેમાં સમાઇને રહે છે. ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે આત્માના એક પ્રદેશમાં તેમ સર્વ પ્રદેશોમાં એક સરખો જ્ઞાનનો ઉપયોગ એક કાલમાં સર્વનો ભેગો થઇ વર્તે છે તેથી કોઇ જાતનો દોષ પ્રાપ્ત થતો નથી. આત્માના અવયવો છે જ નહિ તો પછી તેમાંથી કેટલાકનું જવું તથા આવવું એમ શંકરાચાર્ય કહે છે તે જૈનાગમની માન્યતાથી વિરૂદ્ધ છે. આત્માના અરૂપી પ્રદેશો છે જેટલા છે તેટલા અસંખ્યાત છે તેમાંથી એક ઘટતો નથી અને વધતો નથી. આત્માના પ્રદેશો એકમેકથી ત્રણ કાલમાં જુદા પડતા નથી, અને ભિન્નભિન્ન પ્રદેશમાંથી જુદું જ્ઞાન પ્રગટતું નથી પણ સર્વ પ્રદેશોનું ભેગું મળીને એક કાલે, એક સમયે એક જ પ્રકારનો જ્ઞાનોપયોગ પ્રકટે છે તેથી શ્રી શંકરાચાર્યે ઉપર પ્રમાણે દર્શાવેલા વિરોધોમાંથી કોઇ વિરોધ પ્રાપ્ત થતો નથી.

## शंकराचार्यनो पूर्वपक्ष—

### अन्त्यावस्थितेश्चोभयनित्यत्वादविशेषः ॥ ३६ ॥

મોક્ષાવસ્થામાં થનારૂં જીવનું પરિમાણ નિત્ય છે એમ જૈનમતવાળા માને છે. તેમના તે સ્વીકારથી જીવના આદ્ય તથા મધ્યમ પરિમાણને પણ નિત્યપણાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેથી ત્રણે નિત્ય પરિમાણોનું સમાનપણું છે, કેમકે વિરૂદ્ધ પરિમાણનો એકત્ર યોગ થઇ શકે નહિ. એમ થવાથી એક નિત્ય પરિમાણવાળા જીવને નાનાં મોટાં પરિણામવાળાં શરીરાંતરોની પ્રાપ્તિનો અસંભવ સિદ્ધ થાય છે. તમે કહો કે અમે તો વ્યવહારનયથી જીવના રૂપાંતર માનીએ છીએ પણ નિશ્ચયનયથી માનતા નથી. નિશ્ચયનયથી તો જીવ અવિકારી છે. તો જીવ અવિકારી છે. તો અમો પુછીએ છીએ કે તે વ્યવહારનય કલ્પિત છે કે સત્ય છે? જો કલ્પિત કહો તો તે મિથ્યા હોવાથી તમારા સિદ્ધાંતની હાનિ થઇ વેદાન્ત સિદ્ધાંત સિદ્ધ થાય છે. જો સત્ય કહો તો તેની નિશ્ચયનયથી એકતા થઇ જવાથી બેનય માનવા એ નિરર્થક છે. મોક્ષકાલમાં અલોકાકાશમાં રહેલા જે મુક્ત જીવોનું તમે નિત્ય પરિમાણ કહો છો તે કેવડું છે? અણુ જેવડું છે કે મહાન્ છે? અણુ જેવડું કહો તો તેમાં તમારા કલ્પેલા જ્ઞાનાદિ અનંત ગુણો રહી શકશે નહિ તથા તેના એવા પરિમાણથી પરમાણુંની પેઠે તે વિનાશી થશે. મહાન્ કહો તો તેની સિદ્ધ શિલામાં સ્થિતિ કહેવી અયુક્ત છે. મુક્તાત્માની અલોકાકાશમાં સ્થિતિ કહેવાથી તે અલોકાકાશની મુક્તાત્મામાંથી વિશેષ સૂક્ષ્મતા તથા વ્યાપકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ થવાથી તે મુક્ત પુરૂષો અંતિમ સ્થિતિને પ્રાપ્ત થયા નથી એમ તમારે સ્વીકારવું પડશે. ઇત્યાદિ.

## शंकराचार्यना पूर्वपक्षनुं खंडन—तथा जैनपक्षनुं मंडन.

મોક્ષાવસ્થામાં પરમાત્માઓ આકાશના જે જે પ્રદેશોને સ્વપ્રદેશોથી અવગાહીને રહે છે તેની અપેક્ષાએ સિદ્ધોની અરૂપી અવગાહના ગણાય છે. આકાશના અમુક પ્રદેશોને સિદ્ધ પરમાત્માઓ અવગાહીને રહે છે તેથી તે આકાશ સંબંધે ઔપચારિક અવગાહના ગણાય છે અને તેનું પરિમાણ પણ તેમ સમજવું; તે અવગાહના અરૂપી છે કારણ કે તે અરૂપી આકાશ સંબંધે થયેલી છે પરંતુ રૂપી જડ પુદ્ગલ સંગથી થયેલી નથી તેથી સંસારી અવસ્થામાં રૂપી પુદ્ગલ શરીરના સંબંધે ઉપચારે જે પરિમાણ કહેવાય છે તેના કરતાં મોક્ષાવસ્થામાં આકાશ પ્રદેશો સાથે આત્માના પ્રદેશોના સંબંધ રૂપ અવગાહના જુદા પ્રકારની અને સદા કાયમ રહેવાથી નિત્ય કહેવાય છે. મોક્ષની પેઠે સંસારમાં આત્માની સાથે શરીરનો સંબંધ સદા કાયમ ન રહેવાથી સંસારી અવસ્થામાં દેહના સમાન પરિમાણ વાળો ઉપચારથી આત્મા મનાય છે, છતાં શરીર સંબંધી વારંવાર બદલાતા દેહ પરિમાણની પેઠે આત્મપરિમાણનો નિત્ય સંબંધ ગણાતો નથી એમ જૈનાગમોના આધારે જણાવતાં જીવના મધ્ય પરિણામને સંસારી દશામાં ઉપચારે અનિત્ય સંબંધવાળું ગણવામાં આવે છે તેમ મોક્ષ દશામાં સિદ્ધની અવગાહ અનંતકાલ પર્યંત રહેવાથી નિત્ય સંબંધવાળી મનાય છે તેમાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. શરીરના સંબંધે આત્માનું કર્મ દશામાં રૂપી પરિમાણ ઉપચારથી ગણાય છે, મોક્ષાવસ્થામાં આઠ પ્રકારના કર્મના અભાવથી અરૂપી આત્મપ્રદેશોનો આકાશપ્રદેશોની સાથે નિત્ય સંબંધરૂપ અવગાહના પરિમાણ નિત્ય છે તેમાં ઉપર્યુક્ત દલીલોની સાબીતી થતાં તમારા જણાવેલા દોષો લાગુ પડતા નથી. ઉપર પ્રમાણે જણાવતાં પરસ્પર વિરૂદ્ધ પરિમાણોનો એક યોગ થઇ શકતો જ નથી. ઉપચારે કલ્પાયલું સંસારી અવસ્થામાં રૂપી અને મુક્તાવસ્થામાં અરૂપી એવું પરિમાણ માનવામાં આવતાં પરસ્પરની વિરૂદ્ધતાએ તેઓનો એકત્ર યોગ ન થવાથી ઉપર્યુક્ત તમોએ જણાવેલા દોષોની પ્રાપ્તિ થતી નથી. કર્મની સાથે જ્યાં સુધી આત્માનો સંબંધ છે ત્યાં સુધી જુદાં જુદાં શરીરોમાં આત્મા સ્વપ્રદેશોના સંકોચ વિકાસપણાથી રહે છે પણ મોક્ષાવસ્થામાં એક અવગાહનાએ રહે છે તેથી

10

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોક્ષાવસ્થામાં અરૂપી અવગાહનાનો નિત્ય સંબંધ છે પરંતુ સંસારી કર્માવસ્થામાં શરીરો સાથે આત્માનો નિત્ય સંબંધ ન હોવાથી શરીરનાં પરિમાણુ બદલાય છે તેથી કર્માવસ્થા છતાં એક પરિમાણુ ન રહે તે ઇષ્ટ છે તેથી આત્માનું અવ્યવસ્થિત પરિણામપણું સિદ્ધાંત વિરોધી થઇ શકતું નથી. વ્યવહારથી જીવનાં પરિમાણો જે જે દેહોની અપેક્ષાએ ગણાય છે તે કર્મના યોગે બનેલાં છે. અષ્ટકર્મના નાશ પછી દેહનાં પરિમાણો રહેતાં નથી. અષ્ટકર્મ છે ત્યાં સુધી વ્યવહારથી જીવનું દેહ જેટલું પરિમાણુ કલ્પાય છે પણ જે નિશ્ચયનયથી આત્માનું પરિમાણુ છે તે તો મોક્ષમા છે તેથી તમોએ વ્યવહારનય અને નિશ્ચયનયની માન્યતામાં પરસ્પર વિરોધ દેખાડયા તે લાગુ પડતા નથી. વ્યવહારનય અને નિશ્ચયનય એ બેની માન્યતાઓ જુદી છે અને તે સત્ય છે તેથી કોઇનો મિથ્યા પ્રસંગ પ્રાપ્ત થતો નથી. વેદાન્તીઓ ભિન્ન નામોથી અને રૂપોથી સર્વ વ્યવહાર કરે છે તે શુદ્ધ બ્રહ્મદૃષ્ટિએ તો કલ્પિત છે પરંતુ એવી દશા ન થાય ત્યાં સુધી તેને વ્યવહાર દૃષ્ટિએ સત્ય કહેવામાં આવે છે, વેદાન્તીઓ નામ રૂપના જગત્ પ્રપંચ ને અને ઇશ્વર જગત્ આદિને વ્યવહારથી સત્ય કહે છે તે વ્યવહારનયની અપેક્ષાએ છે તેમ જૈનો પણ દેહપરિમાણુ સમાન આત્માના પરિણામને વ્યવહારનયથી સત્ય માને છે. શુદ્ધ બ્રહ્મમાં જેમ સબલબ્રહ્મનો આરોપ કરાતો નથી. તેમ આત્મા પરમ શુદ્ધ થાય છે ત્યારે તે નિશ્ચયનય કથિત આત્મપ્રદેશોના પરિમાણુને પ્રાપ્ત થાય છે. તેથી વેદાન્તીયોએ દર્શાવેલા વ્યવહારનય અને નિશ્ચયનયમાં જે વિરોધ છે તે અજ્ઞાન મૂલક છે એમ જણાવવામાં આવે છે. બે નયોની અપેક્ષાએ સત્યતા છે માટે બેનયોને સત્ય કહેતાં છતાં પણ બે નયોનાં સત્ય જુદા પ્રકારનાં હોવાથી બે નયની વિરૂદ્ધતા થઇ શકતી નથી. શંકરાચાર્ય વા શ્રી નથુરામ શર્મા વગેરે, જૈનશાસ્ત્રોમાં મોક્ષના આત્માઓ કયાં રહેલા માનવામાં આવેલા છે તે બિલકુલ જાણુતા નથી તેથી અલોકાકાશમાં મુક્ત જીવો રહે છે એવો મિથ્યા પ્રલાપ કરી સ્વ અજ્ઞાનનો પ્રકાશ કરે છે, તેમ છતાં મોક્ષાવસ્થામાં પરમાત્માના પરિમાણુ સંબંધી ખુલાસો કરવામાં આવે છે. મોક્ષાવસ્થામાં પૂર્વનું જે શરીર હતું તેના ત્રીજા ભાગ જેટલા શરીરમાં જેટલા આકાશના અરૂપી પ્રદેશો હોય છે, તેટલા સિદ્ધ શિલા પર આકાશના પ્રદેશો હોય છે તેઓને અવલંબીને સિદ્ધ પરમાત્માઓ રહે છે તેથી તેમની તેટલી અવગાહના કહેવાય છે. સિદ્ધની અવગાહના પરમાણુ જેવી રૂપી નથી તેથી પરમાણુ જેટલા માનમાં તમોએ જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોષો દર્શાવેલા છે તે લાગી શકતા નથી. પરમાણુના જેટલો વા પરમાણુ સ્વરૂપ આત્મા ન હોવાથી પરમાણુ જેટલો રામાનુજો આત્મા માને છે તેમાં જે દોષો લાગુ પડે છે તે દોષો તો સર્વજ્ઞે જણાવેલા આત્મામાં લાગુ પડતા નથી. રામાનુજે તમોએ માનેલા વ્યાપક આત્મામાં સેંકડો દોષો દર્શાવ્યા છે તથા આર્યસમાજીએ એક બ્રહ્મની માન્યતામાં તમારા પર સેંકડો દોષોનો આરોપ કર્યો છે તથા જૈનાચાર્યોએ સમ્મતિતર્ક, સ્યાદ્વાદમંજરી, નયનચક્ર વગેરેમાં તમારી એક બ્રહ્મની વ્યાપકતામાં સેંકડો દોષો જણાવેલા તેનો ઉદ્ધાર કરવામાં તમો સમર્થ થયા નથી તે લક્ષ્યમાં લેવાની જરૂર છે. આત્માને **अणोरणीयान् महतो महीयान्** એમ વેદશ્રુતિમાં જણાવ્યો છે તેની અપેક્ષાને તમે જાણી હોત તો તમે શંકા કરી શકત નહીં. પ્રદેશોની અપેક્ષાએ આત્મા અણુથી પણ અણુ અર્થાત્ પરમાણુઓથી પણ બહુ સૂક્ષ્મતર અરૂપી છે પણ તે આત્મામાં અનંત કેવળજ્ઞાન અને અનંત કેવળદર્શનાદિ ગુણો છે તેથી તેમાં સર્વ દુનિયાનો ભાસ થાય છે. ચંદ્ર સૂર્યાદિ અનંત વસ્તુઓનો સમયે સમયે પરમાત્માના કેવળજ્ઞાનમાં ભાસ થાય છે તેની અપેક્ષાએ સિદ્ધાત્મા પરમાત્મા છે તે મોટામાં મોટું જગત્ તેથી પણ મોટામાં મોટો છે અર્થાત્ તે જ્ઞાનદર્શનાદિ ગુણોએ મોટો છે અને અસંખ્ય પ્રદેશરૂપ વ્યક્તિની અપેક્ષાએ નાનો છે અને સિદ્ધમાં પૂર્વ શરીરના ત્રીજા ભાગના આકાશ પ્રદેશોની અવગાહનાએ યુક્ત નિત્ય સંબંધે રહે છે તેથી કેવળજ્ઞાનાદિ ગુણોએ મહાન્ અને અસંખ્ય પ્રદેશરૂપ વ્યક્તિની અપેક્ષાએ સિદ્ધ સ્થાનમાં માઇ જવાથી તમો મહાન્‌ની કલ્પના કરી જે દોષ દર્શાવ્યો તે સિદ્ધ પરમાત્માઓને લાગુ પડતો નથી. અલોકાકાશમાં આત્મા રહેતો નથી, તેમ છતાં શંકરાચાર્ય વારંવાર અલોકાકાશમાં મુક્ત જીવો રહે છે એમ તેઓ જણાવે છે તે અજ્ઞાનતા છે. મુક્તાત્માઓના પ્રદેશો કરતાં આકાશ માનો કે સૂક્ષ્મ ન હોય વા તમારી કલ્પના પ્રમાણે સૂક્ષ્મ નથી છતાં સૂક્ષ્મ હોય તો પણ તેથી આકાશ અરૂપી જડ હોવાથી અને સિદ્ધાત્મા અરૂપી કેવળજ્ઞાની હોવાથી બન્નેનાં લક્ષણ જુદાં પડવાથી સિદ્ધાત્માની મોટાઇને આકાશ કદિ પ્રાપ્ત કરી શકતું નથી. આત્માના પ્રદેશોથી આકાશપ્રદેશો સૂક્ષ્મ ન હોવાથી તથા જે અત્યંત સૂક્ષ્મ અને વ્યાપક હોય છતાં જડ હોય તો તે આત્માના કરતાં મહાન્ ગણાવવાથી તમારા માન્યા પ્રમાણે કંઇ શુદ્ધાત્માની સિદ્ધોની મોટાઇમાં તથા પરમાત્મપણામાં કોઇ જાતની હાનિ પ્રાપ્ત થતી નથી. એ પ્રમાણે વ્યાસનાં ચાર સૂત્રોના વિચારોનું ખંડન કરીને જૈનાગમોવડે અને વેદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રુતિના આધારે આત્મા આદિનું મંડન કરવામાં આવ્યું તે વાચકો લક્ષમાં લેશે. આત્મા દેહવ્યાપી છે એવો અનુભવ આવે છે. દેહ વિના અન્યત્ર આત્મા છે એવો અનુભવ આવતો નથી. દેહાશ્રયે સુખ દુઃખ વગેરેનું ભાન થાય છે. જો દેહની બહાર આત્મા હોય તો દેહાધાર આશ્રયી જેવો અનુભવ થાય છે તેવો થવો જોઇએ. સત્-ચિદ્ અને આનંદનો હૃદયને લેઇ અનુભવ આવે છે. જ્ઞાનદર્શન ચારિત્ર સ્વરૂપ આત્મા છે. દેહાધિષ્ઠાનને લેઇ જ્ઞાનદર્શન ચારિત્ર સ્વરૂપ આત્માનો અનુભવ આવે છે. આકાશની પેઠે સર્વત્ર વ્યાપક આત્મા માનવામાં આવે તો તે આકાશની પેઠે માયા, કર્મ આદિથી બંધાય નહીં તથા આત્માની સાથે શરીર કર્મ વગેરેનો સંબંધ થઇ શકે નહીં. શરીરનો, કર્મનો અને આત્માનો સંબંધ ન્યાય પૂર્વક છે તેથી સર્વત્ર વ્યાપક આત્મા માનવામાં આવે તો તેના એક દેશમાં પ્રારબ્ધાદિ કર્મ લાગી શકે નહીં. મન બંધાય છે પણ સર્વત્ર વ્યાપક આત્મા બંધાતો નથી એમ જો માનવામાં આવે તો તે પણ ઘટી શકતું નથી કારણ કે-સર્વત્ર વ્યાપક આત્માથી ભિન્ન મન માનવામાં આવે તો તેનું પરિમાણ કહેવું પડશે અને તે આત્મા રૂપ ઘટી શકશે નહીં. માટે દેહ વ્યાપી અસંખ્ય પ્રદેશી આત્મા વ્યક્તિની અપેક્ષાએ માનવો જોઇએ અને કેવલ જ્ઞાનની અપેક્ષાએ વ્યાપક આત્મા માનવો જોઇએ. યોગશાસ્ત્રોમાં દેહના અમુક સ્થાનોમાં આત્મધ્યાન ધરવા કહ્યું છે તેનું કારણ એ છે કે આત્મા દેહ વ્યાપી છે. દેહ વ્યાપી આત્મા છે તેથી દેહવડે કરેલાં પાપ પુણ્ય વગેરેને અન્ય ભવમાં દેહવડે આત્મા ભોગવે છે. વેદમાર્ગી સાંખ્યો પણ ઉપર્યુક્ત સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. સમાધિમાં આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે અને તે અનુભવ વડે કહેવામાં આવે છે કે-સંસારી કર્મ દશામાં દેહવ્યાપી આત્મા છે અને કેવલ જ્ઞાનવડે સર્વ વ્યાપક આત્મા છે એમ કેવલ જ્ઞાનની અપેક્ષાએ અનુભવ આવે છે. બ્રહ્મસૂત્રમાં દેહવ્યાપી આત્મા માનવાનું ખંડન કરવામાં આવ્યું છે પણ તે અયુક્ત છે. સ્યાદ્વાદમંજરી, સ્યાદ્વાદ રત્નાકર, વગેરે જૈનન્યાય ગ્રન્થોમાં દેહ વ્યાપક આત્મા છે એમ અનેક યુક્તિયોથી પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આત્માના અનંત જ્ઞાનરૂપ-બ્રહ્મમાં અનંત પદાર્થો ભાસે છે માટે તે અનંત જ્ઞાન રૂપ બ્રહ્મ સ્વતઃ પ્રમાણ વેદ છે અને તેનો અનુભવ જ્યારે થાય છે ત્યારે આત્માની વ્યાપતા અને વ્યાપકતા માટે માથાકુટ રહેતી નથી.

પ્રશ્ન—જૈનો શું વેદને માને છે ?

ઉત્તર—જૈનો જિન ભગવાને કહેલા લોકોત્તર આગમરૂપ વેદ આર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદ અને લૌકિક શાસ્ત્રો કે જે સ્યાદ્વાદ તત્ત્વથી અવિરોધીપણે ધર્મ, અર્થ, કામની વ્યાખ્યા કરે છે તેઓને પણ લૌકિક વેદો તરીકે અપેક્ષાએ સ્વીકારે છે.

પ્રશ્ન—જૈન ધર્મમાં પહેલાં વેદો હતા ? હાલ તેના કંઇ ભાગ છે ?

ઉત્તર—જૈનોમાં પૂર્વે વેદો હતા અને હાલ પણ ષોડશ સંસ્કારાદિ મંત્રો રૂપે વેદો રહેલા છે તથા આગમો રૂપ વેદો હાલ પણ વિદ્યમાન છે અને તે કેવલ જ્ઞાની સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા દ્વારા પ્રકાશિત થયા છે માટે તે સ્વતઃ પ્રમાણ છે. જૈનાગમોરૂપ વેદોની પ્રમાણુતા માટે અન્ય પ્રમાણોની જરૂર નથી.

પ્રશ્ન—હાલ બ્રાહ્મણ વગેરે હિંદુઓ જે વેદો માને છે તેને જૈનો માને છે કે કેમ ?

ઉત્તર—સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના આગમોના અનુસારે અવિરોધીપણે હિંદુ વેદોમાંથી જે જે બાબતો છે ને જે જે વિચારો છે તે તે જૈનો માને છે પરંતુ જે જે વિરોધી બાબતો છે, જે જે સર્વજ્ઞવાણી વિરૂદ્ધ કેટલીક હિંસા મય પ્રવૃત્તિયો અને અસમ્યક્ તત્ત્વો છે તેને જૈનો માનતા નથી.

પ્રશ્ન—હાલ જે હિંદુઓ વેદો માને છે તેની શ્રુતિયોને જૈનો સ્યાદ્વાદ-પણે માને તો શી હરકત છે ?

ઉત્તર—હાલમાં જૈનો, જૈન વેદો અને આગમોને શુદ્ધ પરમાત્મ વાણી તરીકે માને છે, પરંતુ જૈનોમાં હેમચંદ્રાચાર્ય જેવા આચાર્યો પ્રકટે અને તે હિન્દુ વેદોની શ્રુતિયોને જૈન ધર્માનુકુલપણે સ્યાદ્વાદ વિવેચન વડે અને પરસ્પર વિરૂદ્ધતાના દોષો ટાળીને કરે તથા વેદોના સમ્યગ્ ભાગને અને અસમ્યગ્ ભાગને સ્પષ્ટ દેખાડે તથા સમ્યગ્ દૃષ્ટિએ વેદોના અર્થ કરે તો પશ્ચાત્ જૈનાચાર્યોની આમ્નાય પ્રમાણે વેદોની સ્યાદ્વાદ માન્યતા થતાં જૈનોને તેવા વેદો માનતાં વિરોધ નથી; કિંતુ આખી દુનિયાનાં શાસ્ત્રોને સમ્યગ્ દૃષ્ટિપણે પરિણમવવાની શક્તિ પ્રાપ્ત કર્યા બાદ અને સ્યાદ્વાદરૂપે તે અનુ-ભવાયા બાદ તેવી રીતે માનવામાં વિરોધ નથી, એમ જૈનાચાર્યો નંદિસૂત્ર વગેરેમાં જણાવે છે. નંદિસૂત્રમાં-સમ્યગ્ દૃષ્ટિ જૈનને મિથ્યાત્વ શાસ્ત્રો પણ સમ્યકત્વ રૂપે પરિણમે છે તેમ જણાવ્યું છે અને મિથ્યાદૃષ્ટિને સમ્યકત્વ શાસ્ત્રો પણ મિથ્યાત્વરૂપે પરિણમે છે. મિથ્યાત્વ શાસ્ત્રોને સમ્યક્રૂપે પરિણમવા-વવાની શક્તિ જે જ્ઞાનીમાં પ્રગટી છે તે હિન્દુ વેદો તો શું ? પરંતુ બાઇબલ, કુરાન આદિ સર્વ શાસ્ત્રોને વાણી માની શકે છે અને જૈનશાસ્ત્રોના—જૈન વેદોના અનુકુળપણે અર્થ કરીને જૈન ધર્મની મહત્તાનો વિસ્તાર કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યજુર્વેદની ગાયત્રી આદિનો જૈન વિદ્વાનોએ જૈન તત્ત્વાનુસારે અર્થ કર્યો છે. આધ્યાત્મિક તત્ત્વ દૃષ્ટિ આદિ દૃષ્ટિયોવડે વેદ શ્રુતિયો વગેરેનો સમ્યગ્ અર્થ કરી શકાય છે અને મિથ્યાર્થનો ત્યાગ કરી શકાય છે. શ્રી સર્વજ્ઞ મહાવીર પ્રભુએ સમવસરણમાં આવનાર ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, આદિ અગિયાર વૈદિક બ્રાહ્મણોને તેઓના વેદની શ્રુતિયોનો સવળો અર્થ સમજાવી સ્વગણધરો બનાવ્યા હતા. કલ્પસૂત્ર સુબોધિકામાં તથા વિશેષાવશ્યકમાં એ સંબંધી વિવેચન છે તેથી વાચકોને સમજાશે કે જૈન ધર્મની અનંતગણી વિશાલતા છે. જૈન ધર્મ પ્રતિપાદક ઘણી શ્રુતિયો વેદમાં હતી પરંતુ જ્યારે વ્યાસ વગેરે થયા ત્યારે તેમણે વેદશ્રુતિયોને ત્રણ વેદ રૂપે–ચાર વેદ રૂપે ગોઠવી તે વખતે અને તે પશ્ચાત્ ઘણી જૈનધર્મપ્રતિપાદક શ્રુતિયોને કાઢી નાખી અને સ્વમતાનુકુલ અનેક શ્રુતિયો બનાવી ઉમેરી તથા બ્રાહ્મણ ભાગ વગેરેને ઉમેર્યો, એમ તેમાં ઘણાં પરિવર્તનો થયાં છે છતાં હજી ઘણી શ્રુતિયોને મહાજૈન વિદ્વાનો જૈન તત્ત્વાનુકુલ કરી શકે તેમ છે. પરંતુ આગમોથી અવિરૂદ્ધપણે જે અર્થ કરવામાં આવે તે જ વેદશ્રુતિયોને સત્ય માની શકાય તેમ છે. વેદશ્રુતિયોના પરસ્પર વિરૂદ્ધ અનેક અર્થો હાલ દેખાય છે તો પણ સમ્યગ્દૃષ્ટિજૈન જ્ઞાનીઓ જૈનધર્માનુકુલ વેદ શ્રુતિયોને કેટલાક અંશે સાપેક્ષતાએ કરી માની શકે તેમ છે. બાળજીવોનું તેમાં કામ નથી, કારણ કે તે તેમ કરવા જતાં પૂર્વે મિથ્યાત્વી બની જાય માટે જૈન ગીતાર્થોની શ્રદ્ધાપૂર્વક તેમની આજ્ઞા પ્રમાણે જૈનોએ પ્રવર્તવું. લૌકિક અને લોકોત્તર અનેક દૃષ્ટિયોની અપેક્ષાએ વેદની માન્યતાવાળું ગુરૂગમ પૂર્વક નીચે પ્રમાણે અસ્મદીય કાવ્ય વાંચવું.

## ( ભજન પદ સંગ્રહ ભા૦ ૮ મો. )

સર્વજ્ઞ મહાવીર દેવનાં વચનો સકળ વેદો ખરે,
અનુયોગ ચારે વેદ છે નિગમો અપર નામો ધરે;
સર્વજ્ઞ શ્રી મહાવીરની વાણી અનન્તા ગુણ ભરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧

હોમાય પશુ જ્યાં યજ્ઞમાં ત્યાં વેદ હિંસામય ઠરે,
હિંસા રહીં ત્યાં વેદ નહિ સર્વજ્ઞ નહિ એ ઉચ્ચરે;
હિંસા નહી છે વૈદિકી એવું ન બોલે ઇશ જરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચારે બનાવ્યા વેદને ભરતેશ્વરે તે નહિ રહ્યા,
એ નિગમના કંઇ અંશ સાંપ્રતકાળમાં જીવી વહ્યા;
આચારદિનકર ગ્રન્થ આદિમાં નિગમતા બહુ ભરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩

નિગમો હજી કંઇ કંઇ રહ્યાં હિંસા વિનાનાં જાણવાં,
સંસ્કાર સોળે વર્ણવ્યા સાપેક્ષથી મન આણવાં;
આચારદિનકરમાં વિધિ લગ્ન પ્રતિષ્ઠાદિ ભલી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪

જગમાંહી ચારે વર્ણના જૈનોતણા સંસ્કાર છે,
સંસ્કારના મંત્રો સકલ તે જીવતા જયકાર છે;
જૈનાગમો શાસ્ત્રો સકલ વાંચી જુઓ નિશ્ચય ધરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫

સર્વજ્ઞનાં આગમ અને નિગમો દયાદિ ગુણ ભર્યાં,
યજ્ઞાદિ હિંસા જ્યાં નહિ દેવા સમાધિ અવતર્યાં;
કલ્યાણ કરવા વિશ્વનું મહાવીર વાણી અવતરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬

જ્યાં સ્વામીઓની માન્યતાના ક્ષેપકો પેઠા નહીં,
હિંસા વિના નિર્દોષને સત્યેજ શોભે જે સહી;
રત્નત્રયીની સાધના નિર્મલ સમાધિ અનુસરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭

શ્રી જૈન વૈદિક મંત્રને નિગમોથકી જન જાણશો,
સંસ્કાર ચારે વર્ણને તેથીજ કરવા આણશો;
શ્રી જૈન વૈદિક મંત્રના સંસ્કારથી પ્રગતિ વડી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૮

શ્રી જૈન બ્રાહ્મણ આદિને જીનોપવીતે જાણીએ,
શ્રી જૈનવૈદિકમંત્રના સંસ્કાર સર્વે વખાણીએ;
શ્રી ગૌતમાદિ ગણધરોની સૂત્ર રચના જય કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯

શ્રી ભદ્રબાહુ સ્વામીનાં વચનો ખરેખર વેદ છે,
પશુ હોમ વૈદિક મંત્રથી એ વેદ માને ખેદ છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવો પશુ નહિ ભક્ષતા શ્રદ્ધા જ એવી મન ધરી;
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦

ગૌમાતનો વધ જ્યાં લખ્યો એ વેદ નહિ પણ પાપ છે,
ગૌમાતના તે વેદ પર લાખો પડેલા શાપ છે;
સર્વજ્ઞ પ્રભુના વેદમાં હિંસા ન પશુની કંઇ જરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૧

યજ્ઞે પશુને હોમતાં જાતાં નહીં તે સ્વર્ગમાં,
યદિ જાય તો માતા પિતાનો હોમ ધટતો ગર્વમાં;
નરમેધ પિતૃમેધ ત્યાં નહિ વેદ સચ્ચાઇ ઠરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૨

કલ્યાણ જગ ઇચ્છાય એવા સદ્વિચારો વેદ છે,
આઠે પગથીઆં ગોગનાં એ વેદ છે નહિ ખેદ છે;
માંસાદિથી શ્રાદ્ધોવડે મહાશસ્ત્રતા હિંસા ભરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૩

પ્રાચીન અર્વાચીનની ચર્ચા થકી ના કંઇ સરે,
જ્યાં સત્ય આદિ સદ્ગુણો ત્યાં વેદતા માનો ખરે;
તે આર્ય વેદો સત્ય છે જ્યાં સત્યતા બહુ અવતરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૪

કલ્યાણકારક પ્રગતિનાં શાસ્ત્રો સકળ વેદો ખરે,
સાત્વિક બુદ્ધિ સદ્ગુણો આહાર ભક્ષણ શુભ કરે,
તે વેદ છે વ્યવહારથી તે ધર્મથી જગગુણ કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૫

અધ્યાત્મજ્ઞાને છલકતાં શાસ્ત્રોજ વેદો છે સહી,
શુભ જ્ઞાન નીતિથી ભર્યા ગ્રન્થોજ વેદો છે મહી;
સ્યાદ્વાદ વેદાન્તે ભર્યા ભકિત સરસ જ્યાં અવતરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૬

સાપેક્ષનયવાદે સકલ તત્ત્વો પ્રકાશે ગ્રન્થમાં,
મુક્તિ અનુભવ જ્યાં થતો સમતા સમાધિપન્થમાં;
જ્યાં આત્મવત્ સહુ જીવની છે માન્યતા જગ જય કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્યાદ્વાદ અનુભવ જ્ઞાન એ છે જીવતા વેદો ખરે,
સમતા સમાધિવંત પુજ્યો વેદ છે નિશ્ચય વરે;
ભાષાપરાથી ઉદ્ધતા તે શબ્દ છે વેદો વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૮

નહિ દુઃખ દેવાનું લખ્યું આ વિશ્વમાં જીવમાત્રને,
મારો નહિં કાપો નહિં આ વિશ્વમાં જીવ ગાત્રને;
સેવા ભલી જીવ માત્રની પરમાર્થતા જ્યાં બહુ ભરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૯

જ્યાં તત્ત્વ વિદ્યા બહુ ભરી સાયન્સ વિદ્યા બહુ ભરી,
પ્રગતિ સુધારાની ઘણી જ્યાં યોગ વિદ્યા અવતરી;
સામાજીકી પ્રગતિવડે શાન્તિ પ્રતિષ્ઠા આચરી,
એવી અમારી વેદની છે માન્ય નિશ્ચય ખરી. ૨૦

આ વિશ્વમાં જીવો સહુ વેદો ખરા નયસંગ્રહે,
સહુ જાતનું છે જ્ઞાન, વેદો ઓઘથી નૈગમ કહે;
વ્યવહારથી કલ્યાણકારકજ્ઞાન, વેદો છે વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨૧

વેદો કરોડો જાતના છે સદ્વિચારે જાગતા,
સારા વિચારો જે થતા તે વેદ છે મન ભાવતા;
વેદો જગત્માં જીવતા ને જાગતા બોલે વળી.
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨૨

જે જે વિચારો ગુણ ભર્યા વ્યવહાર ને નિશ્ચયથકી
વ્યવહારને નિશ્ચયથકી તે તે સકલ વેદો વકી;
પૌર્વીય ને પાશ્ચાત્યમાં શોધો અભિનવ સુખ કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી, ૨૩

શોધો થઇ ને થાય છે થાશે સકલ તે, વેદ છે,
વેદો અહો બહુ જાતના તે જાણતાં નહિ ખેદ છે;
મત્યાદિ પાંચે જ્ઞાન છે, વેદો જ શ્રદ્ધા મન ધરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨૪

આ વિશ્વમાં સહુ પુસ્તકો તેમાંજ સત્યો જે ભર્યાં,
સાપેક્ષથી તે વેદ છે વેદો અનન્તા મન ધર્યા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોયો અનન્તા તે થકી એ વાત મનમાં ઉતરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨૫

પ્રત્યક્ષને અનુમાનથી જે જે જણાતુ વેદ છે,
આગમ અને ઉપમાન પણ વેદો ન ત્યાં તો ભેદ છે;
નય ભંગીને નિક્ષેપસહુ વેદો જ શ્રદ્ધા જય કારી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨૬

સાયન્સ વિદ્યા વેદ છે આરોગ્ય વિદ્યા પણ તથા,
આપ્તોક્ત વાકયો વેદ છે જ્યોતિષ વિદ્યા છે યથા;
અનુભવ અને જે બુદ્ધિગમ્ય જ વેદ તે તે છે વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨૭

આ વિશ્વમાં સહુ પ્રાણીનાં હૃદયોજ મગજો વેદ છે,
જે જે જ અંશે સત્ય તે શુભ વેદ છે નહિ ખેદ છે;
વેદો અનન્તા જીવ છે ચૈતન્ય સત્તાથી વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨૮

ભાસે સમાધિમાં ખરો આનન્દ તે વેદ જ લહો,
એ જીવતો મહાવેદ છે એમાં સકલ રાજી રહો;
આનન્દ કેવલજ્ઞાન તે વેદો પ્રગટતા ઝળહળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૨૯

અદ્વૈત આત્મસમાધિમાં વેદો સમાઇ સહુ રહ્યા,
ભાષા પરા પશ્યંતી મધ્યમ વૈખરી એ તે વહ્યા;
વેદો અનન્તા ઉપજતા ને વિણસતા ક્ષણ ક્ષણ વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૦

ભાષા અને મન વર્ગણાનાં દલિક વેદો જાણવાં,
પ્રત્યક્ષ જ્ઞાની દેખતો અનુભવ બળે મન આણવાં;
આ સર્વ દુનીઆ વેદ છે હો જ્ઞેય જ્ઞાતા ભેદથી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૧

અક્ષર અનક્ષર વેદ છે દેખો ગુરૂ ગમને લહી,
સ્યાદ્વાદથી સમજ્યા વિના એકાન્તથી જાશો વહી;
કજીયા કરો નહિ વેદના નામે કદાગ્રહ આદરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વાતિ અને હરિભદ્રનાં વચનો જ વેદો ગુણ ભર્યાં,
સર્વજ્ઞ હેમાચાર્યનાં વચનો જ વેદો દિલ ધર્યાં;
સમ્યક્ત્વ ને ચારિત્ર છે વેદો હૃદય શ્રદ્ધા વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૩

પ્રાચીન સઘળું સત્ય નહિ ને જૂઠ પણ નહિ જાણવું,
માધ્યસ્થ્યરૂપીવેદથી સાચું હૃદયમાં આણવું;
વેદો પ્રગટતા સંપ્રતિ જ્ઞાની હૃદયમાં અવતરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૪

આત્મા કબૂલે અનુભવે તે વેદ છે જન જન પ્રતિ,
શુભ વાચ્ય વાચક વેદ છે શ્રુત જ્ઞાન પૂર્વક શુભમતિ;
ગીતાર્થનો અનુભવ લહો જાશો ન મિથ્યાત્વે છળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૫

કારૂણ્ય મૈત્રી ભાવના છે વેદ સાચા આદરો,
મધુપર્કમાં હિંસા કથે તે વેદ શ્રદ્ધા પરિહરો;
નિજ આત્મવત્ જીવો સકલ નિષ્પાપ કરણી સુખ કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૬

પ્રભુ નામથી પશુઓતણી હિંસા થતી તરવારથી,
સર્વજ્ઞના એ મંત્ર નહિ નિષ્પાપશાસ્ત્રો એ નથી;
સર્વજ્ઞ પ્રભુના વદનથી કારુણ્ય ધ્વનિયો ઉછળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૭

પ્રાચીન વેદોમાં લખ્યું સાચું સકળ નહિ માનવું,
પ્રાચીન સહુ સર્વજ્ઞનાં વચનો નહીં મન આણવું;
પ્રાચીન અર્વાચીનથી સાચું જ લેવું દિલ ધરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૮

મુંઝો ન દૃષ્ટિરાગથી ભૂલો ન ભરમાયાથકી,
મધ્યસ્થ થઇને પારખો સાચું મળે વેદો થકી;
સમભાવ મનમાં આદરી, જાણો પરીક્ષાઓ કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૩૯

આચાર્ય વાચક સાધુઓ વેદો અમારા બોલતા,
તે જીવતા ને જાગતા પરમાત્મમર્મો ખોલતા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદો શુભંકર સાધ્વીઓ પરમાર્થવૃત્તિ આદરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૦

આત્મા અમારો વેદ છે, જેમાં અનન્તા ગુણ ભર્યા,
આત્માનુભવ સહુ વેદ છે, પામી મહન્તો સુખ વર્યા;
અધ્યાત્મજ્ઞાન જ વેદ છે સંસારવારિધિ તરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૧

સેવા સુભક્તિ વેદ છે અન્તર્ વિષે જે પ્રગટતો,
પાપો કર્યાં કોટિગમે ક્ષણ માત્રમાં તે વિઘટતો;
જ્યાં ભેદ દૃષ્ટિ રહી નહીં દુનિયા નિજાત્મવત્ ભળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૨

નિજ આત્મવત્ સહુ જીવ પર જ્યાં પ્રીતિનાં ઝરણાં વહે,
સહુ જાતિ આદિ ભેદ ભાવો જ્યાં ન તે કિંચિત્ રહે;
એવા ફકીરો યોગીઓ સન્યાસીઓ વેદો વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૩

જે શબ્દથી વૈરો સમે તે વેદ અન્તર્ જાણવો,
ભાષા ગમે તે જાતની ત્યાં ભેદ ભાવ ન આણવો;
બાલક યુવા ને વૃદ્ધમાં કારૂણ્ય ઝરણાં વહે ઝરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૪

ઉપકારકારક સાધુઓ વૃક્ષો નદી ને સરવરો,
માતાપિતાદિક વેદ છે ઉપકારી દિલ વહેતો ઝરો;
રાજા ગુરૂઓ વેદ છે ઉપકાર વૃત્તિ જ્યાં વડી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૫

પ્રભુ ભક્તનાં દિલ વેદ છે દિલમાંજ વેદો છે ઘણા,
પ્રભુ ભક્ત દિલથી ઉઠતા, શબ્દો જ વેદ સુહામણા;
સ્યાદ્વાદીના શુભ ધ્યાનમાં અન્તર્ ધ્વનિઓ ઉછળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૬

સ્યાદ્વાદ શાસન વેદ છે મહા સંઘ તેમજ જાણવો,
ઉપશમ વગેરે ભાવ ત્રણ્ય જ વેદ મનમાં આણવો;
સુખકાર પુણ્ય જ વેદ છે ને નિર્જરા સંવર વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્યાદ્વાદનયસાપેક્ષથી બાયબલ કુરાણો વેદ છે,
તેમજ પુરાણો સત્ય જે તે, વેદ મન નહિ ખેદ છે;
સ્યાદ્વાદનય સાપેક્ષથી જે બૌદ્ધના ગ્રંથોવળી,
એવી અમારા વેદની છે માન્યતા નિશ્ચય ખરી.

સર્વજ્ઞ શ્રીમત્ કેવલી જ્ઞાની મહન્તો જે થયા,
તેનાં વચન જે સત્ય તે વેદો અપેક્ષાએ લહ્યા;
જે સત્ય નહિ તે વેદ નહિ પ્રામાણ્યતા જ્યાં ના ઠરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૪૯

શાસ્ત્રો ગમે તે ધર્મનાં વા પન્થનાં જે જે થયાં,
સવળા પડે તે જૈનને સમ્યકત્વસાપેક્ષા કર્યા;
સમ્યકત્વ વણ મિથ્યાત્વીને અવળીજ દષ્ટિ મન ઠરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૦

સર્વજ્ઞ આગમ પરિણમે જેના હૃદયમાં નયવડે,
તેને જ સાચું પરિણમે તે વેદ સાપેક્ષાબળે;
લાખો કરોડો જાતની સાપેક્ષદષ્ટિયો વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૧

ચારે નિખેપે વેદ છે વેદાન્ત ઉપનિષદો તથા,
અનુયોગ ચારે વેદ છે વ્યવહાર શુભ સઘળી કથા,
આગમથકી નોઆગમે છે વેદ, ભાવે સંવરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૨

સાચા હૃદયનાં બાળકો વેદો અમારા મન ગમ્યા,
જે તત્ત્વ શોધીને કરે, તે વેદ મારા મન ગમ્યા;
મુક્તિ મળે જે યોગથી તે વેદ શ્રદ્ધા મન રળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૩

જેથી મનુષ્યો સુખ લહે ને દુઃખ સર્વે જાય છે,
તે તે ઉપાયો વેદ છે જ્ઞાની હૃદયમાં ચ્હાય છે;
હોમાય નહિ જ્યાં દુ ખડાં તે વેદવાણી નહિ ઠરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૪

જે શબ્દ શોષક વેદીયા પૂરું ન ખાવાનું લહે,
તે શબ્દ રૂપી વેદની મોટાઈ ના દુનિયા કહે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્તર્ પ્રભુતા જાગતી તેથી જ વાણી નીકળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૫

વેદો અનાદિ કાલથી તીર્થંકરોની વાણીએ,
સહુ જાતની શિક્ષાભર્યા આચારથી મન આણીએ;
પ્રામાણ્ય સર્વોત્કૃષ્ટ છે નિરવદ્ય વાણી જય કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૬

સ્વતંત્ર સારાં હૃદય છે વેદો ખરા મન આણીએ,
દુઃખો ટળે પરતંત્રતા તે વેદ સાચા જાણીએ;
વિશ્વોન્નતિ શાન્તિ વિષે શુભ વેદ જ્યોતિ ઝળહળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૭

જેજે ભરેલા વેદ તેતેમારતા જગજીવને,
સમજણ પડે નહિ મૂર્ખને તેમજ વળી મહાકલિ બને;
જ્ઞાનોદધિ મૃતવેદને બાહિર્ કાઢે ( છાંળથી ) ઉછળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી; ૫૮

આ વિશ્વમાંહિ વેદના પર્યાય શબ્દો જે લહ્યા,
ભાષા ગમે તે જાતની પણ જ્ઞાનને કહેતા રહ્યા;
સમ્યગ્ થતા જ્યાં નિર્ણયો જાતા ન લોકો આથડી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૫૯

માનવ ગમે તે જાતના અધ્યાત્મજ્ઞાની જે અહો,
તે તે મનોહર વેદ છે સાપેક્ષદૃષ્ટ્યા મન લહો;
પૂર્વે અહો જે ભાસતું તે હાલ ભાસે છે વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૦

ઉપકારનાં સૂત્રો ભલાં તે શબ્દ વેદે શોભતાં,
એ શબ્દ વેદો વિશ્વમાંહિ સર્વનું મન થોભતાં;
ઉપકારની સહુ વૃત્તિયો છે વેદ શ્રદ્ધા પરવડી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૧

પ્રામાણ્ય વર્તન વેદ છે પ્રમાણ્ય વર્તન દેવતા,
પ્રામાણ્ય વર્તન પ્રગટતાં દેવો ચરણને સેવતા;
પ્રામાણ્ય વાદી વેદ છે જાણો નહીં બોલી ફરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામાદિ સર્વે વાસનાઓ જ્યાં નથી તે સિદ્ધ છે,
એ સિદ્ધની વાણી વિષે વેદો રહ્યા અવિરુદ્ધ છે;
આગ્રહ તજીને પક્ષનો જોશો જરા દિલ ઉતરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૩

વિરૂદ્ધતા નજરે પડે જ્યાં ત્યાં પરસ્પર દેખતાં,
જ્યાં ગ્રંથમાં ને બોલમાં પ્રશ્નરપણું ના પેખતાં;
જે જૂઠ નહિ તે વેદ છે ચમકો નહીં મન ખળભળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૪

જેથી ટળે છે રાગ ને દ્વેષ જ તથા મિથ્યામતિ,
તે વેદ શબ્દ બ્રહ્મ છે પ્રગટે સમાધિ જે છતી;
સહુ વાસનાઓ જે થકી ક્ષણ ક્ષણવિષે જાતી બળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૫

ઉત્તમ જીવનનાં શિક્ષણો તે વેદ વિદ્યા જાણવી,
ઉત્તમ જીવન પ્રગતિ કરે તે વેદ શ્રદ્ધા માનવી;
નીતિ જીવન જેથી વધે તે વેદ વિદ્યા ગુણ કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૬

નિર્દોષ જીવન જે કરે તે વેદ સાચા આદરો,
નિર્દય વિચારો જ્યાં ભર્યા તે વેદ જૂઠા પરિહરો;
નિર્દોષ વાણી વેદ છે અમૃતમયી ભાષા ભરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૭

દુઃખી હૃદયને ઠારવા આશીઃ નીકળતી વેદ છે,
બ્રહ્મોપયોગી વેદ જ્યાં ત્યાં લેશ પણ નહિ ખેદ છે;
બ્રહ્મોપયોગી યોગીને વંદુ નમું ચરણે પડી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૮

વેદો અનાદિ કાળથી આત્મપ્રદેશે છે ભર્યા,
આત્મા સ્વયં વેદો સહી વ્યક્તિએ તે પ્રગટે ધર્યા;
આત્માવિષે જે જ્ઞાનના તે ક્યાંય નહિ જોશો જરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૬૯

આત્માવિષે વેદો સકળ નિશ્ચય કરી પ્રગટાવવા,
જ્યાં આત્મજ્યોતિ ઝળહળે તે વેદ મનમાં ભાવવા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેદો નિહાળો આત્મમાં ચિન્તા વિકલ્પો સંહરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭૦

સત્તાથકી સહુ જીવમાં વેદો રહ્યા અનુભવ કરો,
સમજ્યા વિના શબ્દોવિષે ઝઘડા કરીને ક્યાં મરો;
જ્ઞાની હૃદયથી ઉઠતા તે શબ્દ વેદો લ્યો સુણી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭૧

જ્યાં વેદ એવું નામ છે તે વેદ નહિ સહુ જાતના,
પર્યાય શબ્દે વેદના વેદો ગ્રહો સહુ ભાતના;
અધ્યાત્મવિદ્યા જ્યાં ઘણી તે વેદ વિદ્યા મેં ગણી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭૨

પ્રભુએ કથ્યા વેદો ખરા તે વેદમાં હિંસા નહીં,
પશુ રક્ત જ્યાં પીવું કથ્યું તે વેદ નહિ માનો સહી;
સર્વજ્ઞનો દુશ્મન નહીં કો એજ સાચો છે ધણી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭૩

કૃતકર્મ જીવો ભોગવે સર્વજ્ઞ ભાખે છે ખરૂં,
સર્વજ્ઞ ભાષિત કર્મની વ્યાખ્યા હૃદયમાંહી ધરૂં;
કર્મો શુભાશુભ પ્રગટીને સુખ દુઃખ આપે હરઘડી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭૩

જ્યાં કર્મ ત્યાં અવતાર છે મરવુંજ કર્મે થાય છે,
અવતાર ઇશ્વરના કથે કર્મો રહ્યાં પરખાય છે;
કર્મો થકી જે મુક્ત તે છે સિદ્ધ વ્યક્તિ પરવડી;
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭૪

નોવેલ ગપ્પાં જ્યાં લખ્યાં ઇશ્વર વચન તે નહિ ખરે,
જ્યાં મોહ મિથ્યા વાસ છે તે નહિ પ્રભુ જાણો અરે;
ઇશ્વર વચન કહેવાય નહિ અજ્ઞાનના જ્યા બહુ ભરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭૬

સમભાવ વચનો વેદ છે એ વેદથી મુક્તિ મળે,
આધિ ઉપાધિ સહુ ટળે આનન્દની વેળા વળે;
સમભાવધારક વેદ છે પ્રણમુંજ તેને લળી લળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૭૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમતા સરલતાના વિચારો વેદ છે નિશ્ચય કહ્યું,
નિઃસ્વાર્થતા મન શુદ્ધતામાં વેદ હાર્દિજ મેં લહ્યું;
ચારિત્ર સંયમ વેદ છે સહુ વેદમાં શિરોમણિ,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ७८

ષટ્કાયરક્ષાકારકા અવધૂત મુનિયો જે દિસે,
લલનાપરિગ્રહ ત્યાગીની, પાસે ખરા વેદો વસે,
જે ઉન્મનીભાવે રહ્યા તે વેદ ઉપયોગી મણિ,
એવી અમારી વેદની છે, માન્યતા નિશ્ચય ખરી. ७९

રત્નત્રયીથી કર્મની સત્તા ટળે છે ભવ્યને,
જેના પ્રકાશે સજ્જનો કરતા રહે કર્તવ્યને;
એવું કથેલું વેદ છે નિશ્ચય જણાવું છું ભણી,
એવી અમારી વેદની છે, માન્યતા નિશ્ચય ખરી. ८०

આત્મા વિભુ ચેતન કહો કે બ્રહ્મ આદિ નામ જે,
બ્રહ્મા કહો હરિહર કહો અલ્લા ખુદા ગુણધામ જે;
પરબ્રહ્મ નારાયણ કહો સ્યાદ્વાદ સાપેક્ષા ધરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ८१

તીર્થંકરોની વાણીમાં પ્રભુ નામ સર્વ સમાય છે,
સાપેક્ષનયવચનોવિષે વેદો સમાઇ જાય છે;
શ્રદ્ધા અમારી તાદૃશી વ્યાપક વિચારો ઝળહળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ८२

જે વિશ્વવ્યાપક સદ્વિચારો વેદ તે વ્યાપક ભણ્યા,
સહુ જાતની ભાષાવિષે સહુ દેશમાં જાતા ગણ્યા;
માનો ખરા એ વેદને દિલ સત્ય વાતો નીકળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ८३

જ્યાં ત્યાંથી આવી ને ભળે સાગરવિષે નદીઓ સહુ,
સાગરવિષે નદીઓ રહી સરિતામાં સાગર કંઇ લહું;
શ્રી જૈન શાસનમાં રહ્યા છે વેદ વ્યાપક ઇશ્વરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ८४

વ્યવહારની શુભ રીતિયો તે વેદ સઘળા ધારવા,
સહુ દેશ ભાષા કાલમાં વેદો થતા અવધારવા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પશુ પક્ષી વૃક્ષો આદિમાં વેદો જીવંતા છે વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૮૫

આંખોથકી આંખો લડે વચનોવિષે ઝેરો વહે,
કાતી હૃદયમાં કારમી, વન્હિ ઘણી પ્રાણો દહે;
ત્યાં વેદ સાચા નહિ વસે ને સત્ય જાતું ઝટ ટળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૮૬

જૈનાગમો પ્રતિકુલ જે મિથ્યાત્વવર્ધકગ્રન્થ છે,
સાપેક્ષ વચનો વણ અહો સાવદ્ય તમનો પન્થ છે;
હિંસાદિ પાપો જ્યાં લખ્યાં તે વેદ સાચા છે નહીં,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૮૭

જૈનાગમો અવિરૂદ્ધ જે જે અન્ય ગ્રન્થોમાં રહ્યું,
સાપેક્ષદષ્ટયા માન્ય છે તે સદ્‌ગુરૂગમથી લહ્યું;
જે પુસ્તકોમાં ધર્મ નહિ મિથ્યાત્વ વાતો બહુ રહી,
તે માન્ય નહિ કયારે થતી અનુભવથકી જોશો સહી. ૮૮

સહુ દેશમાં સહુ કાલમાં સહુ જીવનું સારૂં કરે,
એવા ઉપાયો તે સકલ વેદો જ સાચા તે ખરે;
કલ્યાણની જે યોજનાઓ વેદ માન્યા વ્યવહરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૮૯

દિન સાથ રાત્રી જગ રહી પ્રતિપક્ષતા સર્વત્ર છે,
સાચાજ સાથે જૂઠ છે જ્યાં છત્રી છે ત્યાં છત્ર છે;
અન્વય અને વ્યતિરેકથી એ માન્યતા જગ સંચરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૦

સાચું વિવેકે ગ્રાહ્ય છે સાચા વિવેકે જાણશો,
મનમાં વિવેક જ લાવશો એ વેદ સાચો જાણશો;
શુભ સત્ય વૈદિક તત્ત્વ જે ગ્રહશો વિવેક પરવરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૧

શાસ્ત્રો કરોડો વાંચતાં માધ્યસ્થ્ય વણ કંઇ ના સરે,
સાચો વિવેક જ વેદ છે એ પામતાં સુખડાં મળે;
વ્યવહાર વેદો પામતાં પાશ્ચાત્ય દુનિયા સુધરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહાર નિશ્ચય વેદના મર્મો લહે કે જ્ઞાનીઓ,
ગુરૂગમ વિના કૂટાય છે ઝઘડા કરી અભિમાનીઓ;
અન્તર્ કરેલી ખોજ તેને વેદવિદ્યાઓ મળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૩

અધ્યાત્મ જ્ઞાનજ વેદ છે સહુ વેદના પણ અગ્રણી,
દ્રવ્યાનુયોગ જ વેદ છે વ્યવહાર વેદ શિરોમણિ;
સમજાય સાચું તે ગ્રહો કંકાસ મમતા પરિહરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૪

વિશ્વોન્નતિશાંતિ પ્રદા રાષ્ટ્રીય જે જે કાયદા,
વ્યવહારથી તે વેદ છે જેથી થતા જગ ફાયદા;
સ્વાતંત્ર્ય મળતું સર્વને ત્યાં વેદ વિદ્યાઓ ફળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૫

સ્વાશ્રયપણું તે વેદ છે શુભ ઇચ્છવું તે વેદ છે,
ધૃતિકીર્તિ કાન્તિ વેદ છે એ પામતાં નહિ ખેદ છે;
મમતા કદાગ્રહ ત્યાગીને સાચાવિષે જાવું ભળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૬

વ્યસનોવિષે નહિ વેદ છે સ્વાર્થોવિષે પણ જાણવું,
જ્યાં ન્યાય સાચો વર્તતો ત્યાં વેદ છે મન માનવું;
જ્યાં ન્યાય ત્યાં સહુ વેદ છે સમજો હૃદયમાં સંચરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૭

જે જે પ્રમાણિક માનવો તે વેદ છે જગ ચાલતા,
જે જીવતા જગમાં રહીને, વિશ્વ જીવ જીવાડતા;
જે લાંચ લેતા નહિ કદિ, ઉત્તમ જીવનને આચરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૯૮

નિર્દોષ મનકું વેદ છે સર્વે જીવોનું હિત ચહે,
પરમાર્થ માટે પ્રાણ દે તે વેદ સાચો જગ કહે;
પ્રાણો પડે પણ જૂઠ પક્ષોમાં ન જાતો જે ભળી,
એવી અમારી વેદની છે, માન્યતા નિશ્ચય ખરી. ૯૯

જે ભેદ ભાવ ધરે નહીં ને સર્વનું હિત આદરે,
મતભેદ નિન્દાદિક સહી અપકારીનું હિત આચરે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વેદમૂર્તિ જીવતી જે જાગતી જગ હિતકરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦૦

સાચા અમારા વેદ અનુભવ શિક્ષણો જે જે મળે,
સાચા અમારા વેદ તે છે દુઃખડાં જેથી ટળે;
સાચી અમારી વેદમૂર્ત્તિ વિશ્વમાંહિ કેવળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦૧

જ્યાં રાગ નહિ જ્યાં દ્વેષ નહિ જ્યાં વેદ કર્ત્તા તે ખરો,
તે વેદનો પ્રભુ છે ખરો એવા પ્રભુઓ અવતરો;
તે સત્યના સાગર પ્રભુ, અર્હન્ વિભુ બ્રહ્મા બળી,
એવી અમારી વેદની છે, માન્યતા નિશ્ચય ખરી. ૧૦૨

સામાજીકી પ્રગતિ કરે કલ્યાણ કરવા સર્વનું,
તેના હૃદયમાં વેદ છે, જ્યાં નામ નહિ છે ગર્વનું;
સહુ જીવના કલ્યાણમાં વૃત્તિ મઝાની હિત ભળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦૩

નિરવદ્ય પ્રભુની ભક્તિમાં સ્ફુરણા ઉઠે જે શિવકરી;
તે ભાવ વેદો છે સહી અધ્યાત્મભાવે જયકરી,
શક્તિ અનંતિ ખીલવે નિજ આત્મની વેગે વળી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦૪

જે આત્મભોગી મહાજનો, વેદો ખરા તે નવનવા,
તે વેદની છે મૂર્તિયો નિરવદ્ય ભાવે માનવા;
પ્રામાણ્યનીતિધારકોને વેદ વિદ્યા આવડી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦૫

નિક્ષેપ સાતે નયવડે ઉપદેશ તત્ત્વોનો થતો,
નિરપેક્ષ જૂઠા વાદનો સંહાર વેગે થઇ જતો;
તે વેદ વાણી નવનવી ઉપજે ઉપજશે જય કરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦૬

જગમાં અનન્તી દષ્ટિયો, સાપેક્ષ નયથી જે કહે,
સાપેક્ષથી નિશ્ચય કરી માધ્યસ્થ્યવૃત્તિએ વહે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જ્ઞાની સઘળા વેદનો માંગલ્ય મૂર્તિ જગવડી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦૭

આત્મા અનાદિ કાળથી, સૃષ્ટિ અનાદિ કાળથી,
ઇશ્વર અને કર્મો અનાદિ કાળથી સમજણ કથી;
ષટ્સ્થાન જ્ઞાની અનુભવે તે વેદ વિદ્યા મન ઠરી,
એવી અમારી વેદની છે માન્યતા નિશ્ચય ખરી. ૧૦૮

સર્વોન્નતિ શુભ જાતિની તે વેદ છે જ પ્રવૃત્તિથી,
સહુ કાલમાં એ માન્યતા, જોશો અનુભવ સહુમથી;
વિદ્યાપુરે સાપેક્ષ દૃષ્ટિએ ભલી રચના કરી,
શુભ બુદ્ધિસાગરસૂરિએ માંગલ્ય માલાઓ વરી. ૧૦૯

સં. ૧૯૭૨ ભાદ્રપદ શુકલ ૧ ૐ. શાન્તિઃ ૩

ઉપર પ્રમાણે લૈકિક લોકોત્તર વેદોનો અર્થ કરવો જોઇએ. અમુક વેદ શબ્દો ઇશ્વર તરફથી ઉતરી આવ્યા છે એવો કદાગ્રહથી અર્થ ન કરવો જોઇએ. વેદો રૂષિયો કૃત છે પણ ઇશ્વરકૃત નથી. દુનિયામાં ઋષિયો, મુનિયો, ત્યાગીઓ વા ગૃહસ્થીઓના જે જે વિચારો હોય તેમાં જે જે સત્ય છે તે વેદ જ છે. અમુક પુસ્તકોને વેદ તરીકે માનીને દૃષ્ટિરાગી બની અન્ય સત્ય વિચારવાળાં અને સદાચારવાળાં પુસ્તકોને વેદ તરીકે નહીં માનવાનો કદાગ્રહ ન કરવો. ઋષિ વેદ કાલ કરતાં હાલમાં અનેક સાયન્સ વિદ્યાદ્વારા શોધો થઇ છે માટે સાયન્સ વિદ્યા પણ પદાર્થ વિજ્ઞાનરૂપ વેદ છે એમ સ્વીકારવું જોઇએ. ભૂતકાલમાં જે જે જ્ઞાનીઓ થયા, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે તેઓ સ્વયંજીવતા વેદો છે વેદમૂર્તિયો છે અને તેઓના સદ્વિચારો અને સદાચારો વેદો છે. દુનિયાના સર્વ મનુષ્યોની સુખ શાંતિ જળવાઇ રહે એવા વિચારો અને આચારો ગમે તે પુસ્તકોમાં હોય પરંતુ તે પુસ્તકો તે દૃષ્ટિવાળા વેદો છે. પશુઓની પંખીઓની અને મનુષ્યોની હિંસા કરવી એવું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો ખરેખર હિંસક વેદો છે. દુનિયામાં પ્રવર્તતાં સર્વ ધર્મશાસ્ત્રોમાં જે જે સત્ય વિચારો હોય અને સદાચારો હોય તે સર્વ વેદો છે પણ વેદ એવા નામવાળાં શાસ્ત્રો જ માત્ર એકલાં વેદ જ છે એમ સંકુચિત દૃષ્ટિથી માની લેવું નહીં. કોઇ કાલમાં, કોઇ ક્ષેત્રમાં કોઇ જ્ઞાની થાય અને તે કહે તે સત્ય તરીકે સમજાય તેટલું વેદત્વ છે—જે જે સત્યના અંશો અવબોધાય છે તે વેદો છે. જૂના કરોડો વર્ષના ગ્રન્થો હોય વા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં બનેલા ગ્રન્થો હોય પરંતુ તેમાં જેટલું સત્ય છે તેટલા અંશે તે વેદ છે. સત્યજ્ઞાન સર્વત્ર વિશ્વમાં રહ્યું છે તેનો કંઇ ઇજારો નથી કે તે અમુક પુસ્તકોમાં જ હોય અને અન્ય પુસ્તકોમાં ન હોય. વેદોમાં સર્વ ભર્યું છે એમ બોલનારા બ્રાહ્મણો કરતાં અંગ્રેજોએ વગેરે પાશ્ચાત્ય મનુષ્યોએ પોતાના આત્મામાંથી સત્ય વેદ રૂપ શોધી ખોળી કાઢયું અને તેથી સર્વ વિશ્વમાં તેઓએ જણાવી આપ્યું છે કે આત્મામાં અનંત જ્ઞાન છે. આત્મામાંથી સર્વ વેદોરૂપ સત્યો નીકળે છે માટે આત્મા છે તેજ સર્વ વેદોનું મૂળ છે. અને તે આત્માઓ રૂપ મનુષ્યો હોવાથી તેઓએ પોતાના આત્મામાંથી નવ નવં જ્ઞાન રૂપ વેદો પ્રકટાવવા જોઇએ. અમુક પુસ્તકો જ ઇશ્વર તરફથી નિર્માણ થયાં છે એમ અંધશ્રદ્ધા નહીં ધારણ કરતાં જે જે પુસ્તકોમાં જે જે અંશે સત્ય દેખાય છે તે આત્મારૂપ ઇશ્વરનું સત્ય માની લેવું જોઇએ. અનંતા વેદો ભૂતકાલમાં થયા અને વર્તમાન કાલમાં જે છે તથા ભવિષ્યમાં જે થશે તે સર્વનું મૂળ આત્મા છે. આત્મા વિના અક્ષરાત્મક કરોડો વેદોનો કોઇને અનુભવ થતો નથી. જેથી વર્તમાન કાલમાં આત્માની ઉન્નતિ થાય તે વેદ છે. પછી ભલે ગમે તે નામથી પ્રસિદ્ધ હોય, તે ઉપર કંઇ જોવાનું નથી. સત્ય વિચારક મનુષ્યો જીવતા વેદો છે. જીવતા વેદોરૂપ જ્ઞાનીઓ પાસેથી જે મળે છે તે અન્ય પાસેથી મળતું નથી. પુણ્ય શુભ ધર્મના વિચારકો અને તેના પ્રવર્તકો શુભ પુણ્યરૂપ વેદો છે. બ્રહ્મ સ્વરૂપના વિચારકો જીવતા બ્રહ્મ વેદો છે. સર્વ પ્રકારના જેટલા વિચારો છે તે વેદો છે. પ્રાચીન કાલના ધર્મો સત્ય છે અને હાલના અસત્ય છે એવો કંઇ નિયમ નથી. કારણ કે સત્ય તો ભૂતકાલમાં, વર્તમાનમાં અને ભવિષ્યમાં પ્રગટયું, પ્રગટે છે અને પ્રગટશે. દેશ, સંઘ, સમાજ, કુટુંબ આદિની સર્વ પ્રકારની શુભોન્નતિયો કરવાના વિચારોમાં અને આચારોમાં સામાજિક વેદો રહેલા છે. વ્યાવહારિક શાસ્ત્રોમાં અને ધર્મશાસ્ત્રોમાં જે જે અપેક્ષાએ જે જે અંશે સત્ય છે તે તે અંશે તે વેદ રૂપ અર્થાત્ જ્ઞાનરૂપ છે. જ્ઞાનને વેદ કહેવામાં આવે છે. સર્વ પ્રકારના જ્ઞાનને સર્વ પ્રકારના વેદ રૂપ જાણવું. સર્વ પ્રકારના વેદોમાં આત્મજ્ઞાન રૂપ વેદ મુખ્ય જાણવો. જ્ઞાનીઓ, ધ્યાનીઓ, યોગીઓ પ્રોફેસરો જે કંઇ સત્ય શોધીને જણાવે છે અને જે સત્ય અનુભવમાં આવે છે તે સત્ય વેદો જાણવા. અમુક પુસ્તકમાં સર્વ સત્ય ભર્યું છે એવું એકાંતે માની અન્ય પુસ્તકોમાંના સત્યોનો ઉચ્છેદ ન કરવો જોઇએ. વિચારો અને આચારોની પેઠે સત્ય જ્ઞાનના અનેક આકારો પ્રગટયા પ્રગટે છે, અને પ્રગટશે તેમાં કાંઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશ્ચર્ય નથી. અદૃશ્ય તત્ત્વોની વ્યાખ્યામાં જેટલા અંશે તેનો અનુભવ સત્ય જણાય તેટલા અંશે તેની સત્યતા રૂપ વેદતા સ્વીકારવી. વેદોમાં, ઉપનિષદોમાં આગમોમાં જે જે અંશે જે જે સત્ય જણાય તેનો દરેક મનુષ્યે સ્વીકાર કરવો પણ મતપક્ષકદાગ્રહદૃષ્ટિથી સત્યનો અપલાપ ન કરવો જોઇએ. આત્માનું જ્ઞાન અને આત્માનો સત્યાનંદ એ મહાન્ વેદ છે. આત્માની જીવંત શક્તિયો પ્રાપ્ત કરવી તે જીવતા વેદો છે. જેનામાં આત્માની શક્તિયો પ્રગટાવવાની શક્તિયો નથી તે મૃતવેદો કરતાં જીવતા વેદો જે જે કાલે જે જે ક્ષેત્રે હોય છે તે તે અનંતગુણા ઉત્તમ હોય છે. ગમે તે નામથી પુસ્તકો સંબોધાતાં હોય પરંતુ તેમાં રહેલું સત્ય ખાસ જાણવું જોઇએ. દેશની, કોમની, સંઘની, સમાજની, આદિ સર્વની રક્ષા ઉન્નતિ પ્રગતિ જે જે પુસ્તકોથી વિચારોથી પ્રવૃત્તિયોથી થાય તે તે વેદ છે એમ વેદનો વ્યાપક અર્થ ગ્રહવો જોઇએ. વેદના કાવ્યમાં વિશાલ દૃષ્ટિથી જે જે વિચારો જણાવ્યા છે તે તે વિચારો પ્રમાણે વેદો વગેરે ધર્મશાસ્ત્રોની અમારી માન્યતા છે. કોઇ શાસ્ત્ર પર રાગ વા કોઇ શાસ્ત્ર પર દ્વેષ નથી. મનુષ્યોના જ્ઞાનબળે શાસ્ત્રો પ્રકટ થયાં છે તેમાંથી સત્ય ગ્રહણ કરવું પરંતુ પક્ષપાત ધારણ કરવો નહીં. અપેક્ષાએ વેદો પૌરૂષેય છે અને અપેક્ષાએ વેદો અપૌરૂષેય છે એમ અપેક્ષાએ વિચારાય છે. શબ્દોત્પત્તિની અપેક્ષાએ વેદો પૌરૂષેય છે અને અનાદિ જ્ઞાનની અપેક્ષાએ વેદો અપૌરૂષેય છે. ઇત્યાદિ અનેક અપેક્ષાઓએ સમજવું. અનેક નય દૃષ્ટિયોને વેદો કહેવામાં આવે છે. અનેકાન્ત વાદ રૂપ વેદ જ્ઞાનથી સર્વ વેદોનું સત્ય સ્વરૂપ સમજાય છે. ઇત્યાદિ વેદ માન્યતા સંબંધી સમજવું.

વેદોમાં જે કંઇ દેવો-સમાજ વગેરેને માટે ઉપયોગી સત્ય છે તે ગ્રાહ્ય છે. ઉપનિષદો, પુરાણો, બાઇબલ, કોરાન, તૌરાત, પારસીઓના ધર્મગ્રન્થો અને બૌદ્ધોના ધર્મગ્રન્થોમાં આત્માનું જે સ્વરૂપ પ્રતિપાદન કર્યું હોય તેનો મધ્યસ્થ ભાવે સત્ય દૃષ્ટિથી સાર ખેંચવો જોઇએ. સર્વદર્શનોમાં આત્માનું અને પરમાત્માનું સ્વરૂપ વર્ણવ્યું છે, પરંતુ તેમાં પરસ્પર જે વિરોધ દેખાય છે તેને સાપેક્ષ દૃષ્ટિએ ટાળનાર અને સર્વ દર્શનોને પરસ્પર સાપેક્ષભાવે સંબંધિત કરનાર જૈનદર્શન છે. જૈનદર્શનમાં ત્રણ પ્રકારના આત્માઓનું વર્ણન કરવામાં આવ્યું છે. બૌદ્ધના ક્ષણિક આત્મવાદને, વેદાન્તના નિત્ય આત્મવાદ સાથે જોડી દેવામાં આવ્યો છે. ખરૂં કહીએ તો શ્રી મહાવીર પ્રભુએ સર્વદર્શનો રૂપ દૃષ્ટિયોમાં એકાંતે થતા દોષોનો ઉદ્ધાર કરવા માટે જૈનધર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વોનો ઉદ્ધાર કરેલો છે. અનંતઆકાશની પેઠે શ્રી મહાવીરપ્રભુ કથિત જૈન દર્શન વિશાળ છે. તેમાં જેઓ સાંકડી દૃષ્ટિ ધારણ કરે છે તે શ્રી મહાવીર પ્રભુના સત્યધર્મની નજીક આવી શકયા નથી. શ્રી શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વ્યાસ વગેરે વિદ્વાનોએ પોતપોતાના સિદ્ધાંતોની પુષ્ટિ કરી છે, અને અન્ય ધર્મોનું ખંડન કર્યું છે, પરંતુ તેમ કરવા જતાં સાપેક્ષ દૃષ્ટિની વિશાળતા વિના અન્ય ધર્મોનાં સત્યતત્ત્વોને કચરી નાખ્યાં છે તેથી ભારત દેશની અધ્યાત્મતત્ત્વ વિદ્યાને હાનિ પહોંચી છે. ગમે તે ધર્મનો માનનાર હોય પરંતુ તેણે અન્ય ધર્મનાં સત્યો ઉપર ઢાંક પિછોડો ન કરવો જોઇએ. જૈનધર્મના તીર્થંકર મહાવીર પ્રભુએ વેદાદિમાં જે જે સત્ય વિચારો કહેલા હતા તેને અપેક્ષાએ સમજાવવા પ્રયત્ન કર્યો હતો પરંતુ અવિદ્યાના કાલમાં ધર્માંધતા વધવાથી ખરાબ પરિણામ આવ્યું. સર્વ દેશોના લોકો હવે સત્ય શોધવા લાગ્યા છે. ઇશ્વર, આત્મા, કર્મ વગેરે તત્ત્વોની માન્યતાઓ સંબંધી સત્ય શોધવા મધ્યસ્થપણે કેટલાક વિદ્વાનો પ્રયત્ન કરે છે. હવે શ્રી મહાવીર પ્રભુએ દર્શાવેલ સાપેક્ષ દૃષ્ટિયોને લોકો વિદ્વાનો માન આપવા લાગ્યા છે. મ્હારૂં તે સાચું નહીં પરંતુ સાચું તે મ્હારૂં એવા સદ્વિચારો રૂપી મહાવીર પ્રભુના સિદ્ધાંતોનો પ્રચાર થવા લાગ્યો છે. બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા એ ત્રણ પ્રકારની આત્માની દશાનો અનુભવ કરવા પ્રયત્ન થવા લાગ્યા છે. મિથ્યાત્વ મોહ વગેરે યુક્ત તે બહિરાત્મા. આત્મામાં આત્મત્વ દેખાડનાર અન્તરાત્મા, આત્માની પૂર્ણ શુદ્ધતા તે પરમાત્મતા. એમ ત્રણ પ્રકારે આત્માનું સ્વરૂપ જૈનશાસ્ત્રોમાં દર્શાવવામાં આવ્યું છે. અવિદ્યાને મિથ્યાત્વ કહેવામાં આવે છે. માયાને કર્મ કહેવામાં આવે છે. માયાના પતિને આત્મા શંભુ કહેવામાં આવે છે. આત્માને ઉપાધિ ભેદે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર કહેવામાં આવે છે. સર્વજીવોના સમૂહને-સમષ્ટિને વૈરાટ્ ભગવાન્ કહેવામાં આવે છે. સર્વ પ્રકારના તૈજસયુકત શરીર સમૂહને હિરણ્યગર્ભ કહેવામાં આવે છે. આ પ્રમાણે વેદાંન્ત પરિભાષાઓને જૈન પરિભાષા સાથે સરખાવીને સત્ય ગ્રહણ કરવામાં આવે તો પરસ્પરમાં ઘણું સામ્ય અને છેવટે મુકિતરૂપ ધ્યેયને પ્રાપ્ત કરવામાં સત્ય સમભાવને પ્રાપ્ત કરવામાં આવે છે. પરમાર્થવૃત્તિએ પ્રવૃત્તિ કરવી અને અશુભ રાગદ્વેષનો ત્યાગ કરી સ્વાધિકારે કર્મ કરવામાં ઉપર્યુક્ત આત્મતત્ત્વનું જ્ઞાન અત્યંત ઉપયોગી છે. સર્વ દર્શનના શાસ્ત્રોવડે આત્માનું સાપેક્ષ દૃષ્ટિએ જ્ઞાન કરીને ખરા કર્મયોગી બની મોક્ષ માર્ગ આરાધવો એજ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખાણનો સાર છે. વ્યાપક વિશાળ મધ્યસ્થ દૃષ્ટિ પ્રાપ્ત કરવાને અને આત્મ સ્વરૂપ જાણવા માટે ઉપર્યુક્ત લખાણ લખવામાં આવ્યું છે. સર્વ ધર્મના મનુષ્યો પર સમભાવ આવ્યા વિના તથા શુભાશુભ માન્યતાઓ પર પણ સમભાવ આવ્યા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. છેવટે શુભાશુભ કલ્પનાઓ અને ધર્માધર્મ ઉપર પણ સમભાવ આવ્યા વિના મુક્ત દશા પ્રાપ્ત થઇ શકતી નથી એમ જૈન શાસ્ત્રો અને વેદાન્ત શાસ્ત્રોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે માટે રજોગુણ, તમોગુણ અને સત્વગુણની પેલીપાર જે શુદ્ધ બ્રહ્મ, પરમાત્મસિદ્ધ પદ છે તેને પ્રાપ્ત કરવા માટે ખાસ લક્ષ્ય ખેંચવું જોઇએ અને વિશાળ દૃષ્ટિથી સત્વગુણ પ્રાપ્ત કરી શુદ્ધ બ્રહ્મમય બનવું જોઇએ એજ સર્વ શાસ્ત્રોરૂપ ગાયોના દોહવાથકી નીકળેલા દુગ્ધના સારરૂપ ઘૃતને મેળવવું જોઇએ. ઘીને પ્રાપ્ત કરવું જોઇએ પણ કાળી ધોળી ગાય ભેંસની તકરાર કરીને ઘૃતને ન ભૂલવું જોઇએ. સર્વ ધર્મનો સાર એ છે કે તેમાં દર્શાવેલા ઉપાયોવડે આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરવી જોઇએ. અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરીને આત્માનું સ્વરૂપ અનુભવવું જોઇએ. ધર્મશાસ્ત્રોમાં વાદંવાદા, મમતા, ક્લેશ કરીને હવે દુનિયાને પાછી અજ્ઞાનરૂપ અંધકારમાં ન ધકેલવી જોઇએ. શ્રી મહાવીર પ્રભુના સત્ય સિદ્ધાંતો ઉપર પ્રમાણે છે તેમાં ફેલાવવાનો હવે વખત આવી પહોંચ્યો છે. તેવા સિદ્ધાંતોને ગ્રહણ કરીને ચાલનાર, ખ્રીસ્તિ હોય, મુસલમાન હોય, હિંદુ હોય, જૈન હોય, વેદાન્તી હોય, વા બૌદ્ધ ધર્મી હોય, પારસી હોય તો પણ તે સામ્ય ભાવે કર્મયોગ આચરીને અર્થાત્ સંસારમાં જલપંકજવત્ નિર્લેપ રહીને મુક્ત દશાને પ્રાપ્ત કરે છે. ગૃહી હોય વા ત્યાગી હોય પરંતુ તે ઉપર્યુક્ત દશાને પ્રાપ્ત કરી કર્મયોગી બની પરમાર્થનાં કાર્યો કરી મુક્ત બને છે. શાસ્ત્રોના કહેવા પ્રમાણે આત્મદશા પ્રાપ્ત કરવાથી મુક્તિ મળે છે પરંતુ શાસ્ત્રોને માનવા માત્રથી મુક્તિ થતી નથી. લકીરકી ફકીર ન બનવું જોઇએ. પરંતુ સત્યના ઉપાસક બની કર્મયોગી થઇ જૈન નામનું સાર્થકય કરવું જોઇએ. કોઇ ધર્મના સ્થાપક ઉપર અમને દ્વેષ નથી. શંકરાચાર્ય, રામાનુજ, મહમદ પયગંબર, જરથોસ્ત, ઇશુક્રાઇસ્ટ, બુદ્ધ વ્યાસ, કબીર, વલ્લભાચાર્ય, શ્રી મહાવીરપ્રભુ વગેરેના ગુણો ઉપર અમને રાગ છે. કોઇના સિદ્ધાંતોપર વા કોઇ ધર્મસ્થાપક વ્યક્તિપર દ્વેષ નથી, પરંતુ કોઇ શંકરાચાર્ય વગેરેએ જૈનધર્મનું અયોગ્ય રીતિએ ખંડન કરવા પ્રયત્ન કર્યો હોય તો મારી દૃષ્ટિ પ્રમાણે તેનો સત્ય દૃષ્ટિએ જવાબ આપવા પ્રયત્ન કરેલ છે તેમાં દ્વેષભાવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. શ્રી શંકરાચાર્યને સુજ્યું તે જેમ શંકરાચાર્યે જણાવ્યું છે તેમ અમને પ્રત્યુત્તરમાં સમજાયું તે અમે જણાવ્યું છે તેથી શંકરાચાર્યે જે જૈન તત્ત્વોથી અવિરૂદ્ધપણે વૈરાગ્યાદિ ગુણો માટે જે લખ્યું તે કંઈ એકાંતે અમાન્ય નથી, પરંતુ સાપેક્ષપણે માન્ય છે. ધર્મના ઝઘડાઓ થાય છે ત્યારે આચાર્યો રજોગુણાદિ પ્રકૃતિવશ થઇ સત્યને પણ અસત્ય તરીકે મનાવવા હજારો યુક્તિયો કરે છે. એવું પ્રાયઃ ખંડન મંડનમાં ઉતરેલ આચાર્યો વિદ્વાનોના ગ્રન્થોમાં જોવામાં આવે છે, માટે મુમુક્ષોએ શ્રી મહાવીર પ્રભુએ ઉપદેશેલ માર્ગને પ્રાપ્ત કરી સત્ય ગ્રહવા પ્રયત્ન કરવો જોઇએ. જૈન શાસ્ત્રોમાં જૈનાગમોમાં વ્યાપ્ત શ્રી મહાવીર પ્રભુના બોધને પરિપૂર્ણ વાંચી તેનો પૂર્ણ અનુભવ જે વિદ્વાનો કરે છે તે કદિ પક્ષપાતના માર્ગનું અવલંબન કરતા નથી. જૈનધર્મમાં પણ સંપ્રદાય ભેદે અનેક ભેદ પડયા છે તેમાં મૂલ તત્ત્વ માર્ગ તરફ લક્ષ્ય દેવું જોઇએ. અને વિવાદમાં પડી મનોવૃત્તિને સલેપ કરી કર્મયોગથી ભ્રષ્ટ ન થવું જોઇએ, ધર્મના આચારવિચારો ના ભેદે ક્લેશ, ટંટા, સ્વાર્થ, ઝઘડા, યુદ્ધો કરીને દુનિયાની પાયમાલી ન કરવી જોઇએ. ન્યાયધર્મ માર્ગથી ભ્રષ્ટ ન થવું જોઇએ. શુદ્ધ પ્રેમ, ભક્તિ સેવા, કર્મ, જ્ઞાન વગેરેથી હૃદયની શુદ્ધતા ઉચ્ચતા કરીને આત્મતત્ત્વની શુદ્ધતા પ્રાપ્ત કરવી જોઇએ. હિંદુધર્મનાં પુસ્તકો વાંચો, ખ્રીસ્તિ ધર્મનાં પુસ્તકો વાંચો, બૌદ્ધ, મુસલમાન, પારસી, જૈન વગેરે ગમે તે ધર્મનાં પુસ્તકો વાંચો પણ આત્માની શુદ્ધિ થાય, સદ્ગુણો પ્રાપ્ત થાય તે તરફ ખાસ લક્ષ્ય રાખો એજ અમારી માન્યતા છે તે પ્રમાણે વર્તીને મોક્ષપદને પ્રાપ્ત કરો. સાપેક્ષાઓનો વિચાર કર્યા વિના અને મધ્યસ્થભાવ ધારણ કર્યા વિના સત્ય ધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી. સર્વ ધર્મોનો આત્મામાં અંતર્ભાવ થાય છે. માટે આત્મામાં સર્વ પ્રકારની વૃત્તિઓને નિમગ્ન કરવી જોઇએ. આત્મજ્ઞાન થયા વિના ભેદભાવ સંકીર્ણદૃષ્ટિ વગેરેનો નાશ થવાનો નથી માટે શાસ્ત્રોના આધારે આત્મતત્ત્વ સમજાવવા પ્રયત્ન કરેલ છે. જૈનાગમો, વેદાન્ત ગ્રંથો વગેરેનું નિષ્પક્ષપાત ભાવે અનુભવ વાચન કરવું અને કર્તાના આશયો તથા તેણે કયાં સુધી અનુભવ કર્યો છે તેનો પોતે જાતે ઉંડા આત્મામાં ઉતરીને અનુભવ કરવો. આ દુનિયામાં ધર્મપુસ્તકોનો, ઔષધીઓ-દવાની પેઠે પાર નથી, જેનાથી રાગદ્વેષની વૃત્તિઓ ટળે અને આત્માનો આનંદ પ્રાપ્ત થાય એવાં ધર્મ પુસ્તકોનું અવલંબન લેઇ આત્મામાં તે પુસ્તકોને પરિણમાવવાં અને પછી કર્મયોગી જ્ઞાની બની કર્તવ્ય કર્મો કરવાં અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છેવટે નિવૃત્તિ પદ પ્રાપ્ત કરવું. ધર્મના વિચારો પણ જેમ જેમ અનુભવ થાય છે તેમ તેમ બદલાતા જાય છે એ પ્રમાણે અમને અનુભવાય છે અને ઉદાર ધર્મભાવનાની વિશાળદષ્ટિ ખીલે છે તેથી પૂર્વે કરેલા સાંકડા વિચારોમાં અલ્પ સત્ય જણાય છે. આ પ્રમાણે એક અવતારમાં વા અનેક અવતારમાં વિચારોના ક્રમો બદલાતા જાય છે અને આત્માનો પૂર્ણ અનુભવ પ્રાપ્ત કરીને આત્મા પૂર્ણ શુદ્ધ બુદ્ધ મુક્ત થાય છે માટે અદશ્ય અરૂપી આત્માનો અનુભવ પ્રાપ્ત કરવા ઉપર લક્ષ્ય દેવું અને જે બાબતો અનુભવગમ્ય ન થાય તેના વાદવિવાદમાં ન ઉતરતાં જે કાલે જે સત્ય માર્ગે વહન કરવું એ જૈનમાર્ગ છે એમ સર્વ મનુષ્યોએ સમજવું.

ઉપર પ્રમાણે કથિત બોધને ભવ્ય મનુષ્યો હૃદયમાં ઉતારો. શ્રી મહાવીર પ્રભુના અને ગુરૂના ભકતો બની કર્મજ્ઞાન યોગી બનો ગમે તે ધર્મી હોવ પરંતુ તમે આત્માની શુદ્ધતા તરફ લક્ષ રાખો. આત્મામાં મનોવૃત્તિને રમાવી આસક્તિયોનો નાશ કરો એટલે તમારો આત્મા તમને પ્રભુની પેઠે સત્ય બતાવ્યા કરશે. **अप्पा सो परमप्पा** આત્મા તેજ પરમાત્મા છે. પશુમાંથી દેવ થઇ શકાય છે. સર્વ બ્રહ્માંડોનો અધિપતિ આત્મા છે માટે સર્વ પ્રકારની આત્માની શકિતયોનો વિકાસ કરી કર્મયોગી બનો. મન, વાણી અને કાયા એ આત્માનાં શસ્ત્રો છે તેનો જેવો ઉપયોગ કરવો હોય તેવો કરી શકાય છે અને અશુભ રાગદ્વેષથી દૂર રહી નિર્લેપ પણ પરમાર્થ કાર્યો કરી શકાય છે એવો અનુભવ છેવટે જ્ઞાનીઓને આવ્યા વિના રહેતો નથી, માટે એકાંત સ્થાનમાં ધ્યાન ધરી આત્મામાં તેવા ગુણોએ પરિણમીને જ્ઞાનયોગી, કર્મયોગી, ભક્ત યોગી બનો અને અસ્મદીય કર્મયોગ ગ્રન્થમાં લખેલા ગુણોને પ્રાપ્ત કરી કર્મયોગીઓ બનીને માનવો !!! તમે આત્માનંદને પ્રાપ્ત કરો સર્વ પ્રકારની મંગળમાલા પ્રાપ્ત કરો. સર્વત્ર આત્મશક્તિયોને વિસ્તારો અધ્યાત્મજ્ઞાની બની પરમ સુખના ભોક્તા થાઓ અને દુનિયાને સ્વર્ગમય બનાવો એવો શ્રી મહાવીર પ્રભુનો સર્વ મનુષ્યોને ઉપદેશ છે તેના પ્રચાર માટે અનેક મહાત્માઓ પ્રગટો અને વિશ્વનો ઉદ્ધાર થાઓ.

સં. ૧૯૭૩. આસો વદિ ૧૦. મુ. પેથાપુર. ચાતુર્માસ.

**ॐ अर्हंशान्तिः ३**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only